સુરવીર

છેલની-વાર્તા.

રચનાર

વ્યાસજી ચુનીલાલ ગોવીંદરામ પંડ્યા.



પ્રસિદ્ધ કરતા.

ઠક્કર લલ્લુભાઇ ફકીરભાઇ ભજીગ્રાવાળા.

ગીતી.

પરમ પ્રીય આ વાણી, સેગાણી વાંચોને ઉમંગે;
પલક ન અળગી ધરસો, છેલ વાર્તા રાખોને સંગે.

અમદાવાદ.

આ ડીગ્નાચો શ્રી જગદીશ્વર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યો છે.

સંવત ૧૯૬૨. સને ૧૯૦૬.

કીંમત રૂ. ૨-૦-૦.

શ્રી.

શૂરવીર

છેલની વાર્ત્તા.

કેટલાંક રસીક અને રમુજી ગાયનો સાથે.

રચનાર

વ્યાસજી ચુનીલાલ ગોવિંદરામ.

ઠેકાણું:—વડોદરા, સુલતાન પુરા.

પ્રસિદ્ધકર્ત્તા,

ઠક્કર લલ્લુભાઇ ફકીરભાઇ.

ઠેકાણું:-વડોદરા લીમડીચોક અને સુરત લીમડીચોક

ગીતિ

પરમ પ્રિય આ વાણી, સેલાણી વાંચોને ઉમંગે;
પલક ન અળગી ધરશો, છેલ વાર્ત્તા રાખો ને સંગે.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

કીંમત રૂ. ૨) બે રૂપિયા.

શૂરવીર

છેલની વાર્તા.

રાગ " જસ જગદીશના ગાને, સમજ મન જ૦ "

પુજન પ્રેમે કરીયે, ગજાનન પુજન પ્રેમે કરીયે.
આ ભવ સાગર, પાર ઊતરવા, નીશદીન ધ્યાનજ ધરીયે; ગજા.
સાય થજો તમે મારી ગજાનન, તો પદ બંધ ઉચરીયે; ગજા.
આદ્ય કામમાં આદ્ય તમે છો, નામ તમારાને વરીયે; ગજા.
મલીન મતી મારી કાપો, કૃપાનિધી આપ ફેરવો ત્યાંજ ફરીયે; ગજા.
દાસ ચુનીલાલ કહે કર જોડી, ગ્રંથ કૃપાએ આદરીયે; ગજા.

સરસ્વતી સ્તુતિ.

છંદ સાર્દુલવિક્રીડીત.

તું છે માત વિક્ષાત આ જગતમાં, દેને મને સન્મતિ,
બ્રહ્માની તનયા તમે દુઃખ સને કરજો કૃપા સરસ્વતિ;
જે આ જગમાં કવી થયા તુજ દયા તેથી નમું આપને,
જાપું છું તુજ જાપ હું નીશદીને કષ્ટો શહુ કાપને.

ઇષ્ટદેવ સ્તુતિ.

શિખરણી વૃત.

આરાધું ઇષ્ટદેવને દુખહુરા, કાપો સઉ કષ્ટ તો;
તાપો દુર કરો તમે મમતણા, રાખો અમીદ્રષ્ટતો.
વંદન છે ગુરૂ જનને ખરૂં કહું, સેવું સદા ચર્ણ તો,
પામર પુત્ર ગણી મુને કહું તુને રાખો સદા શર્ણુ તો.

રાગ ચોપાઈ.

સાંભળો શ્રોતા રાખી મન, સાય થાય જો જુગજીવંન;
છેલ તણી તો વાતજ કહું, અજ્ઞાની હું કાંઈ નવ લહું.
ગુર્જર ખંડમાં દીલ્હી શહેર, જયાં છે સર્વ લીલાલ્હેર,
કુળ પાંડવની ગાદી એહ, તેનો ટાળું સઉ સંદેહ.
શોભા કેતાં નાવે પાર, સાંભળો સહુ નરને નાર:
ઘેર ઘેર ઓચ્છવ બહુ થાય, રાજ્ય કરે યુધિષ્ઠીર રાય.
પાંચ ભાઈની જોડી એહ, જોત્રાના છે જુદા દેહ;
કૌરવ પાંડવ પિત્રાઇ ભાઇ, કૌરવ મુવા પાણીપત માંહી.
સો બંધુનું મૃત્યુ થયું, રાજા ધર્મે મનમાં લહ્યું;
પાપી પેટને માટે આજ, કર્યું કૃતઘ્ની કેરૂં કાજ.
આ કળીયુગમાં રે'વું કેમ, નહિ સચવાયે મારો નેમ;
ધીક પડયો મારો અવતાર, મેં સઉ માર્યો છે પરીવાર.
એ પ્રાયશ્ચીતથી છુટું હુંય, એવું કામ કરૂં હું શુંય;
એવે આવ્યા વેદ વ્યાસ, રાજા ચીન્તા કરને નાસ.
પેટ માટે આલમ દુનિયાય, જયાં ન જવાનું હોય ત્યાં જાય;
પેટે માણુસ સેવે છે ભાર, પેટે વેચે ઘરની નાર.
માટે સાંભળ રાજા ધર્મ, નહિ એ નઅળાં ત્હારાં કર્મ;
ધર્મ કહે મને સંદેહ થાય, કેમ કરી એ પ્રાશ્ચીત જાય.
વ્યાસ કહે મન રાખો મગ્ન, કરવો પડશે તારે યગ્ન;
અશ્વમેધ છે તેનું નામ, એ આરંભી બેસો કામ.
એવું કહીને વ્યાસજ ગયા, કરવા કામ સઉ તત્પર થયા;
યજ્ઞ કરી પરવાર્યા સર્વ, ત્યારે દીન જાય ઉતમ પર્વ.
પછી કળીયુગની કીરતિ વધી, જાણે ઉભરાયો ઉદધી;
જયાં ત્યાં અઘટીત કર્મો થાય, તે રાજાથી ના સે'વાય
નહિ રેવું આ પૃથ્વી માંય, ઉપાય શોધી કાડો કાંય;
અભેમન્યુંનો પરીક્ષીત બાળ, તેને જોઈને ગઈ છે ફાળ.
શુભ મુહૂર્ત્ત જોઇ કર્યો વીવેક, કીધો તેને પટાભીષેક;
રાજયનીતિ સમજાવી સર્વ, તજજો બેટા મનનો ગર્વ.

જઈ હીમાળે ગાળ્યો દેહ, સંભળાવ્યું મેં સઉને તેહ;
રાજ્ય કરે છે પરીક્ષીત પુત્ર, શોભી ઉઠયું છે ઘર સુત્ર.
જનમેજય સુત તેનો થયો, પરીક્ષીતનો ખેદજ ગયો;
તેની પાછળ જનમ્યા ઘણા, રાજાઓની નવ રહી મણા.
એવે બાદશાહ તુરકસ્તાન, સેન લઈ થાતો સાવધાન;
દીલ્હી પાછળ ઘેરો કરી, હસ્તીનાપુર લીધું હરી.
બાબર બાદશાહ તેમાં એક, તખ્તે બેઠો રાખી ટેક;
નાસરૂદીન તેનો છે તંન, તેને આપ્યું રાજ્યાસન.
તેનો વળી છે જલ્લાલ્લુદીન, તેમાં ચક્રવૃતિનાં ચીન્હ;
તેનો સુત અકબર છે એક, તેનો જગમાં કેવો ટેક.
જ્યાં ત્યાં જગમાં એનું નામ, કરતો જાતે ઉત્તમ કામ;
ચોદ વીદ્યા ગુણ ચતુર સુજાણ, ગુર્જર ખંડમાં એની આણ.
એના રાજ્યમાં સુખ અપાર, પ્રજા સુવે ઉઘાડે બાર;
ચોર કરમ ત્યાં તો નવ થાય, સઉને સરખો આપે ન્યાય.
અનીતિયે નવ પગલું ભરે, નીચાં કર્મ કોઇએ નવ કરે;
એના પ્રાક્રમથી સઉ બીચે, સાર્દુલ અજા એક આરે પીયે.
ચળકતું ચંદ્ર સમાન વદન, નીતિશાળીને છે ધન્ય ધન્ય;
તે ગામમાં બનીયું શુંય, દ્રષ્ટાંતે તે કહું છું હુંય.

રાગ દોહરો.

કરૂં વીવેચન સર્વ હું, સાંભળજો નરનાર;
કવીપણું નવ કંઇ લહું, યથા બુદ્ધી અનુસાર.
બે બંધવ તે ગામમાં ક્ષત્રી જાતે એહ;
પ્રેમ પરસ્પર છે ઘણો, સૌ ટાળું સંદેહ.
જોડી બેઉ ભાઈઓ તણી, વાત કરે બેઉ સાથ;
મળ્યાં મન બેઉ ભાઇનાં, ખાવાની પંચાત.
કુશળ ઘણા વિદ્યા વિશે અન્ન દાંતને વેર;
બુદ્ધીશાળી બહુ હતા નહિ મોહનની મેર.
એક દીવસ એકાન્તમાં, બેઠા બન્ને ભ્રાંત;

નાના ભાઇએ માંડીને, કહી મોટા ભાઇને વાત.
ઘેર રહીને આપડે, શું ભોગવશું સુખ;
પ્રદેશ જઇ ધંધો થશે, તો જાશે સહુ દુઃખ.

મહનરૂ છંદ.

ના'નો કહે મોટાને તું સુણ મારા ભાઇ કહું,
ઉધમ કર્યાથી સહુ જન સુખી થાય છે. ૧
દેશે દેશ ફરવાથી બુદ્ધિમાં વધારો થાય,
ઘરમાં રે'વાથી ગુણ ઘંટીમાં દળાય છે. ૨
આબરૂ વધે છે ભાઇ ઉધમ કર્યાથી એક,
ન્યાતિમાંથી કોઇ આવી કન્યા દેઇ જાય છે. ૩
ચુનીલાલ કહે માટે ઉધમ એ મોટી ખાણ,
ઉધમ વિનાનાને તો દેશ દુઃખ હોય છે.

રાસ દોહરો.

વાત સુણી આ ભાઇની, ચડી મોટાને જ્વાળ;
ઉધમમાં પેસી ગયું, મોઢું તારૂં બાળ.
ગુણીયલ જાણું હું તુને, પણ અકલમાં નુન્ય;
ઉધમને શું બાળવો સૌ કીશ્મતનું પુન્ય.

રાગ છપ્પો.

કીસ્મતથી મળશે અંન, ધન કીસ્મતથી આવે;
કીસ્મતની જુદી વાત, પદ્મની કીસ્મત લાવે.
કરમે લખીયા લેખ, મેખ તેને કોણ મારે;
ઉધમથી શું થાય, કહું શું વારે વારે.
માટે ઉધમ અળગો નાંખ્ય તું કીસ્મતને શાબાસ છે;
ચુનીલાલ કહે મુર્ખા ગને કીસ્મત ઉપર આશ છે.

રાગ ચાલતો.

એક કહે ઉદ્યમ ચડે, બીજો કહે તગદીર;
વાતો કરતાં વઢી પડયા, જે બે સગા વીર.
મારા મારી આવીયા, મળ્યા એકઠા લોક;
શું છે તે ભાઇ કહો તમે, ટળે તમારો શોક.
ત્યારે સઘળી કહી બીના, સૌએ કર્યો વિચાર;
ઉદ્યમ કીસ્મત બેઉ સરખાં છે, ભુલ નહિં જ લગાર;
બેઉ જણને લેઇને, આવ્યા અકબર પાસ;
જુહાર કરી ઉભા રહ્યા, બેઉનાં મન ઉદાસ.
તેહ સભામાં છે ઘણા, અમીરને ઉમરાવ;
બીરબલ પણ પાસે હતો, સૌનો એ પર ભાવ.
બંધવ બે ત્યાં આવીયા, પુછેછે પરધાન;
કો કેમ આવ્યા છો તમે, શું નીપજ્યું તોફાન.
ત્યારે બીજા બોલીયા, પડયો બેઉને વાદ;
દીન આખો એ તો લડયા, ન ઘટે કોઇનો નાદ.
અકબર વાણી બોલીયો, મને કરો માહેર;
શા બાબત લડવું પડયું, તેજ કરો જાહેર.
ત્યારે ના'નો બોલીયો, તમે સાંભળો વાત;
માત પિતા ગુજરી ગયાં, રહ્યા બેઉએ ભ્રાત.
ઓથ વિનાના એકલા, અમે કર્યો વિચાર;
મેં કહ્યું મુજ ભાઇને, કંઇક કરો વે'પાર.
ઉદ્યમ કંઇ આરંભવો, તેથી મળશે અંન;
લુગડાં લત્તાં આબરૂ, ને વળી મળશે ધંન.
ત્યારે મુર્ખો બોલીયો, શું ઉદ્યમનું કામ;
કીસ્મતમાં છે આપડા, બેઠાં આવે દામ.
કીસ્મતમાં જો હોય તો, સર્વે વાતો સ્હેલ;
જ્યાં ત્યાં કીસ્મત કામનું, સૌ કીસ્મતનો ખેલ.
ઘણું ઘણું કહી થાકીયો, પણ એ પકડયો બોલ;

અન્નદાતા છો જગતના, કરજ્યો મનમાં તોલ.
બેઉના કજીયા કાઢવા, તેથી આવ્યા અહીં;
ઉદ્યમ વીણુ આ જગતમાં, માન મળે નહિ કંઇ.
દીલ્લીપતિ અમ બેઉના, કરો આપ ઇનસાફ;
ખોટું પડશે જેહનું, તેજ માગશે માફ.
પ્રધાન કહે સહુ સાંભળો, ઉદ્યમ કીસ્મત જોડ;
બેઉ ની છે બરોબરી, કોઇમાં ન મળે ખોડ.
માટે કજીઓ કાઢીને, મળી જાઓ બે ભાઈ;
ત્યારે બન્ને બોલીયા, વાત કરી દુઃખ દાઈ.
બેઉને સાથે ગોઠવ્યા, એ મોટી પંચાત;
માટે શાણા સચીવજી, કરો વિચારી વાત.
ત્યારે અકબર બોલીયા, રાખોને એકાન્ત;
વિચાર કરી મુજ મનથી, કરૂ તેહને શાન્ત.
એવું કહીને બાદશાહ, ગયો મ્હેલ મોઝાર;
બેગમ સાથે પ્રીતથી, રમતો રંગ અપાર.
પછી વિચારી મનથી, કીધો મોદીક એક;
મુદ્રીકા તેમાં ધરી, છાનો મૂકયો છેક.
જાતે ચાલ્યા જેલમાં, અંધારી એક જાગ્ય;
એકાન્ત ઉંચો મુકીયો, કોઇનું ભળશે ભાગ્ય.
ગોઠવણી શાહે કરી, આવ્યા નીજ અવાસ;
નિદ્રા લીધી પ્રીતથી, રમતાં રંગ વિલાસ.
સવાર થાતા બેઉને, બોલાવ્યા દરબાર;
કહો સમજ્યા શું રાતમાં, શો કરીયો વિચાર.
ત્યારે ના'નો બોલીયો, ઉદ્યમ એજ અમુલ્ય;
મોટો કહે કીસ્મત ખરૂં તું બોલે તે ભુલ્ય.
મમતમાં બેહુ ચડયા, પડે ન પાછા કોય;
સભા સહુ વિસ્મય થઇ, સામું રહે સહુ કોય.
પાછા કોઇ પડે નહિ, અકબર બોલ્યા આપ;
કરમ તમારે દુઃખ લખ્યાં, નડયાં પુરવનાં પાપ.

હુકમ થયો છે શાહનો, કેદ કરો બે ભ્રાત;
બંધીખાને નાખીયા, થઇ વિપરીત આ વાત.
અંધારે અથડાય છે, બેઉ બંધવની જોડ;
કીસ્મતવાળો ગાજીયો, પહોંચ્યા મનના કોડ.

રાગ ચોપાઈ.

કેદ કર્યા આ બેઉએ ભ્રાત, ખાવા પીવાની પંચાત;
અન્નપાણી તો ન મળે ત્યાંય, વાયુ પણ વિચરે નહીં માંય.
એવી અધરી જગ માંય, બેઉ જણને ઘાલ્યા ત્યાંય;
નાનો કહે ઓ મોટા ભાઇ, હવે સમજ કંઇ મનની માંઇ.
તારા બોલે પડીયું દુઃખ, હવે થવાનું કયારે સુખ;
ત્યારે મોટો બોલ્યો આપ, એ સઉ કીસ્મતનો પરતાપ.
નાનાને દીલ લાગી જ્વાળ, રહે આઘો તુજ મોંહું બાળ;
સાહ્ય કરજોને જુગજીવન, સાચું પડીયું તેહ વચન.
કીસ્મત એનું ચડીયું આજ, જાવા બેઠી મારી લાજ;
ક્ષુધા થકી તો નવ રે'વાય, શું લાવીને ખાવું આંય.
માટે ઉદ્યમ મોટો સ્થંભ, કરવો મારે મુકી દંભ;
જેલ ફાડીને નીકળું બ્હાર, ઉદ્યમથી મેળવચો અહાર.
ઉદ્યમથી ભળવાનું ભાગ્ય, બ્હાર જવાનો શોધે લાગ;
ઉદ્યમ છે હીરાની ખાણ, અન્ન વીનાતો જાશે પ્રાણ.
બંધીખાનું તોડું આજ, બ્હાર નીકળવા કરતો કાજ,
બ્હાર નીકળવા શોધે દ્વાર, ફરતો તે ખાના મોઝાર.
એક તાકામાં દ્રષ્ટિ ગઈ, લાડુ જોઇને ચિન્તા ગઇ;
પાસે આવી લીધો એહ, અહાર કર્યાથી નભશે દેહ.
ખુશી થયો મનની મોઝાર, ઉદ્યમથી આ મળીયો અહાર;
આવ્યો જયાં બેઠો છે વીર, કહે લઇયું લ્યા તુજ તગદીર.
તગદીરમાં જો તારે હતુ, ફેરા આવી આપી ના જતું;
મોટો કહે ભાઇ મારી ભુલ્ય, તારો ઉદ્યમ કર્યો કબૂલ.
લાવ્ય ભાઇ ખાવાનું દેય, બે બોલ કહી છાનો રેય;

ઉદ્યમથી ખાવાનું મળ્યું, કીસ્મત મારૂં પે'લું બળ્યું.
નાનો કહે તું ચિન્તા મુક, હોય પડે માણસને ચુક;
અડધો ભાગી આપ્યો ત્યાંય, મોટો મનમાં બહુ કચવાય.
અરે પ્રભુ ગયો બાતલ બોલ, નાનાનો વધવાનો તોલ;
એવું સમજી લાડુ લીધ, ઉદ્યમ સાચો થઇ ગયું સીધ.
ભક્ષ કરે બે ભાઈયો સાથ, મુકયો મોટે કરમે હાથ;
એવે ઉત્તમ વીંટી જોઇ, ચિન્તા મનની સર્વે ખોઇ.
જો હતું મારૂં કીસ્મત, હશે પૂર્વનું મારૂં દત્ત;
ઉદ્યમ કીધો જાતે તેંહ, અન્ન ધંન લીધું છે એય.
ઉદ્યમથી તને મળીયો હાર, મારૂં કીસ્મત કર્ય વીચાર;
બરાબરી બે જણુની થઇ, હવે ચિન્તા મનની ગઈ.
સમજી બેઉયે કાઢી રાત, વીંટી છે મોટાને હાથ;
પ્રાતઃકાળ થયો જયારે, બાદશાહ બોલ્યો ત્યારે.
બોલાવો બે બંધુને દ્વાર, લાવ્યા સભા તણી મોઝાર.
બેઉયે કીધો છે પરણામ, બેઉયે સમજ્યા આણે ઠામ;
કેવી રીતે સમજ્યા તમો, સંભળાવો સાંભળીયે અમો.
જુઠો બોલો અક્ષર એક, શીક્ષા કરવી પડશે છેક;
માટે કે'જયો સાચી પેર. મારી તમપર વધશે મ્હેર.
ત્યારે બોલ્યા બેઉએ ભ્રાત, સાંભળજો શાન્તીથી વાત;
બંધીખાને પડીયા અમો, શું બનીયું ત્યાં જુવો તમો.
અંધારામાં વેઠયું દુઃખ, મધ્યરાત્રીયે લાગી ભુખ;
નાનો કહે મેં કર્યો વીચાર, નીકળુ ખાનામાંથી બ્હાર.
બ્હાર જવાને ઉભો થયો; પૂરતાં તાકા આગળ ગયો;
લાડુ દીઠો જયારે ત્યાંય, તે લઇ આવ્યો ભાઈ છે જયાંય.
ભાઇ જાણીને અડધો દીધ, દયા એહના ઉપર કીધ;
કીસ્મત એનું લડીયું ત્યાંય, લાડુ નાખ્યો મ્હોડા માંય.
ગઇ મુદ્રીકા એને ભાગ્ય, ખુશી થયો ત્યાં તે અથાગ;
બેઉ તણી ભાગી છે રાડ, કીસ્મત ઉદ્યમ બેઉનો પાડ.
કીસ્મત ઉદ્યમ સરખા થયા, ત્યારે મનના ખેદજ ગયા;

હવે નથી કજીયાની વાત, સમજ્યા મનમાં બંને ભ્રાત.
બાદશાહ હરખ્યો છે મંન, ઘણુંક આપ્યું એને ધંન;
આપી બક્ષીસ મુદ્રીકાય, રાજી થઇ બે ભાઇયો જાય.
આવો ન્યાયી અકબર શાહ, વાંકો એનો ન મળે રાહ;
એ ગામમાં બનીયું શુંય, તે વિસ્તારી કહું છું હુંય.

દોહરો.

તે ગામમાં શેઠ છે, નામ હતું ધનપાળ;
દેશાન્તરમાં નામના, પાંચ તેહને બાળ.
ત્રીકમ શામળને રસીક, તેજપાળ ગુણવાન;
રામદાસ છે પાંચમો, એહ શેઠ સંતાન.
ગુણવંતા પાંચે હતા, ઉદ્યમ કરતા એવ;
શા શા ઉદ્યમ તે કરે, સઉ ટાળું સંદેહ.
દલાલ ડોસીવાણીઓ, નાણાવટી તે માંય;
ચોથો ઝવેરી જાણજો, નાનાનો મહિમાય.
નગરશેઠનો પાંચમો, તેજપાળ છે તંન;
નાનો અકલવાન છે, એનાપર બહુ મંન.
સહુ વિદ્યા સુલક્ષણો, રૂપે મદન સમાન;
ચાલ ચતુરાઇ શ્રેષ્ટ છે, બીજો પ્રદ્યુમાન.
જીભ્યા ચોટે તેહની, જરા તોતડો બોલ;
ખોડ એહ બીજી નહિ, સહુમાં એનો તોલ.
વાણુ કુમાર છે તેહને, મીત્ર ચતુરસજાણ;
ઇંદુ સમ આકૃતિ, ગુણ તણી છે ખાણ.
હીરાચંદનો દીકરો, અભેચંદ છે ત્યાંય;
મીત્રાઇ બેઉને પાંશરી, ધન ઘણું ઘરમાંય.
વીસ વહાણ તેનાં ફરે, દરિયાની મોઝાર;
તેજપાળ સાથે હતી, મીત્રાઇ અપરમપાર.
બેઉ સમોવડ બાળકા, જાણે સગા ભાઇ;
અંતર કોઇ જાણે નહિ, રાખે નવ જુદાઇ.

બેઉ સાથે બેસે ફરે, રમે સાથ ચોપાટ;
પ્રીત પરસ્પર છે ઘણી, અંતર નહિ ઉચાટ.
વિદ્યા જે દુનિયામહિં, તેમાંહી માહેર;
પનઘટપર બેઉયે મળે, ફરતા જગ જાહેર.
વશીકરણ પણ આવડે, વશ કરે નરનાર;
ટુંકામાં કહું એટલું, ગુણ તણો ભંડાર.
સહુ દેખે આ બેઉને, ર્‍હોંચે મનના કોડ;
ઉપમા આપું કેટલી, શશી સૂર્યની જોડ.
હીરાચંદનો દીકરો, અભેચંદ છે નામ;
મરણ પામ્યો નીજ પિતા, માથે પડીયું કામ.
ધન માલ મીલકત હતી, તે આવી નીજ પાસ;
પિતા મરણ પામ્યા પછી, મન રહે રોજ ઉદાસ.
ઉદ્યમ જે પોતા તણો, વીસ ફરે છે વહાણ;
તેને ટાડો નાખીયો, જતાં જનકનો પ્રાણ.
નામ રાખવું બાપનું, નવ લાગે લાંછન;
માત પિતા સ્વર્ગે ગયા, ખર્ચ્યું અનગળ ધન;
ભોજન સાધુ સંતને, બંધાવ્યા વિશ્રામ;
વાવ કુવા તળસીચરા, ખર્ચ્યું પુષ્કળ દામ.
બ્રાહ્મણને ઘર આપીયાં, ભરી સર્વ સાહીત;
સમાગ દ્રવ્ય વાપર્યું, માત પિતાપર પ્રીત.
ગયા શ્રાધ પોતે કર્યું, સદાવ્રત હમેશ;
જે આવે તેને મળે, દીલનો તજ્યો ક્લેશ,

ચોપાઈ.

તેને ઘેર પદ્મની નાર, તે જરા કરવો વિસ્તાર;
કટી કેસરી જેવો જાણ, કોકીલાના જેવી વાણ.
હાથેળી છે કમળ સમાન. ચંપક વરણું એનું વાન;
વાસુકીના જેવી વેણ, મૃગ ચક્ષુ સમ શોભે નેણ.
ઉદર પોયણનું જેવું ફુલ, સુક ચંચુ સમ નાક અમુલ્ય;

ગજના સરખી જેની ચાલ, શશી સમ ચળકી રેતું ભાલ.
ભ્રગુટી જેની ધનુષ સમાન, કોક પ્રવીણનું એને જ્ઞાન;
મુખથી કાઢે મીઠી વાણુ, પતીને મારે ચક્ષુ બાણુ.
સંગીતમાં પણ જાણે સર્વ, રંભા પણ મુકે નીજ ગર્વ;
પીયુની સાથે રમતી રંગ, શાન્ત કરે પીયુનોજ અનંગ.

છપ્પો.

જેમ ચમક ને લોહ, જેમ પાણી ને મીન;
જેમ વૃષ્ટિમાં મોર, નહિ કો કોમાં ભીન.
જેમ મોતી ને હંસ જેમ કલમ રૂસનાઈ;
જેમ સીંહ ને માંસ મળે નહિ તો દુખદાઇ.
ચાલે નહીં એક એક વીણ, એવો ધાડો સ્નેહ છે;
ચુનીલાલ કહે બેઉના, જોવા જુદા દેહ છે.

છપ્પો.

મુકી સ્વામી સંગ, જરા નવ અળગી થાતી;
માગે પાણી પીયુ, લાવીને દુધજ પાતી.
ફરફરે સ્વામી હોઠ, આવીને ઊભી રહે છે;
ફરમાવો શીરછત્ર મૃદુ વાણી મુખ કે'છે.
પલક ન અળગી એ રહે, જેમ વેલને વૃક્ષ છે;
ચુનીલાલ કહે નારીના, નાથ ચરણમાં લક્ષ છે.

રાગ ચોપાઈ.

મોહ્યો જોઇ નારીની ચાલ, મોહ્યો શશીસમ જોઈને ભાલ;
મોહ્યો ગજની ચાલે એહ, મોહ્યો ચંપકવરણી દેહ.
આખોદીન જોઈ બેશી રેય, બ્હાર જવાનું નામ ન લેય;
વેપાર મુકયો પોતા તણો, બ્હાર વટે જે જાતો ઘણો.
આખો દીન કરે રંગવીલાસ, નાખ્યો સ્રીયે પ્રેમી પાસ;
ટાઢે પોરે નીકળે બ્હાર, બીન્ને સ્નેહી તેજ કુમાર.
નદી કીનારે જાયે સાથ, જમુનાજીને જોડે હાથ;

મોહ્ય નારી બેઉને જોઈ, ઘાયલ થાતાં સર્વે કોઇ.
પનઘટ પર જઇ બેસે જોડ, કોઇમાં ન મળે ખાંપણુ ખોડ;
વસંત રૂતુ આવી જે વાર, બેઠાં ઝરૂખે નર ને નાર.
એક એકને પાનજ દેય, સામું જોઇને બેસી રે'ય;
બાજી ગંજીફો બેઊ રમે, એક એકના ઊભરા સમે.
છજું પડે ભર મારગ માંય, વરણુ અરાડ ત્યાં થઇને જાય;
ગામ તણા વેપારી સાત, જાતા ત્યાંથી કરતા વાત.
દ્રષ્ટી જરૂખા સામી જાય, નર નારી દીઠાં છે ત્યાંય;
જુવો હીરાચંદના ઘર બહાર, અભેચંદ છે કુળ અંગાર.
બાપ તણું બોળ્યું છે નામ, પિતા તણું વેફરીચું દામ;
આ ફંદામાં ફસીયો એહ, જોતો અહરનીશ એની દેહ.
ઊદ્યમ મુકયો પોતા તણો, ગયો હાથથી એતો ઘણો;
એમ કહી વેપારી જાય, અભેચંદથી સહુ સંભળાય.
ધીક પડયો મારો અવતાર, કુળ તણો ખોયો મેં ભાર;
વેપારીયે બોલજ કહ્યા, તે મારા રૂદીયામાં રહ્યા.
બાપ તણું મેં બોળ્યું નામ, વહાયે સર્વે આણે ઠામ;
સુડી વચ્ચે સોપારી, દશા થઇ તેવી મારી.
અહી ગુપકને જેમજ સા'ય, પાછળથી મનમાં પસ્તાય;
નામ રાખું જો પીતા તણું, દુઃખ માથે આવે છે ઘણું.
નવ સપ્ત વરસની નાર, તેને મુકી જાવું બ્હાર;
નારીનું મન સ્થીર ન હોય, ઊપાય મારે કરવો સોય.
ગુઠ થઇ મારી જે વાર, કામે વ્યાકુળ થાશે નાર;
તે વેળા ચુકવાની સત્ય, ભ્રમીત થવાની તેની મત્ય.

છપ્પો.

જેણે બાળ્યો કામ, તેહ પંડીત છે પુરો;
જેણે બાળ્યો કામ, તેજ સુરામાં સુરો,
જેણે બાળ્યો કામ, નહિ માનવ એ દેવ;
જેણે બાળ્યો કામ, કરે સહુ તેની સેવ.

મુશ્કેલ છે કામજ બાળવો, મદન ઘણોજ કુપાત્ર છે;
દેવ ડગ્યા ચુનીલાલ કહે, તો માનવ કોણુજ માત્ર છે.

છપ્પો.

ભૂલ્યા બ્રહ્મજ દેવ, પુત્રીપર દૃષ્ટી કીધી;
ભૂલ્યો વાસવ ભુપ, ભોગવી અહલ્યા લીધી.
ભૂલ્યો ચંદ્ર ચતુર, ગુરૂ પત્નીથી રમીયો;
કામ સમાવા માટ, સતીને કીચક દમીયો.
મહાદેવ પણ ભોલ્યા ખરા, નથી અનંગ એ પાંસરો;
ચુનીલાલ કહે ચેતજો, કોણ માનવનો આશરો.

દોહરો.

સંસાર આ દુઃખરૂપ છે, મોંઘમ એનો માર;
શી રીતે જીતી શકો, કેમ જવાશે પાર.
વ્હેપારે જાઉં નહિ, જાય પીતાનું નામ;
કેહેશે નબળો નીકળ્યો, કરે નહિ નીજ કામ.
જો જાઉં પરદેશમાં, રામા મૂકું ઘેર;
મન વશ નવ રહે એહનું, પડશે પીવું ઝેર.
એવે આવી તારૂણી, જ્યાં બેઠો સ્વામિન;
ઉદાસ કેમ આપે થયા, કેમ બદલાયાં ચીહન.
શું દુઃખ એવું આવીયું, હું સેવા કરનાર;
કહોને મારા કંથજી, પ્રાણ તણા આધાર.
ત્યારે બોલ્યો નાવલો, નારી ચતુરસુજાણ;
પુછે મુજને પ્રિતથી, ત્યારે કહું છું વાણ.
ઊદ્યમ મુકયો બાપનો, તુજથી લાધી પ્રીત;
સાત પેઢીનું બોળીશું, નારી નામ ખચીત.
જો જાવું સફરે અમો, વરસ થશે બેચાર;
ત્યાં લગી કયમ રહી શકો, ઓરે વ્હાલી નાર.
જ્યારે કામ પીડે ઘણો, ત્યારે મુકો ટેક;
ફજેત જાયે બાપની, છોછાં પડીયે છેક.

લગની લાગે કોકથી, શાંત કરાવા કામ;
ઇજ્જત જાયે માહરી, જાય બાપનું નામ.
ત્યારે બોલી પદમની, ઓ મારા દીલજાન;
એ શું બોલ્યા મુખથી, સાચવશે ભગવાન.
આમન વેગી જે અશ્વ છે, જ્યાં કરીયે ઇચ્છાય;
ત્યાં તેને જાવું પડે, ના નવ ત્યાં કે'વાય.
પણ રાખું મુજ મનને, મારા કબજા માં'ય;
જાવો તમે શુભરીતથી, ભ્રષ્ટ થશે નહિ કાય.
મેં મા'રૂ મન મારિયું, હું કોણ બાપની બાળ;
કાળું કરૂં કેમ કુળને, રામ થશે રખવાળ.
કામ કરૂં એવું કહી, રવરવ નર્કે જાઊં;
બાપ જુવે નહિ મુખડું, જગમાં હું લજવાઊં.
માટે સાચુ માનજો, દ્રઢ મેં ધાર્યો ટેક;
મન માર્યું મેં આજથી, વીસરૂં નહિ વિવેક.
કે'વું સ્વામી સત્ય છે, નારી વશ નવ રે'ય;
પણ રાખું વૃધની આબરૂ, કોણ કથેલું કેય.
મહાસાગર જબરો ખરો, ધારે જો મન માંય;
પળમાં પૃથ્વી બોળશે, પણ નવ મુકે માઝાય.
જો ધારે મન માંયતો, પળમાં આણે અંત;
પણ મર્યાદા મુકે નહિ, ખરી રાખજો ખંત.

ચોપાઈ.

ત્યારે બોલ્યો તેનો નાથ, હું સમજ્યો છું મનની સાથ;
તમે કહી તે સાચી વાત, પણ નબળી નારીની જાત.
મન વશ રાખું એમજ કહો, વાત જરા રૂદીયામાં લહો;
કામ પ્રગટ થાવાનો અંગ, ત્યારે રમવા જોઇશું રંગ.
ભ્રમિત થવાનું તારૂં મન, નહિ સચવાયે શ્યામા તન;
જ્યારે નબળું કરશો કામ, તો લજવાશે મારૂં નામ.
મને ખાતરી મનમાં ખરી, જીવ ન ચાલે જાતાં જરી;

ભમીયા મોટા જેહ મહેષ, મોહ્યા જોઇ ભીલડીને વેષ.
ચંદ્ર સરીખો ચુકયો ખરો, પણ નવ રહે મદન પાંસરો;
જે બ્રહ્મા સૃષ્ટીકરનાર, તેણે પણ ખોયો આચાર.
વેદશ્રુતીનું જેને જ્ઞાન, તે પણ ભુલ્યા પળમાં ભાન;
ઇંદ્રસરીખો મોટો ભુપ, તે પણ બની ગયો તદ્રુપ.
પારાસર જેવા જે મુની, તેને પણ લાગી એ ધુની;
રાવણને ત્યાં સમૃદ્ધિ ઘણી, મદન રીપુયે લીધું લણી.
કીચક ચુકયો છે ચતુરાઇ, કામે રોળાયો રણમાં'ઇ;
દુર્યોધન કળીનો અવતાર, તેપણ કામે થયો ખુવાર.
એવા દાખલા નારી તણા, તે કેતામાં ના'વે મણા;
લાખો જણ એમાં તો ભમ્યા, કામે સઊ ને જ્યાં ત્યાં દમ્યા.
પુરૂશ કરતાં વધે નાર, કામ ચોગણો તેને ધાર;
માટે જાતાં હું અચકાઊં, કેમ કરી સફરે હું જાઊં.
ત્યારે નારી કે' છે કંથ, ઘણા કેમ વાંચ્યા છે ગ્રંથ;
એવું કૃત્ય આ અબળા કરે, તો તેનાપર પાણી ફરે.
માતતાતનું લાજે કુળ, હું વિચારીશ મારૂં મુળ;
નિશ્ચય કીધો મનની માંય, કાંઇ કથોલું કામ ન થાય.

દોહરો.

ત્યારે સ્વામી બોલીયો, સુણ ચતુરા નાર;
તે ઉપર કહું વારતા, કરજ્યો મન વીચાર.
દરીયા કાંઠે ગામ છે, હુસેનાબાદ છે નામ;
સુંદરને શીરોમણી, અતિ ઉતમ છે ગામ.
પાદશાહ હોગ નામે હતો, નીરમળ મનનો તેહ;
રૈયત જાણે પુત્રવત, સૌપર રાખે નેહ.
તે ગામમાં વણીક એક, બુદ્ધિવંત અપાર;
સૌ ધંધા સાથે કરે, વા'ણ ફરે દશ બાર.
પાંચ પુત્ર છે તેહને પાળે પિતા વચન;
તે પણ સમજુ સુલક્ષણા; નહિ પાંચેમાં અન્ય.

વાણોતરીયો વાણીયો, કપુરચંદ છે નામ;
રૂપાવંતી નીજ ભારજા, બેઉનાં ઉત્તમ નામ;
વીશેષ વયના બેઉ છે, કાયા જીરણ જાણ;
ખાલી ચડે કંપે ઘણું, જાણે જાશે પ્રાણ.
પાંચ પુત્ર છે તેહના, નામ કહું નીરધાર;
કલ્યાણ, ગીરધર, ગોરધન, કાસીદાસ એ ચાર.
નારાયણ છે પાંચમો, સઉથી મોટો એહ;
દલાલનો ધંધો કરે, સુખી સરવમાં તેહ.
દીકરાને ઘેર દીકરા, ઘણો સુખીજ વણીક;
આનંદ મનમાં માનતો, પ્રભુ કૃપા છે ઠીક.
પુત્ર પરીવાર દોલત ઝાઝી, જે જોઇએ તે પાસ;
સતબાર વરસની દેહ છે, પણ નવ રહે ઉદાસ.

છપ્પો.

ખાવાનું હોય દુઃખ, પરોણા પાંચજ આવે;
ને જો હોય ઘરમાં સુખ, સાયબી બહુ બતલાવે;
માણસ ઘરમાં હોય, તો પણ ઝાઝા થાશે;
જો થાય પ્રભુનો કોપ, હશે તો જલદી જાસે.
ધન જોઇ ધન બહુ આવશે, એહ પ્રભુનો ન્યાય છે;
ચુનીલાલ કહે ચેતજો, ભરતામાંહી ભરાય છે.

દોહરો.

ડોસાને બહુ સાયબી, આવ્યો દુઃખનો દંન;
પ્રથમ મરણ તો પામીયો, મોટો એનો તંન.
પુત્ર મરણના શોકથી, ડોસો ડોસી ઊદાસ;
બે મહિના તેને થયા, બીજાનો પણ નાશ.
ત્રણ માસ તેને થયા, પડ્યો ત્રીજાનો દેહ;
એવે આગળ શું હવું, સહુ સાંભળજો એહ.
બેઊ ભાઇ નાના રહ્યા, ભર્યો વાણમાં માલ;

સફરે ચાલ્યા સિંધુમાં, જાણે થાશું ન્યાલ.
ઇશ્વર રૂઠે જેહ પર, તેને દીન દુઃખદાઈ;
બેટ કીનારે આવતાં, ડુબ્યા બંને ભાઇ.
નાકેદાર ત્યાંનો હતો, તેણે જાણી વાત;
વાણુ આવીયાં સેઠનાં, થઈ બંનેની ઘાટ.
સમાચાર કેવા ખરા, જાણ્યું નાકેદાર;
વાણુ લેઇને સંચર્યા, જરા ન કીધી વાર.
આવી પોંચ્યો ગામમાં, કર્યું ડોસાને જાણ;
હયો આ વાણુજ તમતણું, ગયા બન્નેના પ્રાણ.
વાત સાંભળી જ્યાહરે, ડોસો પડીયો ધર્ણ;
શ્યા સુખે જીવ્યા હમે, કેમ ન થાતું મર્ણ.
પાંચ કુંવર મારા મુવા, હમે રહ્યાં બેઊ વૃદ્ધ;
સામું જોજો શામળા, હવે થઇ ગઈ હદ.
પુત્ર મરણના શોકથી, કાયા જીરણ થઇ;
ડોસો ડોસી શોચતાં, હુસ્તી ટટ્ટી રહી.
ખાવું પીવું નવ ગમે, વરસ થયાં સત બાર;
ડોસી પણ છે ટતેલી, આંખે આંસુ ધાર.
હતો પુત્રનો પુત્ર જે, તેને સોંપ્યું ધન;
ઓછું મન આવે ઘણું, રાખે વારી મન.
કંઇક દીવસ નીકળી ગયા, ઓછું વધતું ખાય;
પુત્ર મરણના શોકથી, દીન કલ્પાંતે જાય.
રૂતુ શરદ દીન આવીયા, ચંદ્ર તણો ઊદ્યોત;
ચમકી રહી છે ચાંદની, જાણે જળહળ જ્યોત.
જયાં ત્યાં જોવા ચંદની, નીકળે નર ને નાર;
ગીત ભજન થાયે ગામમાં, થાતો જય જયકાર.
વાગે વાજીંત્રો ઘણાં, ઘંટ અને ઘડીયાળ;
આનંદ જયાં ત્યાં થઇ રહ્યો, નરનારી થાતાં ન્યાલ.
કંઇક અનંગ શાન્તી કરે, પ્રેમી રસ ચાખી;
ઘરમાં નારી પીઊને, જોતી બહુ ઝાંખી.

રાત બધી રળીયામણી, ચોરાસી આસન;
મન માને તેમ માણુતાં, રાખે રાજી મન.
એજ દીવસ એવો હતો, હોય નંપુસક જેહ;
તે પણુ ઇચ્છા કામની, રાખે નહિ સંદેહ.
તેજ દીવસે શું બન્યું, તે કહું છું વૃતાંત;
બેઠાં ઝરૂખે બેઊ જણુ, રાખું મનની ભ્રાન્ત.
શેઠ સેઠાણી બેઊજણ, બેઠાં ઝરૂખા માંય;
પુત્ર મરણુનો શોક છે, ને ઝાઝી જીરણુ કાય.
ઊમર સત ને બારની, જુવે ચંદની રાત;
કામ પ્રગટીઓ શેઠને, વ્યાકુળ થઈ છે જાત.
ત્યારે ડોસો બોલીયો, પાસે છે નીજ નાર;
ઇચ્છા મુજને ભોગની, શું કરવો વિચાર.
કહે શું કેછે કામની, કીધું આલિંગન;
વપુ શાંત મારૂં કરો, બોલંગો ન વચન.
નારી મન સમજી ગઇ, પીયુને જોડયા હાથ;
વચન ન લોપું આપનું, ઓરે મારા નાથ.
પતિવ્રતાનો ધર્મ શો, જેમ પતી કહે તેમ;
તે પરમાણે ચાલીએ, તો દેવોની રે'મ.
કામ બરોબર બેઊને, વ્યાપ્યો છે તે વાર;
મનમાંન્યું સુખ તો મળ્યું, શાંત થયાં નરનાર.
એવે કારણુ શું બન્યું, સઊ સંભળાવું કોડ;
વાંચી ભુલ સુધારશો, હશે ઘણી માંહી ખોડ.

ચોપાઈ.

કપુરચંદને રૂપાવતી, બેઊ મહેલમાં રમતાં રતી;
આનંદ કરતાં નર ને નાર, ત્યારપછીનો કહું વિસ્તાર.
દશાવરથી આવ્યાં વા'ણુ, ગામ લોકને કરતાં જાણુ;
તોપ તણુતો નાદજ થાય, નગરવાસીયો બહુ હરખાય.
નીદ્રામાંથી જાગ્યો શાહ, થાવા લાગ્યો અગ્નીદાહ;

લાવ્ય હવા ગચ્છીમાં ખાઊં, બેગમને સાથે લઇ જાઊં.
ઉઘાડો બેગમને ત્યાંય, બેઉએ આવ્યાં ગચ્છી માંય.
રાત અંધારે ચાલી જાય, મંદમંદ વાયુ તો વાય.
એવે તોપ પડી છે ફરી, રાજાયે ત્યાં દ્રષ્ટી કરી;
દુરબીનથી જોયું છે દુર, વા'ણુ જોઇ હરખ્યા ભરપુર.
માલ ભરીને આવ્યા વાણુ, બાદશાહને પડીયું જાણુ;
પ્રજા થશે વ્હેપારે સુખી, નહિ રેવાનું કોપણુ દુઃખી.
વા'ણુ જોઇ હરખાય મન, મારી પ્રજાને છે ધનધંન;
પછી ગામમાં દૃષ્ટી કીધ, દુરબીનથી ત્યાં ખબરો લીધ.
નજરે પડીયાં બેઉયે વૃધ, બાદશાહ કહે થઇ ગઇ હદ;
ખરડે ઘડપણુ આ શું ગમે, અનંગ પણુ એવાને દમે.
કાયા તો છે કાષ્ટ સમાન, ધક્કો મારે જાશે પ્રાણુ;
સુવા એહના પાંચ કુમાર, પણુ રમવા જોઇયે છે જાર.
આ સંદેહ કયાં જઇને કહું, આનો પાર કંઇ નવલહું;
હસવું આવ્યું અતીશે ત્યાંય, જોઇ જોઇ મનમાં મલકાય.
ત્યારે બોલી બેગમનાર, નાથ હસો શું મન મોઝાર;
મને પાડજો એની ગમ, ખરૂં કહોને મારા સમ.
શાહ કહે તું જોને પ્રિયા, બેઉનાં જેવાં બીજાં કયાં;
દુરબીન ધરીયું નારીચક્ષ, દ્રષ્ટી કરી રાખ્યું છે લક્ષ.
ભાળ્યાં બેઉયે જણુનાં અંગ, આને પણુ વ્યાપ્યો અનંગ;
કાયા એની જીરણુ થઈ, તોય પ્રકૃતિ કેમ ન ગઈ.
આંખ્યોયે તો થોડું સુઝે, કાયા એની કેવી ધ્રુજે;
નવ મળે મોઢામાં દંત, તોય વિષયની કેવી ખંત.
શાહજાદી કહે સુણુજો નાથ, જોયું દષ્ટે બંને સાથ;
તેડાવોજો બેઉને પાસ, પુછીને કરશું જ તપાસ.
બાદશાહ કહે કાલે વાત, પુછું શેઠને જાતે જાત;
તું પુછજે નારીને પેર, બેગમ કહે નહિ પડશે ફેર.
ત્યારપછી નીદ્રાવશ થયાં, નથી રાતમાં વીસરી ગયાં;
સ્વપનામાં પણુ દીઠું એહ, રાખ્યું બને લક્ષે તેહ.

એવે થાતું પ્રાતઃકાળ, ઉઠયા વૃદ્ધ જોબન ને બાળ;
બાદશાહ પણ જાગ્યો ઝટ, વાત સુણ્યાની થઈ ચટપટ.
સેવકને કહે સત્વર જાઓ, વૃદ્ધ શેઠને અહીંયાં લાઓ;
એમએ પણ દાસી સાથ, શેઠાણીને કા'વી વાત.
તેડે તમને એમ પાસ, કહેજો કાંઇ નથી ત્યાં ત્રાસ;
ધીરે બોલે કહેજો તમે, જેમ હૃદયનો કલેશજ સમે.
દાસી સેવક તત્પર થયા, શેઠ પણે મુકામે ગયા;
તેમાં પેલો સેવક ગયો, શેઠ કને જઈ બોલજ કહ્યો.
કાર્ય પ્રસંગે તેડે શાહ, ક્યારે આવે જો તારાહ;
એક હૃદય નવ કરશો જરા, ધીરે આલો ન કરો ત્વરા.
ઘણા વર્ષની ઉમર થઈ,જુની વાતો જાણો કંઈ;
તે પુછવા બોલાવે ત્યાંય, શોચ ન કરશો મનમાં ક્યાંય.
બાદશાહ તમારો બાળ, આખર લેશે એ સંભાળ;
એવે દાસી અંદર જાય, શેઠાણીને લાગી પાય.
શાહજાદીનો સાચો પ્રેમ, તમપર રાખે ઝાઝી રેમ.
જાણે તમને માત સમાન, કાંઇ લેવું ધારે છે જ્ઞાન;
વૃદ્ધ તણો કરવા સહવાસ, માટે તેડે છે નીજ પાસ.
વચન સુણીને પડતી શાંત, બે જઇને મળીયાં એકાંત;
આ કારણ બોલાવ્યાં હશે, મારા મનમાં વેમજ વશે.
ગુનો કયા નથી આપણે કાંય, શામાટે તેડે છે રાય;
તેહ વાતની ભ્રાન્તી રહી, ચટપટી ચીતમાં બેઉને થઈ.
શેઠ કહે છે કારણ એક, કેમ કરી નભવાનો ટેક;
નીશાયે રમીયાં બેઉયે જાર, કાંઇ કર્યો નહિ મન વિચાર.
તે પડીસું હોય તેને જાણ, પુછે શું કેવાની વાણ;
ઘરડે ઘડપણ જાશે લાજ, આખર વખતે કથળ્યું કાજ.
ઝહેરમાંહી છે મારી શાખ, તે થવાની આજે રાખ;
શેઠાણી કહે સાંભળો નાથ, મારી વાત તો મારે હાથ.
મારી ચિંતા કરશો નહિ, પણ તમારી મોટી રહી;
કહો તમે કરવાના કેમ, તે મારો ટાળોને વેંમ.
ડોસો કહે દીલગીર ન થાઓ, તમે તમારે સુખે જાઓ;

મારી હું વેઠી લઇશ વાત, ત્યાં પુછે થાશે પંચાત.
કપડાં પેરી તત્પર થાય, સેવક સાથે બેગમે જાય;
વાહન મંગાવ્યું તે વાર, તેમાં બેઠાં નર ને નાર.
શેઠ સભામાં બેઠા જઇ, સભા સરવ જોઈ રાજી થઇ;
વૃદ્ધ શેઠાણી બેગમ પાસ, જાતાં ખાતા ખાતા શ્વાસ.
બેગમે તો આદર દીધ, ઘટીત સત્કાર તે વર્ણન કીધ;
બેગમ કહે સાંભળશો માત; મારે પુછવી તમને વાત.
બાદશાહ કહે શેઠ સુજાણ, પુછું તમને સુણજો વાણ;
કહો તમારે સુખ કે દુઃખ, કેમ ઊતરીયું કોને મુખ.
શેઠ કહે સાંભળજો શાહ, મારા મનમાં લાગ્યો દાહ;
દુઃખી નથી મુજ જેવો કોય, ચક્ષુમાંથી વેતું તોય.
હું સુખી હતો જે વાર, પાંચ હતા મારે કુમાર;
હતા પુત્રને ઘેરજ પુત્ર, ને મારૂં ભાગ્યું ઘરસુત્ર.
પાંચ પુત્રનું મૃત્યું થયું, સુખ સરવ પાણીમાં ગયું;
ઘર થયું છે વન સમાન, જુવો અમારા બેઊના વાન.
શા સુખે જીવાશું હશે, કેમ આવી ના નાગજ ડસે;
કેમ ન થાય અમોને રોગ, કાળ ન લેતો મારો ભોગ.

છપ્પો.

પુત્ર મરણનો શોક, તેથી અગ્નીમાં બળવું;
પુત્ર મરણનો શોક, તેથી વીષ પીને ઢળવું.
પુત્ર મરણનો શોક, તેથી મસ્તક કાપે;
પુત્ર મરણનો શોક, તેથી શુભ બંધન આપે.
ઘણો વીકટ એ શોક છે, સહન ન થાય કોઇથી;
ચુનીલાલ કહે જાણજો, શાન્તી નવ રહે જોયથી.

છપ્પો.

પુત્ર વીના જગમાંય, ગાન ગાણુસને શાનું;
પુત્ર વીના ધન માલ, સુળી સમ તેને માનું.
હોય લાખ પણ રાખ, પુત્રવીણ સર્વ નકામું;

મુવા પછી અયડાય, જુવે નહિ કોઇયે સામું.
જે કુળ કુંવર ન ઊપજ્યો, તેનું સર્વે ધુળ છે;
ચુતીશાસ્ત્ર કહે કુંવર વીણ, જ્યાં ત્યાં દુખનું મૂળ છે.

દોહરો.

શેઠ કહે રાજા સુણો, શી કહું દુઃખની વાત;
હાવે તો અવધી થઇ, કેમ ન થાતી ઘાત.
શાં પ્રાયશ્ચિત્ત કીધાં હશે, કે દુઃખ આવ્યું શીર;
કંઈનાં ઘર ભાગ્યાં હશે, નેત્રે આવ્યું નીર.
ત્યારે રાજા બોલીયો, સાંભળો મારી વાણ;
કાયાપણ કથલી ગઇ, રહ્યો નીકળવો પ્રાણ.
દુખ આવું તમને પડે, તો ગઇ કાલે જાય;
વૃદ્ધ અવસ્થા થઈ ખરી, પણ નવ જાતો કામ.
શક્તિ ન મળે અંગમાં, જીર્ણ થઇ છે કાય;
તોય તમે શું આદરો, એહ અચંબો થાય.
ઓથ વિનાના એકલા, મુવા પુત્ર પરિવાર;
દુઃખનાં ડુંગર ઉગીયા, નીશાયે રમીયા જાર.
ત્યારે ડોસો ઝબકીયો, જાણી સઘળી પેર;
ઉલટાવું આ વાતને, પછી કરૂં માહેર.
શેઠ કહે આપજ શુણો, મંગાવો કંઇ અન;
તેમાં સંદેહ ભાગશે, પછી કહુંજ વચન.
ત્યારે રાજા બોલીયો, નવ ટળે સંદેહ;
મુલથી કહો અમને તમો, સઉ સાંભળશે તેહ.
સમજાણ સઘળી પાડીને, પછી પધારો ઘેર;
શેઠ કહે સુખે સુણો, કહું છું સઘળી પેર.
મ્હોત ગઇ થોડી રહી, કહીશું સાચી વાત;
શા જીવે જૂઠું કહું, માટે ભાગું ભ્રાન્ત.
અન ત્યાં સુધી પ્રાણ છે, પ્રાણ હોય તો પ્રિત;
એવું મોટા કહી ગયા, આદ્ય અનાદી રીત.
તેમાં સઉથી શ્રેષ્ઠ છે, અંન જગત આધાર;

અંન મળે નહિ મનુષ્યને વાગ્યા તેના બાર.
માટે શાણા સમજજો, ફોડ કહું જ તમામ;
અંન થકી આલમ સહુ, ને વ્યાપે છે કામ.
અંન જગતનું તત્ત્વ છે, અંનથી સુજે સર્વ;
અંન વીના શૂરવીરનો, પલમાં ઉતરે ગર્વ.
શેર અંન જે જન જમે, તેને પ્રગટે કામ;
સ્ત્રીને ત્રીસ વરસ પશ્ચાત, કામ થશે આરામ.
નવ વરસ સુધી રહે, કે બળઠ તણું તો જોર;
બાર તાણશે નહિ પછી, ટુટે આયુષ દોર.
પુરૂષ કામ સદા રહે, જીવતાં પરીયંત;
પેટ પુર અંન જો મળે, તો ટળવાની ચંત.
કાયા મારી વૃદ્ધ થઇ, જીવ થયો નથી વૃદ્ધ;
બાદશાહ કે ખરૂં કહું, થઇ હવે તો હદ.
મન તણો સંદેહ ગયો, થયો શેઠપર ભાવ;
ઉમંગથી આપ્યો ઘણો, શેઠને સરપાવ.
બેગમને પણ કાવીયું, ઝટ દાસીની સાથ;
શેઠે સંદેહ ભાગીયો, કહી છે સઘળી વાત.
સ્ત્રીપર ના કોપશો, રાખો તે પર રે'મ;
એવું કહીને મોકલી, ટાળ્યો ગનનો વે'મ.
દાસીયે કીધું પછી, શાહની કહેલી વાત;
બેગમ સમજી મન વીશે, લાવ્ય કરૂં પંચાત.
હું પુછું એ બાઇને, શું કે'છેજ વચન,
શેઠાણી પાસે જઇ, લેવા ધાર્યું મન.
સામજુ તમે છો માત સમ, તેડાવ્યાં આ ઠામ;
પુછું પ્રશ્નજ એટલો, સ્ત્રીને કયાં તક કામ.
એક બનાવ એવો, લહ્યા ઘણા વર્ષની નાર;
શક્તિ ન મળે અંગમાં, તોપણ ભોગ અપાર.
તે સંદેહ ટાળો તમો, આ તે કેવી રીત;
વૃદ્ધે વિષય મૂકયો નાહ, મારૂં ચમકયું ચીત.

શું કારણ તેનું હશે, તે મુજને કહો વાત;
સંદેહટાળો માહરો, માનું તમને માત.
યુવા અવસ્થા વહી ગઈ, જરા અવસ્થા આજ;
ગમ પડી નહિ ઘડપણે, કહોએ કેવું કાજ.

ચોપાઈ.

શેઠાણી કહે સુણજો વાત, કહુ તમોને હું સાક્ષાત;
પુછયું તો ટાળું સંદેહ, શાંતિથી સાંભળજ્યો તેહ.
શરમ ન રાખું પુછો તમો, તો કે'વાને રાજી હમો;
નારીના દેહ માંય અનંગ, કોઇ દીવસ નવ થાતો ભંગ.
જ્યારે સ્ત્રીનું મૃત્યું થાય, ત્યારે વિષય તેમાંથી જાય;
લેજ્યો લક્ષે આપ તમામ, નારી નાભીમાં રહે કામ.
સાઠ વર્ષની નારી થાય, પછી આવશે હૃદયા માંય;
પીઉથી રમસે રંગે રંગ, નહિ થવાનો કામજ ભંગ.
દસવરસ રહે હૃદય મોંઝાર, દેખે નરને વાધે પ્યાર;
પછી કામ રહે મુખને ઠામ, પીયુનું મુખે જપતી નામ.
ચાર માણુસમાં હોય જો ગઇ, વાત કરે વિષયની તહીં;
બોલી મન વાળસે તેહ, આ લક્ષણમાં નહિ સંદેહ.
પછી નેત્રમાં જઇને ઠરે, પુર્ષ જોઇ હરખાતી ફરે;
દેખી પીઉને વાળે મન, છેલ્લું કહું છું એક વચન.
આ બધું સુજે કે વાર, પેટ ભરી કરે અનનો અહાર;
સો અક્ષરનો અક્ષર એક, તેહ કહ્યો નવ ચુકી છેક.
મરતાં સુધી સ્ત્રીને કેડ, જાય જ્યારે બળસે દેહ;
સેઠાણીનાં સુણી વચન, ત્યારે બેગમ હરખો મન.
કર્યો ખુલાસો મનનો આજ, સબળ થયું તેડયાનું કાજ;
આપ્યો એક મોતીનો હાર, બેગમ હરખી અપરમપાર.
વળી સોળ સણુગારો દીધ, માન્ય આપીને વીદાય કીધ;
પોંચાડવા આવી સુખપાલ, શેઠાણી તો થાતાં ન્યાલ.
શેઠને આપ્યો શરપાવ, વધ્યો શાહનો તેપર ભાવ;

સેઠ સાયબીનો નહિ પાર, ચમર વાયુ ઢોળે છે ચાર.
નીશાન ડંકે આવ્યા ઘેર, કોઈ ન લેહેતું આની પેર;
ઊમર થઈ છે સત ને બાર, પણ કામ ન જીત્યો તેવણુ નાર.
ડોસો નવ જીતાયો કામ, રામા બોલો આણે ઠામ;
તો તારાથી કેમ રેવાય, મુકી એકલી કેમ જવાય.

દોહરો.

ત્યારે નારી બોલતી, ઓરે મારા શ્યામ;
પધારો પરદેશમાં, નીશ્ચે કરવા કામ.
દૃષ્ટાંત આપ્યું વણીકનું, તે સાંભળ્યું મેં'ય;
વૃદ્ધપણે ઈચ્છા થઈ ત્યાં નારી શું કે'ય.
એ નર નારી જોટો હતાં, પિયુની થઇ ઇચ્છાય;
જો નારી લોપે કહ્યું, કુંભી પાકમાં જાય.
પતીવૃતાનો ધર્મ છે, ગણે પતીને ઇષ્ટ;
બચન લોપે એહનું, તો મળશે ફળ ભીષ્ટ.
તેમાં નારી શું કરે, રાખ્યો પીયુનો બોલ;
જાસો તમે પરદેશમાં, મનમાં કરજ્યો તોલ.
મારીસ મન હું માહરૂં, સુખે જાઓ આપ;
અઘટીત કર્મ હું આદરૂં, તો લાજે મુજ બાપ.
કાળા ટીલી કુળમાં, અઘટીત કરમે હોય;
નીશ્ચે મનમેં મારીયું, ચીન્તા ન કરો કોય.
કોઈ પુરૂષ ઇચ્છું કદા, ધીક પડયો અવતાર;
લાજે પુર્વજ માહરાં, એમ કરૂં વિચાર.
ત્યારે સ્વામી બોલીયો, તેં કહ્યું તે સાચ;
ક્રેહ વ્યાકુળ જ્યારે થશો, ત્યારે આવે આંચ.
જો મૂકું હું એકલી, નક્કી ભ્રષ્ઠ થવાય;
જો રહું તો સહુ બોલશે. રળ્યું બાપનું ખાય.
નારી જોઇ બેશી રહે, ધંધો મેલ્યો દૂર;
મુકી જાઊ એકલી, ચીન્તા રહે ભરપુર.

ચોપાઈ.

નારી બોલો સારાં વેણ, તે આગળ થાશે દુખ દેણ;
આજ કહ્યા જે આપ વચન, પણ નવ માને મારૂ મન.
તે ઉપર એક વાતજ સુણો, લક્ષ રાખીને મનમાં ભણો;
ઊતર દીશાની પૃથ્વીમાંય, ગામ હતું રમણીકપુર ત્યાંય.
તેની શોભા ઝાકઝમાળ, જાણે ઇંદ્રપુરીજ વીશાળ;
વશે વણીક તે ગામે એક, ડાહ્યો સત્યવાદી છે છેક.
તેનું નામ છે અમરતલાલ, તેને એકજ ઊતમ બાલ;
સટ્ટા તણો વેપારજ કરે, દેશાન્તરમાં હુંડીઓ ફરે.
તેનો શુત છે નટવર નામ, જાણે બીજો પ્રગટ્યો કામ;
કળા કૌશલ્યમાં એ કુશળ, ધર્મ કામમાં પણ નીરમળ.
તેહ પુત્રને એકજ નાર જાણે, રતી તણો અવતાર;
શુક ચંચુ સમ નાસીક હતી, જાણે બીજી પદ્માવતી.
સ્ત્રી પુરૂશ બહુ આનંદ કરે, એક એકને જોઇને ઠરે;
નથી દીવસ રાત્રીનું ભાન, એક એકમાં રહે ગુલતાન.
રાત્રી દીવસ રંગેથી રમે, એક એકના ઉભરા સમે;
પતીને નાખ્યો પ્રેમજ પાસ, તે છુટવાની ન મળે આશ.
બીજો ધંધો ન મળે કોય, પુરૂશ જોઇને બેસી રેય;
બેઠાં બેઠાં ખાધું દામ, કાંઇ કરે નહિ નીજનું કામ.
ટોટો ધનનો પડીયો ઘેર, હાવે શી કરવાની પેર;

દોહરો.

જ્યારે ધન ખુટી પડ્યું, ત્યારે કર્યો વીચાર.
માલ લેઇ પરદેશમાં, કરવો કાંઇ વ્હેપાર;
બેઠા ધન જે વાપર્યું, તે સાલે છે આજ.
માટે ઉદ્યમ કંઇ કરૂં, ત્યારે રેશે લાજ;
નહિ તો લોકો બોલશે, થયો પ્રેમઆધીન.
રાજા પણ કેશે ખરો, થયો નારીમાં લીન;

એવો વખત નવ લાવજો, કંઈક કરૂં ઉપાય.
પણ મોટી ચીન્તા રહી, મારા મનની માંય;
ઘર જોબન છે કામની એ મોટું દુખ દાય.
હું જાઉં પરદેશમાં, નારી રેશે એક;
કામ પ્રગટ જ્યારે થશે ત્યારે તજશે ટેક.
માટે મન વીચારવું, મોટું આવ્યું દુઃખ;
કેમ કરૂ એ નારને, જેથી થાયે સુખ.
જો સાથે લઉં કામની, ધારી અંતઃકર્ણ;
તો ભારો એ આપનો, નક્કી થાયે હર્ણું.
તો ઇજ્જત મારી જશે, જાય પીતાનું નામ;
કો રસ્તો સુઝે નહી, ખુટ્યા ખર્ચને દામ.
જબરો જાણું મામલો, નારીને લઉં સંગ;
વાટવીકટ જંગલ તણી, તો ત્યાં નવ રહે અંગ.
વાઘ વરૂને રીંછડાં, આવે વનની માંય;
તે જોઇ નારી કંપશે, શબ્દ નહિ સંભળાય.
તેમાં જો ગાલી કદા, જાય પલકમાં પ્રાણ;
દુનીયાથી ડરવું પડે, સુણું સરવની વાણ.
કેશે નારી ખોઇને, આવ્યા ભાઇજ વેર;
વચન કઠોરાં સાંભળી, પડે જ પીવું ઝેર.
એ બે વાતે દુઃખ છે, ગણે મુશકેને આપ;
સુજે નહિ સુજને જરા, હૃદયે પડ્યા છે કાપ.
તેહ સમે ત્યાં આવીયો, મિત્ર તેહનો એક;
કે ભાઇ મુખ કેમ ઉતર્યું, છો છો પડીયો છેક.
નહિ અંતર કોઇમાં કશું હૃદય બેઉનાં સ્વચ્છ;
પ્રેમ પરસપર છે ઘણો, જેમ મીનને મચ્છ.
લોહ ચમકને હોય છે, જેવો ઘાડો સ્નેહ;
મન મળેલા બેઉના, જોવા જુદા દેહ.
કહે ભાઇ પુછું તુને, કેમ ઉતરીયું મુખ;
મારા સમ સાચું કહો શું છે તમને દુઃખ.

ચોપાઈ.

તેહ વખતે બોલ્યો એહ, સાંભળ ટાળું તુજ સંદેહ;
પુછ્યું ત્યારે કહું છું તુને, મુદ્દું દુખ આવ્યું છે મુને.
ખુટી પડીયું ઘરમાં દામ, લાજ રાખતો મારો રામ;
ઢીલ કરૂં જો મનથી આજ, નક્કી જાશે મારી લાજ.
માટે હું પરદેશે જાઉં, માલ વેચીને નાણું લાઉં;
તેમાં મોટી થૈ પંચાત, તે વીસ્તારી કહું છું વાત.
ભર જોબન છે ઘરમાં નાર, તેને મુકી જાઉં બ્હાર;
રહે એકલી ઘરની માંય, કામ પ્રગટ જે વારે થાય.
રમશે પર પુરૂષની સંગ, ભ્રષ્ટ થવાનું એનું અંગ;
જો સાથે સફરે લેઇ જાઉં, અઘોરવનમાં દુઃખીયો થાઉં.
મારે પશુ ઓચીન્તી ફાળ, તર્ત કરે નારીનો કાળ;
તોપણ જગમાં હાંશી થાય, સુજે નહિ શો કરૂં ઉપાય.
બે તરફનાં પડે વીઘન, હાથ રહે નહિ મારૂં મન;
નવ નીકળું જો ઘરની બહાર, શું ખાવું તે કરે વીચાર.
જો જાઉં હુ લેઇને માલ, તો નારી નીકળે બે ચાલ;
કહે ભાઈ શું તારો મત, જાત્રા બેઠી છે ઇજ્જત.
શો રસ્તો શોધી કાઢે, ઉપાય જો મુને દેખાડે;
તું કહે તે કરશું હમો, શું સલા આપો છો તમો.
કથળે વૃતી નારી તણી, જુવે નહિ તે ઇજત ભણી;
કામ તજાવે તેને શર્મ, ભાગ્ય ભાઇ મારો તું ભર્મ.
તું કહે તે કરશું કામ, ભલે જાય નીજ ઘરની લાજ;

દોહરો.

ત્યારે સ્નેહી બોલીયો, ચીન્તા મુકો દુર.
મન નવ રાખો ઘર વીષે, પડે નહિજ કસુર;
ઘર તરફ નવ ભાળશો, ભલે જાઓ પરદેસ.
મુજ માથે સહુ એહ છે, તજજો મનનો ક્લેશ;

નારી તારી સાથવું, ફરીશ ચોકી હુંય.
સુખે જાવ પરદેશમાં, ઐદ્ર પરા કર તુંય;
વેમ ધરીશ નહિ મન વીશે, એ મારી છે બેન.
હું એનો ભ્રાતા સમજ, નહિ બદલાયે ચેન;
ઘણા ઘણા ઉપાયથી, નહિ ચુકવા દઉં ટેક.
જા સુખેથી સુલક્ષણા, રાખો મન વીવેક;
તે મારૂંજ વચન છે, નહિ થાવા દઉં ભ્રષ્ટ.
ત્યારે ચીત્રજ બોલીયો, ટળીયુ મારૂં કષ્ટ;
ફીકર તજી મેં મન થકી માલ કર્યો તયાર.
ઉંટે નાંખ્યા ગાસડા, જરા ન કીધીવાર;
મહુરત સારૂ જોઈને, તુર્ત કર્યું પરીયાણ.
નારી પાસે આવીયો, કેવા મુખથી વાણ;
જોજે નારી જાઉં છું, ક્યારે આવું હુંય.
તે નીશ્ચય મનમાં નથી, ટેક રાખજે તુંય;
જે આ મારો મીત્ર છે, જાણું સગોભાઈ.
તે કહે તેમજ ચાલશો, નથી કાંઈ જુદાઈ;
નાક રાખવું કુળનું, તે સઘળું તુજ હાથ.
હું જાઉં પરદેશમાં, કરમ લેઈ સંઘાથ;
સમજુને શું કહું ઘણું, સઉ સમજો છો આપ.
લજ્જા રાખે રામજી, એ એનો પરતાપ;
ત્યારે રામા મુખ વદી, આશું બોલો સ્વામ.
લાજે પુર્વજ માહારાં, અઘટીત કરતાં કામ;
સુખે શાણા સંચરો, તજજ્યો મનનો વેમ.
આપ ચરણમાં ચીત છે, તે તજવાની કેમ;
જો સત ચુકું માહરૂં, સંગ કરે નહિ ધર્ણ;
માત પીતા લાજી મરે, લાજે મારી વર્ણ.

ચોપાઈ.

મન હરખ્યો નારીનો કંથ હાવે મારે જાઉં પંથ;

માલ રાખીયો નીજ સંઘાથ, ઘર સોંપ્યું સ્નેહીને હાથ.
સારેવારો નીશ્ચય કર્યો, માલ લઈ ત્યાંથી સંચર્યો;
ઘરની ચીન્તા મુકી દુર, હર્ષ વધ્યો મનમાં ભરપુર.
સારા સારા દેશો ફરે, નફો રાખી વ્હેપારજ કરે;
એક વાતતો અહીંયાં રહી, ઘર તરફની શીખત કહું.
સોંપી ગયો સ્નેહીને નાર, નવ જાવા દે ઘરની બ્હાર;
વાત ચીત નવ કરવા દેય, રાત દીવસ રક્ષણમાં રહે.
જે જોઈયે તે લાવે ચીજ, મન થાવા નારીને રીઝ;
નજરન માંડે કોઈના ભણી, સ્ત્રીની ચીન્તા તેને ઘણી.
એવી કબજે રાખીનાર, વચન ન લોપે નાર લગાર;
વચન ન લોપે મિત્રજ તણું, આળગી નવ જાવા દે ક્ષણું.
રહે એકલી ઘરની માંય, અપલક્ષણથી આઘી જાય;
રાગ રંગમાં રે છે ખુસ, જોઈ મીત્રને વધતી હુંસ.
નહિ ઈજતને લાંછન હેય કહ્યા પ્રમાણે એતો રેય;
બેન કહી બોલાવી મુખ, નવ પડવા દે તેને દુઃખ.
એક દીનમાં સાતજ વાર, લેવા ખબર આવ્યો તેવાર;
છાના છીદ્રો જાતે જુવે, મુખેથી નવ સાખ્યો સુવે.
જરા આંખ્યમાં નવ સમાય, રાત દીવસ ખટપટમાં જાય;
કરતાં વર્ષ થયું છે એક, ત્યાં સુધી નવ તજીયો ટેક.
પછી પેઠીયો શત્રુ એક, તેને ભોળી પાડી છેક;
ફરેફરે વ્યાપ્યો છે કામ, નવ રેવાયે દીન કે જામ.
નીદ્રા નવ આવે તેને, પડે નહિ તંને ચેને;
મેડે પીડે કાયની માંય, સુતાં બેઠાં નવ રે વાય.
ભરે જેમ વીંછુડો ડંખ, તેથી સહન ઘણું છે દુખ;
અગ્ની વ્યાપ્યો કાયા મહી. કહું જઈ આ વાતજ કહી.
સીતળ ચીજો ચોળે અંગ, તોમન થાતો કામજ ભંગ;
ચંદન ચરચે અંગે ઘણું, બહું દુઃખ થાતું સું મુખ ભણું.
તે નારીને જોઈયે નર, રૂપ ગુણમાં બરાબર;
ક્યારે ભેટું નરને જઈ, એવી લત ત્યાં લાગી રહી.

પુરૂષ ભેટથી ટળે અનંગ, તો થાવાનું સારૂં અંગ.
એમ કરતાં દીન આખો ગયો, સંધ્યાકાળનો સમય થયો;
દીપક બાળે જળ ઝળ જ્યોત્ય, જાણે રવી થયો ઉદ્યોત.
ચાલી જયારે અડધી જામ, કર્યું નારીયે કેવું કામ;
ઉઠી અબળા ઝટપટ ત્યાંય, વીચાર કરતી મનની માંય.
પેર્યાં પોતે કપડાં બેશ, શોભી ઉઠ્યો સીનો વેશ;
નવસત અંગ ધર્યા શૃંગાર, લલચાવાને કોઈ પણ યાર.
આવી ઝરૂખામાં પદ્મણી પુરૂશ નામની લાગી હવની;
ચોપાસે તો દ્રષ્ટી ભમે, અનંગ અબળાને બહુ દમે.
બોલે મુખથી એવા વચન, કોણ કરે મુજ રાજી મન;
ને કરે મુજ કાયા શાન્ત, કોને કહું હું આજ વૃતાન્ત.
સુતો સ્વામી તણો જે મિત્ર, વચન સાંભળ્યાં એજ. વિચીત્ર.
બોલ્યો સ્નેહી મુખથી બોલ, નારી કરજ્યો મનમાં તોલ.
કરૂં તમારી હું તો વેઠ, સોંપી ગયા છે, મુજને શેઠ;
કરૂં તમારી સેવા રોજ, નાખશો સેઠે મુજ શીર બોજ.
શું કરવા બેઠાં છો કાજ, લેવા બેઠાં કોઈની લાજ;
સ્વામીને શું કેશો નાર, પત ખોવા બેઠાં આવાર.
માત પીતાનું જાશે નાક, જરાક રાખો ધરની ધાક;
સમજુ થઇ શું અણરીત કરો, લાજ જરા મનમાંહી ધરો.
કાલે આવશે આપો આઇ, મન મારી બેસો ઘરમાંઇ;
ધીરજનાં ફળ મીઠાં હોય, ફરી ફરી નહિ કેશે કોય.
એમ કહી અલબેલી નાર, પાછી ગઇ ભોવન મોઝાર;
ઘણા કષ્ટથી કાઢી જામ, નીંદે નડીયો એને કામ.

દોહરો.

સુર્ય ઉદય જ્યારે થયો, કામ થયો છે શાન્ત;
તનમન ટાઢુ થઇ ગયું, ત્યારે ભાગી ભ્રાન્ત.
પાછો દીન વીતી ગયો થઇ છે સંધ્યાકાળ;

પ્રગટ થઇ છે અગ્નિ વેહ અગ્નિની જવાળ.
નારી મન ધભરાય છે, સ્વામી ગયો પરદેશ;
ફરી માત્રને સોંપણી, સુઝે નહિ કાંઈ દેશ.
એ મારી રક્ષા કરે. નવ જાવા દે દૂર;
કરમ તણી કરણી કહું, જઉં કોનીજ હજુર.
જોતો પગલાં માહરાં, આગળ રાખે આંખ્ય;
એ અવળો મુજથી થયો, તન કરે મુજ ખાખ.
પણ યુક્તિ એક આદરૂ, બેસી રેઉં કેમ;
બોલાને બળગાં કરૂં, એથી બાંધું પ્રેમ.
ઘેર જાઉં એહને, મારૂં એને હાંક;
દ્વાર ઉઘાડે એ નહિ, મુજ કરમનો વાંક.
ઘર તેનું પાસે હતું, તર્ત કર્યું પરિયાણ;
બાકું મોટું પાડીસું, ચાલી યુવની ખાણ.
લાગ તપાસી લાડીલી, ઉતરી ઘરની માંય;
પગપર ઘા થાતો નહિ, એવો મુકે પાય.
શેઠ મીત્ર સુતો હતો, પલંગની મોઝાર;
બેઠી જઈ ત્યાં કામિની હરખ વધ્યોજ અપાર.
જગાડીયો ત્યાં પુરૂષને, કીધું મંદજ હાસ્ય;
આવી શરણે તમતણી, પુર્ણ કરો મુજ આશ.
ઇચ્છા મુજને ભોગની, તે પુરો ને યાર;
સોંપ્યું તન તમને બધું, લગાડશો નહીં વાર.
લાજ મુકી કુળની, આવી છું એકાન્ત;
ના હા કોઇ કેશો નહિ, કરો ત્વરાથી શાન્ત.
ભંગ કરો નહિ મનને, કરો મુજથી ભોગ;
નહિ તો પાપજ લાગશે, આવ્યો સારો યોગ.
નવરેવાને મુજ થકી, સાથું મૂકી દૂર;
ઇચ્છા પુરી પાડવા આવી આપ હજુર.
ત્યારે પુરૂશજ બોલીયો અઘટીત તારી રીત;
ધીક પડે મુજ દોસ્તીમાં, તુજથી બાંધુ પ્રીત.

એ મુજને બંધુ ગણે, હું જાણું મારોવીર;
સંગ કર્યો સોનું લહી, થાવું કેમ કથીર.
મુજ ભરાંસે સંચર્યો, વીદેશ માંયે ભ્રાત;
રક્ષા માટે મુકીયો, બીક પડે મુજ જાત.
ખરીખાતરી માહરી, ત્યારે પળીયો ગામ;
આશુ બોલો મુંહથી, બોળ્યું બાપનું નામ.
કામ કૃતઘ્નિનું કરૂં, ધર્મ કરે નહિ સંગ;
મુવા પછી ખોટી દશા, વળસો નહિ કંઇ વ્યંગ.
બેન કહી બોલ્યો તુને, કયાં વીસરી ગઈ વાણ;
ભજન કરો ભગવાનનું, એમાં મળસે લાણ.
સવાર થાસે જો કદી, જાણે વાતજ કોઇ;
માટે પાછા ઘર વરો, હોવાની તે હોઇ.

ચોપાઈ.

ભંગ થયું નારીનું મન, સુણી પુરૂષનું એહ વચન;
જોર હતું તે જાતું રહ્યું, કામ જરા નવ તેનું થયું.
મસ્તાની હાથી સમ જોર, ઉતર્યો તેનો પલમાં તોર;
સીંહ સરીખી નારી હતી, નીરાશ થઇને પાછી જતી.
નરમ થઇ છે સઘળી રગ, શક્તિ વણુ નવ ઉપડે પગ;
અરે પ્રભુ શું મારી ગતિ, દુખ પામું છું નમળે પતિ.
પગ તેનો ઉપડે નહિ એક, બની ગળગળી અબળા છેક;
મીત્ર કહે ચાલો ઝટપટ, મુકી દો સઘળી લટપટ.
સવાર થાતાં જાણે કોક, રજનું ગજ કરવાના લોક;
માંટે જલદી નીસરી જાઓ, જરાક ડાહ્યા દીલથી થાઓ.
ત્યારે નારી બોલી વેણ, સુણો શાન્તીથી મારૂં કેણ;
થયા માહરા બુરા હાલ, કરો જરા તમે દીલમાં ખ્યાલ.
નથી ઉપડતો મારો અંગ, ભલે કરોને મારૂં મર્ણ;
હીંમત રાખી આવી ખરી, બુરી દશા તો મારી કરી.
શક્તિ નમળે જાવા માટે, કહો હાવે કરવો શો ઘાટ;

પુરૂશે બાંધી ગટ, નારી આંખે સીખી ચટ.
ખળીત થયો છે સ્રીનો કામ, મીત્રે મુકી ઘરમાં વામ;
કામ તણું જે ગરજુજ ગયું, પુરૂશ શરીરે સઉ પ્રસર્યું.
ખબર પડી નહિ તેને કશી, અબળા તોનીજ ઘરમાં ઘસી;
રેલો અંગે ઉતર્યો જેહ, તેનો ટાળું સઉ સંદેહ.
પુન્ય કરતાં પાપજ મળ્યું, તે દીનથી તન કથળી ગયું;
રક્તપીત તો તેને થયો, દુખ દરીયામાં ડુબી ગયો.
અનંગ બાળે છે આખી કાય, તે દુઃખ તેથી નવ સેવાય;
પાઠાં નારાં ગઢીયાં ઘણાં. દુખ પડવામાં નવ રહી મણા.
સહન થાય નહિ અગ્ની જવાળ, રોગ લાગીયો છે વીશાળ;
જુવો જગતની કેવી રીત, જરા રાખજો આમાં ચીત.
સારૂં કરવા મીત્ર ગયો, પણ બીચારો દુખીયો થયો;
એ ઇશ્વરનો આડો ન્યાય, અધર્મીને કાંઇ ન થાય.
દુખ તેને બે મોટાં થયાં, તેતો મુખે જાય ન કહ્યાં;
તરછોડવાનું પ્રાયશ્ચીત શીર, બીજું કથળ્યું છેજ શરીર.
અબળા પાછી કાઢી ખરી, પ્રથમ વોચ્યું કાંય ન જરી;
રગતપીત નીકળીયું કાય, જવાળા તેની નવ સેવાય.
દુરગંધીથી કોતું અંગ. ઘરના માણસ ન કરે સંગ;
પાસે તેની આવે નાહી, આવી બુરી દશા થઇ.
સાચવીયો પોતાનો ટેક, દુઃખી થયો પાછળથી છેક.
કષ્ટાતી પોતાની દેહ, પણ સાચવતો નારી તેહ;
મારા મીત્રની ઇજ્જત જાય, તો મોહું શું દેખાડાય.
મુજ વીશ્વાસે એજ ગયો, મેં એને દ્રઢ બોલજ કહયો;
ધન્ય દોસ્તી એ મીત્ર તણી, દુનીયામાં દીઠી છે ઘણી.
પણ આની નવ આવે તોલ, આપેલો સાચવીયો કોલ;
માત જણો તો આવા જણો, આ મીત્રની વીધા ભણો.
આ મીત્રનો ધન અવતાર, દુષ્ટ મીત્રને છે ધીકાર;
દુઃખી શરીરે ચોકી કરે, નેત્ર દીશા ચારેમાં ફરે.

ઘણું પીડાતી અબળા જાત, કલ્પી કાઢે છે દીન રાત;
દહાડા તો વીત્યા છે બહુ, હવે પછીથી વાતજ કહું.
મીત્ર કરે છે એની વેઠ, દોઢ વરસે આવ્યા શેઠ;
ઘણું કમાઇ લાવ્યા ધન, ગયા તેહના દુખના દન.
આમ લોકોયે જાણી વાત, શેઠે દીપાવી છે જાત;
સગાં સંબંધી મળવા ગયાં, હળી મળીને ખુશી થયાં.
ઘેર આવીયા શેઠજ સુજ્ઞ, નારીનું મન થાતું મગન;

દોહરો.

વધ્યો હર્ષ નર નારને, મીત્રે જાણી પેર.
મળવા જાઉં ભાઇને, ચાલી એને ઘેર;
આવ્યો જાણી હરખીયો, જેમ ચડે સાગરપુર;
તેમજ મળવા તલપીયો, હર્ષ વધ્યો ભરપુર.
હાથે ઝાલી લાકડી, ટેકો મુકી જાય;
ઘણા પ્રયત્ને આવીયો, ટકી શકે નહિ પાય.
આવ્યો ઘેરજ મીત્રને, નજરે દીઠું વાન;
આ હાલત તારી થઇ, મુખ થઇ ગયું મ્લાન.
આ સ્થિતિ શાને થઇ, કહોને મીત્ર ચતુર;
કેમ વશ નારી રહી હતી, કહે મીત્ર જરૂર.
સઉ વીસ્તારી કહો મુને, કેમ કથલીયો દેહ;
ત્યારે ચીન્તા સઉ ટળે, ભાગોને સંદેહ.
ત્યારે મીત્રજ બોલીયો, સાંભળ મારા ભ્રાત;
પુછયું તો પ્રેમે થકી, કહું વીસ્તારી વાત.
નારી સોંપી મુજને, ગયા આપ પરદેશ;
વચન તમારૂં પાળવા, નજર કરૂં હમેશ.
તમે સફરમાં સંચર્યા, માસ થયા જયાં પાંચ;
ત્યાં સુધી તો મુજને, કાંઇ ન આવી આંચ.
પછી નારી નબળી થઇ, અંગે વ્યાપ્યો કામ;
તેણે મનમાં ધારીયું, કયાં કરૂં આરામ.

કપડાં પેર્યાં કામની, ધરી સોળ શૃંગાર;
મનમાં એમજ ધારીયું, રમું કોઇથી જાર.
ખબર પડી એ મુજને, રોકી રામા રાંક;
કાયામાં કષ્ટી ઘણી, શો કહું હું વાંક.
મેં કહ્યું હે માનુની, સ્થંભાવોને ચીત;
જગતના સામું જુવો, કેમ કરો વીપરીત.
સાત પેઢીનું બોળવા, કયાં બેઠાં છો નામ;
કાલે શેઠજ આવશે, હૈયે રાખો હામ.
માત પીતા લાજી મરે, આ સાંભળતાં વાત;
મુજ બંધુને મરવું પડે, આપ વીચારો જાપ.
એમ વચન લાખો કહ્યાં, સમજાવ્યાં શુભ રીત;
ઘરમાં ગોરી પેસીયાં, તજી તરત અનીત.
તે રાત્રી વીતી ગઈ, થાતું પ્રાતઃકાળ;
નીજ ધંધો મુકયો પરો, રોજ કરૂં સંભાળ.
તે દીનની રજની થઇ, વળી પ્રગટીયો નેહ;
રાતે રામા જાગતી, શાન્તી કરવા દેહ.
તેણે મનમાં ધારીયું, શો કરવો ઉપાય;
પગલાં જોતો માહ્યરો, મુજથી કેમ જવાય.
ધાર્યું એણે મન વિષે, શહુ એહને જાઉં;
તો ધાર્યું થાશે ખરૂં, શીદને ખોટી થાઉં.
મધ્યરાતે આવી ખરી, મુજ મંદીરની માંય;
ચણ દાબી મુકતી, શબ્દ જરા નવ થાય.
ભર નીદ્રામાં હું હતો, આવી મારી પાસ;
મુજે કાયા એહની, આવી મળવા ખાસ.
મને જગાડયો પ્રીતથી, ભાગી મનની ભ્રાંત;
શરણુ તમારે આવી હું, મુને કરોને શાન્ત.
વચન સુણી આ નારનાં, મને ચડયો છે કાળ;
અગ્નીમાં ઘૃત હોમતાં, પ્રગટ થઇ છે જવાળ.

મે કહ્યું ફટ તુજને, કાઢ તાહરો જીવ;
અવગુંણ કર્યાં તું આહરે, કોપે તુજપર શિવ.
બેન કહી બોહ્યો તુને, જા જલદી તુજ ઘેર;
સવાર થાશે જો કદા, લોક જાણશે પેર.
માટે જા તું જલદીથી, કર્યો એહનો ત્યાગ;
વચન સુણીને માહયરૂં, લાગી અંગે આગ્ય.
આશક એ અબળા થઇ, જરા મળે નહિ જોર;
આઘી નવ ખસતી જરા કર્યો કરૂં હું સોર.
ત્યારે તે બોલી ખરી, કેમ કરીને જાય:
જોર જરા મુજને નથી, કેમ ઉપાડું પાય.
વીહાય કરવા તેહને, ખાંધે લીધી મેંય;
કામ ખલીત તેને થયો, પુરૂષ સ્પર્ષે નવ રેય.
તેને મુકી ઘર વિશે, કામ ઉતરીયો જેહ;
મુજ ઉપર તે તો પડયો, મારી બગડી દેહ.
તેનો વ્યાધી ઉપન્યો, હું વેઠું છું દુઃખ;
નારી તારી જાળવી, એટલું મોટું સુખ.
વચન સુણી આ વીરનાં, થયો શેઠ બેભાન;
મુજ માટે દુઃખ વેઠીયું, કથલ્યું તારૂં વાન.
ધન્ય માવીતર તાહરાં, ધનધન તારૂં કુળ;
મીત્ર મળે આવા મળો. નહિતો દુઃખનું મુળ.
બીરદ સાચવ્યું તાહરૂં, ધન્ય તારો અવતાર;
મુશ્કેલ નારી રાખવી, માનું તુજ આભાર.
આજ પછી એ નારીનું, નવ જોવુંજ વદન;
જાઉં જંગલમાં હવે, ત્યાગ કરી ભોવન.
ત્યારે મીત્રજ બોલીયો, સાંભળ મારી વાત;
તું શીદ ઓછું લાવતો, દુખ વેઠું મુજ જાત.
પ્રાયશ્ચિત કાંઇ કીધાં હશે, તેથી લાગ્યો રોગ;
તું શામાટે શોચતો, મુજ ભવિષ્યનો યોગ.

જો જો મુખથી બોલતા, જાઓ નારી પાસ;
સુખે નારી ભોગવો, થાશે દુખનો નાશ.
સ્ત્રીનું મન રાજી કરો, તો ટળશે મુજ પીડ;
મન ઓછું નવ લાવશો, સ્ત્રી પર ન કરો ચીડ.

ચોપાઈ.

ઘણા પ્રયત્ને વાળ્યો શેઠ; દયો પ્રેમથી જઈને ભેટ;
એમ કહી ચાલ્યોજ ચતુર, દુઃખ થયું કંઈ તેનું દુર.
નર નારી આનંદે રમે, પછી કામ કોઈને ના દમે;
મીત્ર શેઠનો દુખી હતો, તેહ પલકમાં સુખી થતો.
માટે નારી સાંભળ વાત, મેં કહ્યું તુજને દષ્ટાંત;
નારીથી રેવાયું નહિ, દુખી મીત્રની કાયા થઈ.
કેવો તેનો બંદોબસ્ત, તોપણ નારી નવ રહી હસ્ત;
એવો મીત્ર થવાનો નહિ, નારી સમજો મનની મહિ.
વચન પાળવા વેઠયું દુઃખ, સત્યે થાતું તેને સુખ;
અનેક ઉપાયે એ નવ રહી, તો કેમ રેશો નારી સહી.
સ્ત્રીનાં મન પલકમાં ભમે, સગાભાઈની સાથે રમે;
નથી મને તારો વીશ્વાસ, મન મારૂં રહે બહુ ઉદાસ.
મોટી ચીન્તા મનમાં ખરી, મુકી જાઊ કેમજ જરી;
અઘટીત જો આદરશો તમો, વિષ પીને મરવાના અમો.
ત્યારે નારી બોલી બોલ, જરાક કરજ્યો મનમાં તોલ,
મને ગણી શું તેહ સમાન, સઊને સરખું ન મળે માન;
જગમાં જનમ્યા જે જે જન, સઊનાં સરખાં ન મળે મન;
કોઈ ઊંચ ને કોઈ નીચ, નીચ આવશે માણસ બીચ.
એક બાપના બાળક બેય, એક ભમે બીજો સુખ લેય;
બે કુંવરીનો બાપજ એક, એક સુશિલ બીજી શઠ છેક;
તેવી રીતે માનો સર્વ, જાઓ તમે લેઈ ઉત્તમ પર્વ;

નહિ મુકું મારૂં હું પત, આપ વીના સઊ સ્મશાન વત.
નીશ્વાસે ચાલે છે વાણુ, સઊ સમજો ગુણુની ખાણુ;
સ્થિર ચિત રાખીને રહું, નામ પ્રભુનું પ્રીતે લહું.
વારે વારે શું કહુ કંથ, આપ પધારો સુખે પંથ.

દોહરો.

વચન શુણી આ નારનાં, બોલ્યો તેનો નાવ;
શું બોલે તું સુંદરી, વાગે મુજને ઘાવ.
આખર નારી નીચ છે, શાહ થાય છે તુંચ;
રીસ ચડે મુજને ઘણી, બધું કહુંની હુંય.
મંમતને મુકો નહિ, જીભ કરોને બંધ;
કામ પ્રગટ જ્યારે થશે, નારી થાશો અંધ.
જુગ ફેર માણુસ થયા, જુગ ફેર વચન;
જુગ ત્રણુનાં માણુસો, તેનાં જુદાં મન.
કળીજુગમાં સઊ કર્કશા, કંઇ કેને કંઇ જાય;
પગલે પગલે દુષ્ટતા, જાય નર્કની માંય.
તે ઊપર કહું વારતા, સુણો રાખીને ચિત;
વાર કરે નહિ ભામની, પલમાં તોડે પ્રીત.
એક શેઠ એવો હતો, સત કરોડની શાખ;
ઇજ્જત આખા દેશમાં, ચાકર નફર લાખ.
સો માણુસની સાયબી, હાથી ઘોડા ઘેર;
ખમા ખમા સઊકો કરે, છે ઇશ્વરની મેર.
સગું સંબંધી બહુ હતું, મીત્રજ અપરમપાર;
કાંન્તિ કામ સરીખડી, ગુણુ તણો ભંડાર.
દેશ દેશમાં પેઢીયો, નામાંકિત છે શેઠ;
આડતીયા આવે ઘણા, લેવા શેઠને ભેટ.
સટ્ટાના ધંધા કરે, નાણુાંની નહિ ખોટ;
વાંણુ ફરે દરીયા વીચે, નહિ કોઇ તેની જોડ.

તેનો મીત્રજ એક છે, ચમકલો હુસમ પ્રીત;
મળવા માટે શેઠને, સ્નેહે આવે નીત.
એકાંન્તે વાતો કરે, નહિ કોનામાં ભિન્ન;
આનંદ લ્હેરો ખાય છે, જાતા ઊત્તમ દીન.
એક દીન એકાન્તમાં, બેઠા બંને મીત્ર;
પુછયો પ્રશ્ન શેઠને, તમો કહોજ ચરીત્ર.
વાતજ પુછું આપને, સર્વે વાતો સેલ;
ભાભી નમળે આહ્યારી, નથી શોભતો મેલ.
અગણીત તારા ગગનમાં, પણ નવ હોયે ચંદ્ર;
સ્વર્ગ ઘણું શોભી રહે, પણ ન હોયે ઇંદ્ર
ઇંદ્ર વિના સ્મશાન છે, સૂર્ય વીના જેમ આભ;
પુત્ર વીના નારી નહિ, ધન વીના શા લાભ.
તે માટે કહું આપને, ભાભી લાવો ઘેર;
તે વીણ ઘર શોભે નહિ, વધું કહું શી પેર.

છપ્પો.

નહિ જેના ઘર નાર, ધીક તેનો અવતાર;
નહિ જેના ઘર નાર, ઇજ્જત નહિ અપરમપાર.
નહિ જેના ઘર નાર, ડાંડીયો સર્વે કે છે;
નહિ જેના ઘર નાર, ઉજડ ઘર તેનું રેછે.
રામા નહિ જે ઘર વીષે, તેથી અળગા દેવ છે;
ચુનીલાલ કહે ચતુરાવીના, નીશ્ફળ દેવજ સેવ છે.

મનહરણ.

નારી નહિ જેના ઘેર, તેની ભુંડી જાણો પેર;
ઓચીંતો આવે જો રોગ, ભોગ તેના મળીયા.
સગાં વાલાં જોવા જાય, ઉંચો ઉંચો મરે પાય.
જરા જોયું નવ જોયું, પછી પટ પળીયા.
મુવા પછી મીઠું વળે, લોક લેઇ લેઈ પળે;

ધણી વીના ધન લેઇ, ચીત જાય ચળીયાં.
ચુનીલાલ કહે નહિ, નારી જેના પર બીશે;
ધરતી ધરરર ધ્રુજે, ધ્રુજે છાપ નળીયાં.

દોહરો.

માટે મારા શેઠજી, પરણો નઊતમ નાર;
શા માટે બેશી રહ્યા, શું ધાર્યો વીચાર.
તે મુજને આજે કહો, ભાંગો મનની ભ્રાંત;
સંદેહ સઘળો ટાળીને, મન કરોને શાન્ત.

ચોપાઈ.

ત્યારે બોલ્યા ચાણુ શેઠ, નારી નબળી જાણો વેઠ,
લે લાવ્યા કુલવાળી નાર, આખર ખોયે કુળનો ભાર.
કામ પ્રગટ જે વારે થાય, પતિવ્રતા પણ વંઠી જાય,
જીવ ખડગ ધારાયે રહે, કોણ નારીનો ભેદજ લહે.
કંઇક કરે કથાલું કૃત, કાઢવો પડે પ્રાણજ તર્ત;
ઉંચુ જોવા નવ રહે દન, માટે મારી બેઠો મંન
ભાઈ જવાદે એ પંચાત, આખર નારી નબળી જાત;
મારૂં માનો મોટા ભાઈ, ભાભી લાવો ઘરની મહી.
મારી દઇશું કેળવણી, બ્હાર જવા નહિ દઈએ ધણી;
નહિ નડે તમને વિઘન, આપ કરોને ઝટ લગન.
લગન કર્યાથી વધશે વંશ, મુજને પણ વધવાની હુંશ
ઘણા પ્રકારે મનાવ્યું મન, પરણવાનો ઠરાવ્યો દન.
શેઠ કહે તું કે'છે આજ, નક્કી મારે કરવું કાજ;
દેશ દેશમાં માણસ ગયાં, તજવીજ કરવા તે તો રહ્યાં.
અતિ કરે ત્યાં ગોતાગોધ, ઘણે દીવસે લાગી શોધ;
અમુક્ય નગરમાં અમુલખ શેઠ, તેણે આપી કન્યા ભેટ.
કુળ પૈસાવાળોજ વણીક, મળી તેહને કન્યા ઠીક;
લગ્ન કહાડીયું મુરત લેઇ, લગ્ન તણી જામી ખુબ ચોકઇ.

અગણીત ત્યાં વાવરીયું દ્રવ્ય, સઉ શેઠની બોલે જય;
પરણવા ગયા છે પરદેશ, સસરે શોભા કીધી બેસ.
કન્યાદાન કોડેથી દીધ, પછી જાનની ખબરજ લીધ;
સસરા મનમાં હરખ્યા અપાર, જામાત્ર જાણે દેવ અવતાર.
પેરામણી આપી છે ઘણી, શું વખાણું મુખે ભણી;
જુકતીથી જમાડી જાન, પછી વળાવ્યાં આપી માન.
વરકન્યા આવ્યાં છે ઘેર, લગ્ન કર્યું છે રૂડી પેર;
વૃદ્ધ જનોને લાગ્યાં પાય, પછી આવીયાં ઘરની માંય.
ગ્રૃહસ્થાશ્રમ માંડીને રહ્યા, દુઃખ તણાતો દીનજ ગયા;
મીત્ર હરખાયો મનમાં ઘણું, આનંદ મુખે શું હું ભણું.
ક્યાં ગયોરે મારો મીત્ર, પ્રથમ મુનેતે ગણ્યો વીચીત્ર;
કેવું શોભ્યું છે આ ઘર, મન માન્યું છે બરાબર.
મોજ કરો ભાભીને ભાઈ, ઘેર ગયો છે તે હરખાઈ;
જરા ભાગવી મનની ભ્રાન્ત, નારીની હું કહું છું વાત.
રંભા જેવી અબળા એહ, કનક સમાણી તીની દેહ;
શશી સમ તેજ રવી બાળ. રૂપ રૂપતણું છે આળ.
નાગ સમાણા શીરના કેશ, સું વખાણું એનો વેશ;
કટી કેસરી સમ શોભે કેડ, ઉરવશિ મદ મુકી રેય.
સાક્ષાત દેવી અવતાર, મળી શેઠને એવી નાર;
નાથ વચન મસ્તકપર ધરે, નીશ દીન સેવા સારી કરે.
પાણી માગે દુધજ પાય, બેઉના દીન આનંદમાં જાય;
એક એકથી જાય ન દુર, સ્નેહ વધ્યો બેઉનો ભરપુર.
રંગ વીલાસે કાડે દીન, પ્રેમ પાસમાં બનીયાં લીન;
સોગઠાંબાજી રમતાં ચોપાટ, ટાળે મન તણો ઉચાટ.
કાઢયા દીન પર દીનજ ઘણા, એના સ્નેહમાં નાવે મણા;
એવે કૌતક થાતું શુંય, તે વીસ્તારી કહું છું હુંય.
મોજ કરે મન માંની છેક, એવે કાગળ આવ્યો એક;
કાસદ કાગળ લાવીયો, શેઠે ત્યાં બોલાવીયો.

કાગળમાં શું બીના લખી, ત્યારે તેણે મુખે ભખી;
પેઢી આપની છે અંગદેશ, ત્યાં બનીયો છે શું આદેસ.
કોઈ દેશનો આવ્યો પત્ર, વાંચી ખબર આણી છે તત્ર;
જે વીરચા શેઠ હતો, તેનો માલ ફેરવહલે જતો.
કાગળ તેને છે લખીયો, માલ તમોપર મોકલીયો;
અમુક દીવસે આવસું હમો, તૈયાર નાણું રાખો તમો.
તે માલ નથી આવ્યો ત્યાંય, અમે વિચાર્યું મનની માંય;
શાનો માલ ને શું આવાત, આ પડી મોટી પંચાત.
તર્ત પત્ર મોકલીયો સાફ, લખ્યું અવળ આપજો ઇનસાફ.
શાનો માલ ને શાના દામ, કેમ લખ્યો આ પેઢીનું નામ.
નથી આવીયો અહીયાં માલ, આ તમારી ખોટી ચાલ;
એમ લખી મોકલીયો દાસ, પત્ર વાંચતાં પડીયો ત્રાસ.
મેં મોકલીયો મારે હાથ, આ મોટી પડી પંચાત;
બીજા કોઇની મગદુર શુંચ, તપાસ જઈ કરવાનો હુંચ.
પછી યુક્તિથી મોકલીયો, માલ એમને નવ મલીયો;
કર્યો ખરો શેઠે પડપંચ, માલ પોંચ્યોને બોલે રંચ.
લાવ્ય કરૂં જાતે તજવીજ, જો માને તો રૂડી રીત;
સાથે માણસ લાવ્યો બહુ, ના કહેતો ઇજત લઉં.
આવી પોગ્યા છેજ તમામ, ઘેરી લીધું સઘળું ધામ;
કાડ્યા સઉને પેડી બહાર, જપ્ત કર્યો માલજ તે વાર.
લાવો અમારાં નાણું હાલ, મોકલીયો પરથમથી માલ;
નહિ આપો તો ઇજત જશે, દેવાળું કાઢસું એમ થશે.
માટે ચાલો અનશાતાર, કરો નહિ કશાંય વીચાર;
આપ વીના અંધારૂં ભીત, તસ આવે નીકળશે વેત.
ઇજત લેવા ઊભા રહ્યા, આવા બોલ કાસદે કહ્યા;
હોય તમારાં ત્યાં માણસ, તમ વીના નહિ મળશે જસ.

દોહરો.

ત્યારે શેઠજ બોલીયો, સુણી દાસનાં વેણ;

પત્ર વાંચતાં અબકીયા, શેઠ કહ્યા દુઃખ દેણ.
જો હું ત્યાં જાઉં નહિ, દુકાન ઉજડી જાય;
મહા મહેનતની આબરૂ, પળમાં હલકી થાય.
જો જાઉં હું આ સમે, ઘેર એકલી વામ;
વરસ દીવસ ત્યાં તો થશે, નારી રહે આ ઠામ.
અહીંથી હું અળગો થયો, ઘેર એકલી નાર;
તેને કામ પ્રગટ થયે, કોથી રમશે જાર.
થયા વીના ચાલે નહિ, ત્યાં ઇર્જત લે લોક;
અહીં નારી વંઠી જશે, બન્ને વાતે શોક.
નારી પાસે આવીયો, આપ્યાં આદરમાન;
પ્રેમેથી બોલાવીયા, આપ્યાં સુખમાં પાન.
હસ્ત જોડી ઉભી રહી, સ્વામીની સન્મુખ;
આ કારણ સુખ ઉતર્યું, શું પડ્યું છે દુઃખ.
સેવા હું કરનાર છું, હૈયે રાખું આપ;
દીવસ નીસ જાપ્યા કરૂં, આપ નામનો જાપ;
દેવ સરવ દુખી થયા, જોઇ આપ વેસોગ.
આપણને સુખ ના મળે, એવો કેવો ચેગ;
શેઠ કહે શાણી સુણો, એઉ નારીયે સેલ.
વેલવણ પાણી કર્યું, પડ્યું પેટમાં તેલ;
ઉદાસ ત્યાં અબળા થઇ, કહોને સઘળો ભેદ;
આ માટે લજવું પડ્યું, તે ટાળોને ખેદ.
ત્યારે શેઠે કહી બીના, જો જાઉં નહિ આજ;
ઇજ્જત લેવા આવીયા, શું કરવું છે કાજ.
જો જાઉં હું તે જગા, ઘેર એકલી તુંય;
કામ પ્રગટ તુજને થશે, મારે કરવું શુંય.
જ્યારે નારી આવશે, પોતાના જોબંન;
અનેક ઉપાય તેને કરો, પણ નહિ મારે મંન.
ચાકર હોય કે ચતુર હોય, તેથી બાંધે પ્રીત;
સ્વર્ગ સમાણું સુખ હશે, પણ સમજશે ચીત.

મારે મૂકી જઉં તો, કોણ જી આંપો એમ;
આ લગ્નની રીત છે, કહો કરું હું કેમ.

ચોપાઈ.

ત્યારે નારી મનમાં હસી, ચીન્તા આપ કરો ના કશી;
સુખે જાઓ મુજ સ્વામી, કહુ તમોને હું નામી.
નહિ ખોવાની કુળનો ભાર, તમો વીના નવ નીકળું બ્હાર;
જરા કહે આનો બહુ આપ, બ્રહ્મહત્યાનું મુજને પાપ.
હાવે અવધી આપી રહી, છેલ્લી વાણી તમને કહી;
મુજ બોલે સાચું નવ જોય, હરિ કરે તે હાવે હોય.
કામ કરે નહિ એ અઘટીત, પછી મને એનીજ પતીત;
સુની નવ મૂકું એ વસ્ત, કરી જવો ખૂબ બંદોબસ્ત.
શેઠ ખટપટ માંડી મચ્યો, એક ઢંઢીયો મેહલ રચ્યો;
કાષ્ટ તણો એક સ્થંભજ કીધ, તેપર મેહેલ બનાવી દીધ.
તેમાં રાખી નીતમ નાર, સેવક મૂકયા મેહેલજ બહાર;
ખુલ્લાં ખડગ હસ્તોમાં ધરે, મેહેલ તણીતો ચોકી ફરે.
જયાં હતી પોતાની માત, તેને માંડી કહું છું વાત;
વહુની પાસે જઇ રેજ્યો, શીખામણ સારી દેજ્યો.
જો જો ચલાવે નહિ આ મત, નહિ તો જાશે કુળની પત;
એમ કહી સમજાવી વૃદ્ધ, કામ કર્યું છે સધ.
નારી પાસે મુકી માય, સેવકને શું શું કહીને જાય;
ભલે એ હમારી છે વહુ, પણ તમોને વાતજ કહું.
નબળું કામ કરે જો દીશ, ભલે કાપજ્યો એનું શીશ;
ગુણ તમારો ભૂલું નહિ, નારી ખસવાડયો ના કહી.
બંદોબસ્ત કર્યો છે એસ, પછી ગયા છે શેઠ પ્રદેશ;
સાસુ વહુ ઘરમાંહી રેય, એક એકને માગ્યું દેય.
કંઈ જોઇયે નારીને વસ્ત, મંગાવે છે સેવક હસ્ત;
આનંદે દીન કંઇકજ ગયા, છ મહીના લગભગમાં થયા,

વાયુ વસંતરૂતુનો વાય, તે નારીથી નવ સેહાય;
અંગ બળે છે ચડે હાડ, ગમે નહિ હીંચોળા ખાટ.
ખાવું પીવું નવ ગમે, અનંગ અતિશે આને દમે;
ગમે નહિ બીજો વૈભોગ, કામજ્વરનો લાગ્યો રોગ.
નાંખે નીશ્વાસા અપરમપાર, કેમ કરૂં હું આણે ઠાર;
મહ કરે કોણ આવી દુરસ્ત, એકાન્તે કોણ આવે પુરૂષ.
સ્વામી આવશે કે હાડે, કોણ અનંગ ટાઢો પાડે;
સુવે બેસે ઉભી થાય, હવા ખાવા ઝરૂખે જાય.
તેના ઘરના સામો મેહેલ, ત્યાં બન્યો છે કેવો ખેલ;
તેહ મેહેલમાં રેહે અમીર, લક્ષ્મિવાળોને ગંભીર.
બેઠો ઝરૂખે નાખી કોચ, સ્ત્રી જોઇ પામ્યો મનમાં સોચ;
પુરૂષ જોઇને જીવ બળેય, ક્યારે મુને એ આવી મળેય.
પુરૂષ આકુતી જાણે ચંદ્ર, શોભામાં જાણે છે ઇંદ્ર;
નરનારીની સીટજ મળી, પ્રેમ જાળ બેઉના પર ઢળી.
નારી જાણે ઉછળી જાઉં, પુરૂષ કહે હું ભેગો થાઉં;
ચાલે નહિ કોઇનો ઉપાય, કેમ કરીને ભેગા થાય.
પ્રેમ ગાંઠ તો બંધાઇ, દેહ તણી છે જુદાઇ;
લીખ્યો બીજે કર્મે હાથ. કેમ કરી ભીડું હું બાથ.
એમ કહીને ઘરમાં ગઇ, પત્ર લખ્યો એકાંન્તે જઈ;
લખ્યો પ્રેમથી તમને પત્ર, ઉપાય વાંચી કરજ્યો તત્ર.
મળવા મને થઇ ઇચ્છાય, કહું તમોને હું ઉપાય;
સુરંગ ખોદો ઘરની મહી, સળંગ લાવો સ્થંભજ મહી.
પછી કોચજો મેલજ સ્થંભ, કામ કરો જલદી આરંભ;
આમાં કોઇને ન પડે જાણુ, વીચાર કરજ્યેઃ ગુણની ખાણુ.
આ કામમાં રાખો દીલ, જો જો કરતા હાવે ઢીલ;
નહિ આવો તો પાડું દેહ, તમ આવે સમવાનો દેહ.
બીડી દીધો પત્રજ ઝટ, મોકલવો મારે ઝટપટ;
તીરકામઠું હાથજ લીધ, કાગળ તીરે બાંધી દીધ.
માર્યું તાકીને ત્યાં તીર, ગયું મેહેલમાં સમસમીર;

અમીરે લીધો પત્રજ હાથ, વાંચ્યો તેને રૂદીયા સાથ.
એકાન્તમાં આવ્યો છે અત્ર, પછી વાંચવા લાગ્યો પત્ર;
બીના સરવતો જાણી છે, આ પદ્મણી શાણી છે.
મુજ ઉપર એનું છે મન, કાન્તી એની છે ધનધન;
યુક્તિથી શું લખીયા બોલ, વાંચી કરવો મનમાં તોલ.
એના કેવા પરમાણે, કરૂં કોઇ જન નવ જાણે;
ખરચું નહિ જો હું પૈસા, થાસે મારી પરીક્ષા.
કહે પ્રીતમાં નથી પ્રવીણ, તો દીલ થાશે તેનું ક્ષીણ;
બોલાવ્યા કારીગર ઘણા, ધનની રાખી નહિ કંઇ મણા.
જોઇયે એટલાં દામજ લ્યો, કોય ન જાણે એમ કરી ઘો;
સુરંગ ખોદો ગુપ્ત રહી, પછી સ્થંભની વાતજ કહી.
બોલાવ્યા કડીયા સુથાર, પૈસા આપ્યા અપરમપાર;
કોઇના જાણે એવી રીત, કામ કરે છે રાખી ચીત.
અમીર કહે છે કરજ્યો કાજ, મારી સોંપી તમને લાજ;
કારીગર કહે હરકત નહિ, તમે અમારા સગાભાઇ.
એ શું બોલ્યા મારા ભ્રાત, લાજ જતાંમાં પાડે જાત;
અમીર જાણે સઉને અંગ, તર્ત કરી તૈયાર સળંગ.
લ્યો મોટા ભાઇ કામજ થયું, હાવે સ્થંભનું બાકી રહ્યું;
હવે નહિ અમારૂં કામ, સુથાર કરશે રાખી હામ.
અમીરે ત્યાં દરસાવ્યો ભાવ, કામ કર્યાનો લ્યો સરપાવ;
આવ્યા સર્વે સુથાર લોક, તજજ્યો ભાઇ મનનો સોક.
અમીર કહે રાખો કાળજી, સ્થંભ તણી લ્યોને ભાળજી;
કામ કર્યું જલદી ચાલુ, આજ સઉ પૈસે વાલું.
પૈસો હોય જો પલ્લામાંય, ન થતું હોય તે તો થાય;
કોચી કીધો સ્થંભજ પોલ, બહુ નીકળીયો તેનો ફોલ.
સાર પાડીયો આરજપાર, યુક્તિમાં નવ લાગી વાર,
ઢાંકણ કીધું ઉપર એક, સળંગનો કોઇ પામે ન છેક.
તૈયાર કરી ત્યાંથી ચાલ્યા, સમાચાર જઈને આલ્યા;
અમીરને ઘેર યુક્તિ કીધ, ઘંટ એક લટકાવી દીધ.

તેની દોરી શ્રીને ઘેર, તાણ્યાથી સમજાશે પેર;
બોલાવવો હોય મળવા ખાસ, ઘંટ વાગે આવે પાસ.
એવી કીધી યુક્તી ઘણી, શોભા શી કહુ અળંગ તણી;
કારીગરને આપ્યું મૂલ, કંઈક કર્યા સિરપાવો કુલ.
કોઈના જાણે આની વાત, ગયો સળંગે જાતો જાત;
સમય થયો મધ્યરાત્રાનો, વખાણ કરે વીધાત્રીને.
હરખાતોજ મનમાંહી અમીર, જાતો વખાણતો તગદીર;
ભોગવું આજ પદ્મણી નાર, એ મારી હું એનો યાર.
નારી જપતી વાર જ નામ, શાન્તી કરો આવી મુજ કામ;
મયુર વદે આવે વરશ, તો સમે મારી તરશ.
ચંદ્રજ માટે સોર બકોર, કર્યા કરે છે પક્ષી ચકોર;
ચાતક પક્ષી બેસી રહે, સ્વાતી બીંદુ મુખમાં લેય.
એક એક વીણ ચાલે નહિ, તેમજ નારી બેશી રહી;
એવે ખડખડીયું જ્યારે દ્વાર, નારી હરખી અપરમપાર.
આસન ઉપરથી ઉભી થઇ, મનમાન્યાના સામી ગઇ;
ઓવારણાં સામાં જઇ લીધ, હૈયા સાથે ભીડી દીધ.
આજે ઉગ્યો કંચન સુર, મન હરખાયું છે ભરપુર;
પુરવ પુન્યે આપજ મળ્યા, આજ હમારાં દુઃખજ ટળ્યાં.
હર્ષ થકી કીધાં ચુંબન, આપ મનાવો મારૂં મન;
સુખ સજ્યામાં બેઉયે ગયાં, ભોગ કરીને સુખીયાં થયાં.
એક એકના ઉભરા સમ્યા, ગુઝ પરસ્પર બેઉના ગમ્યા;
પાન બીડલાં હાથે લેય, એક એકના મુખમાં દેય.
સાથે બેઠાં હીંડોળે, અબળા રહી વાયુ ઢોળે:
હમણા થાશે પ્રાતઃકાળ, કોઇ દેખે તો આવે આળ.
નારી કહે પધારો ઘેર, કહું તમોને બીજી પેર;
ઘંટ શબ્દ જે વારે થાય, ત્યારે આવજો ત્યાંથી આંય.
નારી પાસે આવો રોજ, જીંદગી સુધી મારો મોજ;
હું તમારે આધીન થઇ, અંગ સોંપીને ઉભી રહી.
તમો માગશો મારો પ્રાણ, તો આપું નહિ તોડું વાણ,

એમ કહી વળાવ્યો ચટ, દ્વાર દીધું છે સ્ત્રીએ ઝટ.
એમ હમેશાં આવે જાય. કામ શાન્ત કરી સુખીયાં થાય;
એક એક વીણ ચાલે નહિ, કંઈક દીવસની મુદત થઈ.
શેઠ કામની હતી સતી, તેની પણ ખોટી થઈ મતી;
શું હતી રહેણી ને રીત, પલમાં ચળીગયું તેનું ચીત.
અબળા રાખી રહી નથી, એહ વાત તો દ્રષ્ટાંતે કથી;
આ વાતતો અહીંયાં રહી, શેઠ તણી શું વાતજ થઈ.
પેઢી જ્યાં પોતાની હતી, ત્યાં શેઠ આવ્યા મહામતી;
જોઇ શેઠને આપ્યાં માન, શેઠ કહે શું છે તોફાન.
જેનો માલ ગયો છે તેહ, તે ભજવો બેઠો છે વેહ;
લેવા ઈજ્જત ઊભા રહ્યા, શેઠે તેને બોલજ કહ્યા.
કહો માલ મોકલીયો કયાંય, શ્યા મુદ્દાથી આવ્યા આંય;
કહો લખ્યો તો તમને પત્ર, તે માલ મોકલીયો અત્ર.
કહોછો મોકલીયો મુજ હાથ, કોણ માણસ મોકલીયાં સાથ;
કંઇક કરો મનમાં વીચાર, માલ ન આવ્યો આણે ઠાર.
કોણ લઈ ગયું લાવ્યું કોક, નાણું નથી મળવાનાં રોક;
દીન આટલો માલજ લીધ, તેનાંનાણાં ગણી દીધ.
કોઇ દીન વાંધો નવ હોય, કોણ લાવ્યું ને લઇ ગયું કોય;
ત્યારે બોલીયો માલજ ધણી, સફાઇ મારો છો શું ઘણી.
બધા બીના હું તો જાણું, માલ પોંચ્યાનું ઘો નાણું;
નહિતો ઈજત લઇ જઇયે, કયાં સુધી ખોટી થઈયે.
એક કહે નાણાં ઘો તમો, શેઠ કહે નહિ આપું અમો;
એમ કરતાં ચાલ્યા લગભગ, ઘણી કરી છે ત્યાં રગઝગ.
ન્યાય કરવાને મળીયું પંચ, હોય કોઇ નવ બોલે રંચ;
પંચ ન્યાય જે કરવાનાં, તેહ વચન નહિ ફરવાનાં.
નુકશાન બેઊને બરાબર, એમાં ભુલ પડે નહિ જર;
શેઠ સુણજો જરા વચન, માલ તણું તમો કાડો ધન.
તે ના આપશો તેને તમો, જરા વાત કહીયે છીયે અમો;
ધરમાદામાં નાખો દામ, એ થશે પુન્યાઈનું કામ.

કમજરે નથી જાવાનું, સુખ બેઉને થાવાનું;
નસીબવાન છો આપજ શેઠ, કાડી નાખો સઘળી વેઠ.
પાંચ માણસે કીધું હસી, તે વાત સઊના મન વસી;
કાડી નાખી બેઊની ભૂલ; નાણું આપવા કર્યું કબુલ.
આહીતે કબુલાતજ કરી, શેઠજ ચાલ્યા પાછા ફરી;
ક્યારે હું ઘેરજ જાઉ, નારી જોઈ સુખીઓ થાવું.
ત્રણે દીવસે આવ્યા ઘેર, નગર વાસીયે જાણી પેર.

દોહરો.

શેઠ આવીયા જાણીને, સામાં ગયાં સઉ કોય;
પાસે જઈ કુશળ પુછે, સઉને આનંદ હોય.
કહો પત્યો ટંટો ત્યાંહાં, શી છે ત્યાંની રીત;
શેઠ કહે સર્વે પત્યું, સઊને પ્રગટી પ્રીત.
આનંદે સઉ આવીયા, શેઠ ગયા નીજ ધામ;
નારી મન હરખો ઘણું, સામી ગઇ છે વામ.
પીયું પર પુષ્પજ નાખીયાં, બેઠાં બંનો સાથ;
દીન કાડયા મેં કષ્ટીયે, ઓરે મારા નાથ.
આપ વીના હું એકલી, જેમ વનમાં તાડ;
ક્યારે આવે હું રહું, નાથ કહે તુજ પાડ.
શિયળ સાચવી તું રહી, એટલે ઉત્તમ પર્વ;
નારી કહે ભડકો નહિ, સારાં વાનાં સર્વ.
આપ ગયા જે દીનના, એકવાર ભોજન;
સૈયા વીણ સુતી હતી, વશ રાખ્યું મુજ મંન.
મંદીર બહાર ગઇ નથી, મારૂં માનો આપ;
સહન કરી બેસી રહી, મેહ અગ્નીનો તાપ.
ચપળાયે ચરીત્ર રચ્યું, પીયું કર્યો સ્વાધીન;
સમજ્યા મનમાં શેઠજી, નથી નારમાં ભીન.
નરનારી ભેટયાં ખરાં, ટળ્યાં વ્રેહનાં દુઃખ;
શેઠ રહે આનંદમાં, જાણે સ્વર્ગજ સુખ.

શેઠ જમી પરવારીને, બેસે જઇ દુકાન;
ત્યારે નારી અમીરને; બોલાવતી દઇ માન.
દોરી ખેંચે પદમની, નાદ ઘંટનો થાય;
ત્યારે ચેલો આવતો, ભેટે સ્ત્રીની કાય.
ભોગ કરી પાછો ફરે, એમ આવતો રોજ;
સંવત્સર વીતી ગયું, બેઉયે મારે મોજ.
શેઠ દુકાને બેસીયા, એવે બનીયો ખેલ;
એક ફકીર આવ્યો ખરો, નાખતો ત્યાં ટેલ.
કાષ્ટ પુતળી ખાંધપર, મુખથી બોલે વાણ;
દુનીયા આ દુખ રૂપ છે, નકકી નર્કજ ખાણ.

છપ્પો.

વંઠયો આ કળજુગ, નીસરણી સઊને આપે;
ને વંઠયા જગના લોક, દુઃખ પામે નીજપાપે.
ને વંઠયા ધનને અંન, સત્ય નહિ કોઇના અંગે;
વંઠી ઘરની નાર, યારસુ રમતી રંગે.
સર્વ જગત વંઠી ગયું, તેથી મનમાં ધારીયું;
કાષ્ટ તણી નારી કરી, તેણે પણ ઘર મારીયું.

મનહરછંદ.

સાંભળો જગત જન, વીચારજ્યો જરામંન;
દુનીયાના ડરથી તો, જંગલમાં વસીયો.
કોઇ જન આવે નહિ, દાવ કંઈ ફાવે નહિ;
એવી એક ઝુંપડીમાં, નારી લઈ ધસીયો.
સખણી રહે ન નાર, પશુઓને કરે યાર;
દોરડો કરીને એક પગે તેના કસીયો.
ત્યારે નારી સીધી રહી, એવી ટલ તેને કહી,
વચન સુણીને શેઠ, ડુચા લેઇ હસીયો.

દોહરો.

ફકીર ત્યાં પૂરતો ફરે, મુખથી બોલે બોલ;

શેઠે પાસે તેડીયો, કરીયો મનમાં તોલ.
બોલાવી બેસાડીયો. સીધું આપ્યું ઘૃત;
દાળ ચોખા લોટને, આપ્યું પુષ્કળ હાટ.
સાહીત સવ બાંધીયું, શેઠે પુછ્યું ત્યાંય;
ક્યાં આગળ મુકામ છે, સાંઇ કહોને આંય.
ફકીર મુખથી બોલીયો, બાર કોસછે ધામ;
ત્યાં આગળ એકાંતમાં, રાખ્યો છેજ મુકામ.
એમ કહી ચલ્યો ગયો, શેઠ થયા તયાર;
તેની પાછળ તે પળ્યા, આવ્યા ગામજ બહાર.
આગળ પાછળ જાય છે, જાણે નહિજ ફકીર;
શું પડીમાં આવ્યો ખરો, વખાણતો તગદીર.
આજ સફળ ધકકો થયો, મળ્યું સીધું સામાન;
રસોઇ કરાવું તેહની, પછી કરૂં ભોજન.
કાષ્ટ પુતળી જેહ હતી, તેનો છોડયો તાર;
પલમાં તે નારી થઇ, રૂપ તણો અંબાર.
શેઠ સરવ ચેષ્ટા જુવે, ઉભા રહી એકાંન્ત;
રસોઇ નારી રાંધતી, મન રાખીને શાન્ત.
પાક બનાવ્યા બહુ પેરના,ત્રણ પીરસીયાં ટાટ;
એક અલગ સંતાડીયું, શેઠ જુવે છે ઠાઠ.
બે થાળ જે પીરસ્યા, બંને જમીયાં જોડ;
જમી પરવારી ઉઠીયાં, પોંચ્યા મનના કોડ.
જમી ફકીર ઉભો થયો, ગયો સુવાને માટ.
નીંદ્રા લીધી નેહથી, પછી થયો શો ઘાટ;
સ્વામી સુતો જાણીને, છોડયા શીરના વાળ.
ધારણ મુકયું પુરૂષને, પડી શેઠને ફાળ;
શું કરશે ને શું નહીં,જોયા કરે ટગટગ.
કાયા થરથર ધ્રુજતી, જાણ્યું અબળા ઠગ;
અંબોડાને છોડીયો, ડબી કાંઢી એક.
તેને ત્યાં ઉઘાડી છે, રાખી મનમાં ટેક;

ભ્રમર મહીથી નીકળ્યો, તેનો બનાવ્યો પુર્ષ.
ભોજન દીધું પ્રીતથી, આણી મનમાં હર્ષ;
ચાર જમાડયો જુગતિથી, પછી ભીડીયાં અંગ.
નારીનર રીઝયાં ઘણું, રમીયાં હેતે રંગ
કામ સમાવ્યો નારીયે, ચડી શેઠને રીસ;
પાછો ભ્રમર બનાવીયો, ડબ્બો મુકી શીષ.
વાળમાંહી ડબ્બી ધરી, બાંધ્યા તાણી રોમ;
શેઠે મનમાં બહુ લહ્યું, કરૂં નારીનો હોમ.
આવી નારી જગતમાં, આતે શું કહેવાય;
કોડ ઉપાય કરી જુવો, પણ વશ એ નવ થાય.
ચાંપી પગ ત્યાં મૂકીયો, જલદી આવ્યો મેહેલ;
મુજ નારી કયમ રહી હશે, મારે જોવો ખેલ.
ઘરમાં આવ્યો મોહા મતી, જોવું મારે સ્પષ્ટ;
એક જગાયે બેસીને, શેઠ ફેરવે દષ્ટ.
એવે ઢાંકણુ ભાળીયું, દીઠી ખીલ્લે દોર.
લગભગમાં જઇ નીરખીયું, કાંઇ કર્યો નહિ શોર.
દોરી ખેચી હાથથી, ઘંટા વાગી ત્યાંય;
અમીર મનમાં સમજીયો, બોલાવે ઘરમાંય.
ઉઠીને ઉભો થયો, આવ્યો જલદી તેહ;
શેઠ દષ્ટીથી નીરખતાં, આજ ટળે સંદેહ.
સળંગમાંથી આવીયો, જોયા શેઠને દષ્ટ;
પુઠ હજુ છે શેઠની, નથી થવાનું કષ્ટ.
અજાણપણુમાં આવીયો, જો જાણશે વાત;
માટે ઝટ પાછો ફર્યો, જાણી જશે સાક્ષાત.
શેઠે વાંકી દષ્ટીયે, જોયો છે ત્યાં મર્દ;
આણે ભોગી ભામની, કાઢયું એનું દર્દ.
શું મુજને કેતી હતી, શું એની આ ચાલ;
સોગન જુઠા ખાઇને, મને કર્યો બે હાલ.
એણે મુંજને ભોળવ્યો, ભુંડું મારૂં ભાગ્ય;

નારી કોઇની થઇ નથી; શું સોદ્યો છે લાગ.
આ બીચારી શું કરે, શું કરે પેરાદાર;
આ યુક્તિ કોણ પારખે, ધીક્કાર એછે નાર.
મીત્ર બોલાવ્યો નીજ કને, જુવો ભાઇ આવેશ;
તુજ કેવાથી નારીને, મુકી ગયો પરદેશ.
ઘેર ઉકાળ્યું નારીયે, સતિ હતી ભાઇ જેહ;
તેતો નીકળી શંખણી, ધીક એહનો દેહ.
ખાવું પીવું નવ ગમે, ન ગમે ભોગ વીલાસ;
નીદ્રાપણ ઊડી ગઇ, મન થયો ઉદાસ.
રાતજ કાઢી કલેશમાં, થાતું પ્રાતઃકાળ;
દાતણ કરવા બેસીયો, પણ નવ મટતી ફાળ.
ધીક્કાર મારી સાયબી, ધીક્કાર મારો મ્હેલ;
એવે ફકીર ત્યાં આવીયો, ફરી નાખતો ટેલ.
શેઠે દીઠો દ્રષ્ટીયે, બોલાવીયો નીજ પાસ;
જાજે જમી મુજ ઘેરથી, સીધું અપાવ્યું ખાસ.
એમ કહીને મેલમાં તેડી, આણ્યો સાથ;
કાષ્ટ પુતળી ખાંધપર, તે પણ છે સંઘાથ.

ચોપાઈ.

શેઠ આવીયા ઘર મોઝાર, જ્યાં બેઠી એકાન્તે નાર;
રસોઇ કરોને રૂડી રીત, જમવા માટે થઇ છે પ્રીત.
આવ્યા પરોણા આપણે ઘેર, તે જમાડો રૂડીપેર;
રસોઇમાં આવે ન કયાસ, રસોઇ રાંધો પોતે ખાસ.
નાથ વચન મસ્તકપર ધરી, રસોઇની તૈયારી કરી,
શાક પાક સામગ્રી ઘણી, પુરી રોટલી તે પણ વણી.
મગદળ બરફી મંગાવી, સામગ્રી સરવે આવી;
સૃષ્ટીમાં જે બનીયાં શાક, તે મંગાવ્યાં આડે આંક.
ભાજી આણી જાતો જાત, તે મંગાવી છે સાક્ષાત;
પેરપેરની યુક્તિ કીધ, બધી ચીજ મંગાવી લીધ.

રસોઈ થઇ રહી જ્યારે, શેઠ આવી વદીયા ત્યારે;
રસોઇનો જોયો છે ઘાટ, નારી પીરસોને થટ ટાટ.
કોઈ ચીજ નવ ચુકી જાઓ, પછી નીરાંતે બેસી ખાઓ.
ત્યારે નારી બોલી વાણ, છ જણા જમનારાં કોણ;
તેમને અહીંયાં બોલાવો, પછી ટાટને પીરસાવો.
શેઠ કહે સઉ છે તૈયાર, ટાટ પીરસો ન કરો વાર;
નારીયે પીરસ્યું પીરસણ, હવે બોલાવો ને છ જણ.
છ બાજટ નાખ્યા મોટા, પીવા પાણીના લોટા;
ફકીરને બોલાવ્યો ઝટ, ભાણે બેસો ને ચટપટ.
શેઠ શેઠાણી નેજ ફકીર, બેઠાં બાજઠ રાખી ધીર;
શેઠ કહે ઓ શાણા સાંઇ, જમવા બોલાવોજ લુગાઇ.
આ પુતળી છે સંઘાથ, જમવા બેસાડોને સાથ;
તેજ પુતળી તારી વામ, શરમાવાનું શું છે કામ.
વચન માનજ્યો મારૂં તમે, નાર બનાવો કીધું અમે;
કરો વચનનું જો અપમાન, તો થવાનો તું હેરાન.
માટે સમજી જાઓ દીસ, નહીતર છેદું તારૂ શીસ;
ફકીર સમજજો મારી વાણ, નહિતર જાશે તારો પ્રાણ.
પાણી છાંટી કીધી નાર, રૂપરૂપતણો અંબાર;
તે બેઠી બાજઠ પર જઈ, પછી શેઠીયે વાણી કહી.
બોલાવો તમારો યાર, તમે કરો નહી ઝાઝીવાર;
બીજબાની કીધી છે અમો, વાર કરો નહિ હમણા તમો.
નહી બોલાવો જો આ વખત, તો આફતી માંનો સખત;
નાક કાપીને ટીલું કરૂં, વાળ કડાવું હું ના ફરૂં.
ઘાણીમાં હું પીલાવું, વચન શેઠજી કે આવું;
ફકીર કહે ઓ શાણા શેઠ, સમજું નારી ન મળે વેઠ.
બોલો મુખે કરી વીચાર, સતી નારીને શાનો યાર;
મારી નારી જાણો શુદ્ધ, ક્યાં પોચાડી આવી બુદ્ધ.
શેઠ કહે તું છે ગુમાર, બોલીસ નહિ તું મુખ લગાર
સ્ત્રી ચરીતર જાણે નહિ, બેસીને જો જે તું અહીં.

બોલાવ્ય તારા ભોગી નર, નારી ધ્રુજે છે થરથર;
નહી માનું જો આ ઘડી, તો મારાપર મસ્તાળ પડી.
અંબોડો છોડયો છે સહી, ડબી કાડી હાયજ મહીં;
ભ્રમર કાડીયો તેમાંથી, ફકીર વીચારે આ કયાંથી.
તે ભ્રમરનો પુર્વજ કર્યો, પછી ફકીરનો પીતો ફર્યો;
અતી સીરોમણુ જાણું હુંય, રંડાયે આ કીધું શુંય.
પાંચ જણાં તો આવ્યાં ગયાં, પછી શેઠીયે વેણુજ કહયાં;
પદમણી બોલાવી પાસ, પછી નારીને પડીયો ત્રાસ.
શેઠ કહે સાંભળજ્યો કેણ, બોલ્યો મુખથી રાતાં નેણ;
બોલાવ્ય તારા ભોગીને, હર્ષ થકી ઉદ્યોગીને.
રસોઇ કરેલી ટાઢી થાય, માટે બોલાવોને આંય;
એના વીના તો સુનું સટ, વાર કરો નહિ તેડો ઝટ.
એ આવેથી સુખજ થશે, આપ તણી ઉદાસી જશે;
પહેલો એ ને પાછળ હુંય, માટે વાર કરીશ નહીં તુંય.
નારી ને પ્રગટી છે ધ્રજ, કાંઇ પડે નહિ તેને સુજ;
પડી ખબર એને તો આજ, આજ જવાની મારી લાજ.
ના તેડું તો કાડે જીવ, હવે કરૂં શું ઓરે શીવ;
દોરી ખેંચી નારે જઇ, ખબર અમીરને જલદી થઇ.
બોલાવતી મુજને જીવ જાન, ગયો સળંગે ચાવી પાન;
કપડાં લતાં દાગીના, રોફતણી ના રહી સીમા.
કળ ફેરવી ખોલ્યું દવાર, ગયો મેલમાં સ્ત્રીનો યાર;
જોઇ શેઠને ચમકયો તેહ, નથી નભવાનો મારો દેહ.
પડી શેઠને ખબર ખરી, હાવે હું જાવાનો મરી;
વીશ્વાસે હું આવ્યો આંય, હવે અહીંથી જાવું કયાંય.
નારીએ આ ફંદજ રચ્યો, હવે જવેલ્લે હું તો બચ્યો;
પ્રાણ જવાનો મારો અહીં, નારી દુખનું સુળજ થઇ.
વીચાર કરવા લાગ્યો તેહ, હાવે પડશે મારો દેહ;
શેઠ કહે ન ડરશો તમે, આ નાર તમારી સાથે જમે.
નથી તમારો એમાં વાંક, જમવા બેસોને આ પાટ;

જે તે વાંક નારીનો પડ્યો, લાભ તમોને સારો જડ્યો.
સાથે બેસી કરો ભોજન, ત્યારે મારૂં માને મન;
નહી કરો કેવા પરમાંણુ, તો લેવાનો બેઉના પ્રાણ.
માટે મારૂં માની જાઓ, એક ટાટમાં બેઉએ ખાઓ;
વચન શેઠનું આવું સુણી, એકાન્તમાં કોણ ધણી રણી.
અમીર ભામની બેઠાં સાથ; શેઠ હરખીઓ મન સંઘાત;
અમરપુરૂષને ફકીર નાર, તે જમવા બેઠાં તે ઠાર.
જમાડીયાં આનંદજ ભેર, શેઠે કરાવી લીલાલ્હેર;
ફકીરને કહે ભોળો તુંય, સમજાવીને કહું છું હુંય.
નારી તારી છે નફ્ટ, સોંપી દે આને ચટપટ;
તું સતી જાણે છે એહ, પણ આખર નડશે તુજને તેહ.
માટે સોંપી દે તું આજ, તો સફળ થવાનુ તારૂં કાજ;
નથી વધારે સાર એમાંય, વીશેષ કેવું ન પડે કાંય.
ફકીરે સોંપી છે ભામની, લાગી ભગવત નામજ દેવની;
જઇ જંગલમાં કર્યો મુકામ, એક બોલે હરિનું નામ.
ફકીર નારીને કાઢી બ્હાર, તે લઇ ચાલી છે નીજ યાર;
પછી શેઠે બોલાવી સુંદરી, રોષ ન ધરશો મનમાં જરી.
પોતાની નારીનો હાથ, ઝાલ્યો સમજી મન સંઘાથ;
ફટ પાપણી તારી જાત, કેમ વાંઝણી નવ રહી માત.
તારા બાપનું બોળ્યું નામ, કેમ ન દીધો તુજને ડામ;
ધીઃકાર તારૂં જે આ રૂપ, રૂપ પડ્યું છે મોટા કુપ.
ધીઃકાર આ ચળકતું ભાલ, અગ્ની મુકી તેને બાળ;
ધીઃકાર તારા સોળ શૃંગાર, તેમાં મુકીદે અંગાર.
ધીઃકાર તારૂ કોમળ અંગ, તેને કરવું જોઇયે ભંગ;
આજ જણાયો સઘળો ભેદ, હાથ પગનો કરવો છેદ.
આતીતી કેવા સોગન, બળી ગયું કયાં તુજ વચન;
એવા બોલ કહયા છે લાખ, તારા તનને જાણું ખાખ.
અમીર તારો છે દીલજાન, એના ઘરમાં રે ગુલતાન;
એમ કહી પોતાની વામ, અમીરને સોંપી તે ઠામ.

મોજ કરો મનમાની તમો, હવે સાચવી લેજ્યો સમો;
અમીર નારી લઇ આવ્યો ઘેર, પછી શેઠની થઇ શીપેર.
પછી મન આવ્યો વૈરાગ, જુઠી લપનો કરવો ત્યાગ;
દુનિયા સઉ દુખની દેનાર, હરિતણું નામજ તરનાર.
માયામાં શીદ ભટકાઉં, હરિસ્મરણ મારગ જાઉં.
મનમાં એમ કર્યો નીશ્ચય, આ મીલકતનો કરવો વ્યય.
પીત્રાઇ ભાઇનો બાળક એક, લખીઆપી મીલકત સઉ નેક;
કોઈ હક કરતો આવે નહીં, શેઠે ચોક્કસ કીધું તહીં.
રજીષ્ટર કરાવી ચોકસ કીધ, પછી કુંવરને સોંપી દીધ;
શેઠે ત્યાં રખ્યા ચોળી, ખાંધે ભરવી છે ઝોળી.
તુંબી પાત્ર લઇ આવ્યા વંન, વનમાં જપીયા જુગજીવન;
ફળાહાર કરે છે તહીં, આ શેઠની ગતિ થઇ.

દોહરો.

માટે માનો સુંદરી, કહ્યું તમને દ્રષ્ટાંત;
છાની રાખી મેલમાં, પણ નબળી એ જાત.
આખર તેના સ્વામિને, આવ્યો છે વૈરાગ;
નારીના એ કૃત્યથી, સઘળું કીધું ત્યાગ.
એનો પાર કોઈના લહે, પગપાનીયે બુધ;
નારી કહે એ પુર્ષથી, થઇ સતિજ અશુદ્ધ.
કોઇ માણુસ કેડે પડે, ત્યારે કરે શું નાર;
શેઠ કહે રહો માપમાં, હજી ન મુકો ભાર.
તો રહો સુખે ભામની, હું જાઊં પરદેશ;
જો કથોલું કાંઈ કરો, તો હું છેદું શીસ.
ઘરમાં દાસજ દાસીયો, કરો મોજ હમેશ;
ખાઓ પીઓ ને ખુસી રહો, જરા ન કરસો કલેસ.
કુંચીઓનો ઝુમખો, આપ્યો અબળા હાથ;
પુન્ય દાન પ્રીતે કરો, નથી સાહાતો સંઘાથ.
કોઇ વાતે નવ વેઠશો, દુઃખ તમે દીલમાંય;

સર્વે સોપ્યું તુજને, કમી નથી ઘેર કાંય.
લાંછન લાગે કુળમાં, તો હું કાપું નાક;
મસ્તકને છેદન કરૂં, માનો સાચી ધાક.
અકબરનું આ ગામ છે, કરે નમતી જો વાત;
માત તાત તુજ લાજશે, કરૂં તાહરી ઘાત.
કોઈ પુરૂષ નવ નીરખસો, નવ નીકળો ઘર મ્હાર;
વાત કરો નહીં કોઈથી, શબ્દ કહુયાજ હજાર.
મુજ તાતે છે મેળવી, ઘણા પ્રયત્ને શાખ;
જોજે ચેતી ચાલજ્યો, સ્રાખ થાય નહિ ખાખ.
મીત્ર પોતાનો તેડીયો, ભેટ્યા બેઉ હરખાઈ;
પ્રદેશમાં હું જાઉં છું, ઓરે મારા ભાઈ.
ઘરબાર તુજને સોંપીયું, રક્ષણ કરજે તુય;
મનમાં તું સમજે બધું, વધુ સીદને કહું.
કે દીન મળસું આપડે, તે પ્રભુને હાથ;
ઘર સોપ્યું આ તુજને, લગાગ તારે હાથ.
મીત્ર કહે તું ડર નહિ, સુખે જા પરદેશ;
લક્ષ ન રાખો આ ભણી, તજજો મનનો કલેશ.
ધીરજ આપી પ્રીતથી, સ્હાય થશે જાુગદિશ;
માલ ભરીને સજ કર્યાં, વ્હાણ સામટાં ત્રીસ.
વ્હાણ હંકાર્યાં સીંધુમાં, મીત્ર કહે ઓ ભાઇ;
જ્યાં જાઓ તે ગામથી, પત્ર લખો હરખાઇ.
પ્રણામ કરી પાછા ફર્યો, સફરે ચાલ્યાં વાંણ;
સારૂ મુહુર્ત જોઇને, શેઠે કર્યું પરિયાણ.
ઘેર રહી જે પદમણી, તેનું થયું કેમ;
તે શ્રોત્રા જન સાંભળો, ટાળું મનનો વેમ.
સરખી જે સાહેલડી, તેથી રમતી રંગ;
ગંજીફો બાજી રમે, ઘણું સાચવે અંગ.
મ્હાર જરા જાતી નહીં, ધરે પ્રભુનું ધ્યાન;
સૈયર સાથે મેલમાં, કરતી ઉત્તમ ગાન.

પ્રભુ ભજનમાં લીનરે, વરસ થયું છે એક;
વસંત રૂતુ આવી ખરી, નાર ન મૂકે ટેક.
ફાલગુન માસજ આવીયો, આવી જોબને નાર;
વસંત રમે નરનારીયો, શબ્દ કરી ઉચ્ચાર.
કેસર અબીલ ગુલાલથી, રમે રંગ નરનાર;
ગાન કરે ગંમતથી, નગર તણી મોઝાર.
ટોળાં નરનારી તણાં, ફાગ સુખથી ગાય;
એકાંન્ત બેઠી સુંદરી, તેનાથી સંભળાય.
શબ્દ સુંસરા વાગીયા, અનંગ થયોજ પ્રકાશ;
સુતાં બેઠાં નવ ગમે, પછી રમેજ વીલાસ.
કેસુડોજ કડાવીયો, નાનાં વીધના રંગ;
વસંત રમવો ધારીયો, સો સાહેલી સંગ.
એક એક પર નાખતી, ગાન કરે શુભ રીત;
કોઇ ભેટે કાંઇ છાંટતી, આણી પુરણ પ્રીત.
ગુલાલની મુઠી ભરી, મારે ગુહ્યજ અંગ;
તેમ તેમ સ્રીયો તણા, પ્રગટ થયાજ અનંગ.
શેઠ તણી જે ભારજા, તેને વાપ્યો કામ;
હાવે હું તે શું કરૂં, રહી ન શકું આ ઠામ.
મુજ સ્વામીને શું કહ્યું, તે જાશે મીથ્યાય;
વચન ઉપર પાણી ફરે, થનાર હોય તે થાય.
રોમ રોમ વ્યાપી ગયું, મદનરીપુનું જોર;
નારી મન ગભરાય છે, પણ નવ થાતો સોર;
ક્યાં ગઈ દાસી માહરી, લાવો ઓ રસીયો;
ચતુર હોય તો ચેતજ્યો, જે મનમાં વસીયો,
દાસી દોડી જલદીથી, લેવાને ચટપટ;
ઓરસ ચંદન લેઇને, આવી પાછી ઝટ.
ઘસવા લાગી સુખડને, ત્યારે બોલી નાર;
એ સાહીત નથી કામનું, દાસી છેક ગમાર.
બીજી દાસી જે હતી, ચતુર ને ચાલાક;

જે કામ સોંપ્યું હશે, કરશે આડે આંક.
રામા બોલી મુખથી, ઔષધ લાવો આંહીં;
જેથી શરીર શાન્તી થશે, એવું લાવો કાંઇ.
ચતુર હોય તો ચેતજે, મીથ્યા જાય ન બોલ;
કામ કરો ચાલાકીથી, કરજ્યો મનમાં તોલ.
જે મુજ મનમાં આવીયું, તે લઇ આવો કોય;
તેને બક્ષીસ આપવી, હોવાનું તે હોય.
ચતુર દાસી પરવરી, આવી ભરબજાર;
એક પુરૂષ નજરે પડ્યો, હરખી મન અપાર.
કામ સરીખી આકૃતી, ચળકી રહ્યું વદન;
સોવીદ્યાનો જાણ છે, દાસી હરખી મન.
કોક કળાનો જાણીતો, કરી જાણે વિલાસ;
અર્થ શાસ્ત્ર સમજે ખરો, એવો જોયો ખાસ.
દાસી આવી દોડતી, ગઇ પુરૂસની પાસ;
કામ પડ્યું છે તમતણું, માટે આવી ખાસ.
મુજઘેર કાગળ આવીયો, કો ન ઊકેલે એહ;
મે'રકરો મુજ મંદીરે, જરા ટાળો સંદેહ.
તસ્દી લ્યો મુજ તરફથી, દયાધરી દીલમાંય;
પાછળ પેલો ચાલીયો, આવ્યો ઘર છે જ્યાંય.
આસાન દીઠું તે જગા, જરા સ્થંભજ્યો ભાઈ;
વાર વધું થાશે નહીં, કાગળ લાવું આંહી.
કરી વીનંતી સંચરી, જ્યાં પદ્મકળા છે નાર;
ખબર કરી છે ખંતથી, ઓરસીયો તૈયાર.
બેસાડ્યો મુજ મંદીરે, કરી ખાતરી મેંય;
જોતા એવા પુર્ષને; કોઇજ ચોખી રેય;
ગુણ લક્ષણ પણ પાંસરા. રૂપે બીજો કામ;
ત્યારે નારી હરખીયાં, હૈયે આવી હામ.
કરૂં પરીક્ષા એહની, પછી સોંપવું અંગ;
કુમાર સાથે ગોઠડી, એ નવ જાસે રંગ.

આડો ચક નંખાવીયા, આવી દાસી સાથ;
મન ગાંને તો પ્રીત હું, કરૂં તેહ સંઘાથ.
ચકમાં રહીને નીરખીયો, જોયું તેનું મુખ;
આસનપર તે બેસીઓ, એજ મોટું દુઃખ.
કપડાં લતાં જોઇને, નારી થઇ નારાજ;
માગી તાગી પેરીયાં, નથી તેહનું કાજ.
માન વીના મુરખ એહ, બેઠો જઇ આસન;
અપલક્ષણ એમાં ઘણાં, નવ માને મુજ મન.
ના પાડો નાદાનને, કહીયે હમણા જાઓ;
આજ શેઠાણી કામમાં, કાલે અહીયાં આવો.
લક્ષણ એ મુરખનાં, માન વીના બેસેય;
કોઈનું જોઈ મન રહે નહીં, અવગુણ ખુલ્લા એમ.

છપ્પો.

ક્યાં કોયલ ક્યાં કાગ, ક્યાંય ગર્દભ ક્યાં ઘોડો;
ક્યાં ગધ્ધી ક્યાં ગાય, દાખલો દઉં હું થોડો.
ક્યાં બગલો ક્યાં હંસ, ક્યાં મુરખ સરદાર;
ક્યાં ગોળને ખોળ, જરા તું કર વીચાર.
ક્યાં હીરો ક્યાં કાચ છે, આ સમજવી વાતને;
જો બગડું આવા મુરખથી, ધીઃકાર મારી જાતને.

ચોપાઈ.

નહી એનામાં કાંઇયે ગુણ, દાસી મારૂં વાયક સુણ;
જો કરૂં એનાથી પ્રીત, તો પાછળ પસતાવું નીત.
શેઠને શો ઉતર દઉં, હું તો મારા માપે રહું;
એની સાથે બોલું વાણ, તેના કરતાં કાડું પ્રાણ.
લાજે મારાં પુરવજ સર્વ, શેઠ ઉતારે મારો ગર્વ;
માટે દાસી કાડી મુકય, કાલે આવજ્યો કે અમુક.
દાસી આવી મુરખ પાસ, ખોટી કર્યા તમને અહીં આસ.

શેઠાણી છે કામજ માંય, કાલે આવજ્યો પાછા આંય.
આ પરમાણે કહી છે પેર, પુર્ષ ગયો પોતાને ઘેર;
તે દાડો તો ગયો વહી. બીજા દીવસની રજની થઈ.
પદમકળા ત્યાં બોલી વાંણ, કયાં ગઈ દાસી ચતુર સુજાણ;
લાગ્ય અગનીને હોલવનાર, કેમ સહું હું દુખ અપાર.
તુજને હું તો વળગી રહી, જેમ વૃક્ષને વેલજ સહી;
તું રાખે તેમ હું તો રહીશ, વાત હૃદયની તુજને કહીશ.
વચન સુણી શેઠાણીનું, અપમાન કરે કોણ વાણીનું;
પાછી દાસી દોડી ચટ, ભરબારજમાં આવી ઝટ.
એવે દીઠો સુંદર પુર્ષ, દાસીને જોઈ વધીયો હર્ષ;
આ નક્કી સમશે એહને, તેડી જાઉં હું તો તેહને.
દાસી કહે ભાઈ પડયું કાજ, કાગળ વાંચી આપો આંજ;
એટલું કેણ કબુલ કરો, પછી ઘેરથી પાછા ફરો.
એમ કહી લાવી છે ઘેર, પછી નારીને કહી છે પેર;
લાવી બીજો ખુબ સુરત, નીરખવા ઉઠો ને તુરત.
પાછી નારી ઉભી થઈ, ચક પાસે જોવાને ગઈ;
જોયો તે પુરૂષને દ્રષ્ટ, પ્રગટ થયું છે પાછું કષ્ટ.
દાસી આ પેલાનો ભ્રાત, એની સાથે ન કરૂં વાત;
મુરખ સાથે શું મીત્રાઈ, પાછી ફરી છે પસ્તાઈ.
એને રજા તો આપી દયો, કાલે આવજ્યો એવું કહો;
દાસી આવી ઉભી રહી, વાત જઈને નરને કહી.
કેવા આવી તમને તત્ર, પણ વંચાવી દીધું પત્ર;
જાઓ સુખે જાણે હોય, રોષ ન ધરશો મનમાં કોય;
આપ્યાં પાન ને સોપારી, વીદાય કીધો તે વારી.
તે દહાડો એમ ચાલ્યો ગયો, વળી રાતનો વખત થયો.
સહુવા વીંછીની પીડા થાય, તે નારીથી ના સહેવાય.
તેડાવી દાસી તે વાર, લાગ્ય બેન તું સુખ દેનાર;
કહી તેને આ છેલ્લી વાણ, નકકી જવાનો મારો પ્રાણ.
ચીત રાખીને જો જે તુંય, ઝાઝું તુજને શું કેહુંય;

દાસી કહે નહી કેવું પડે, લાવું જે કોઈ હાથે ચડે.
બજારમાં આવી દાસી, મળી આવીયો વિલાસી;
મળ્યો મારગમાં તેને છેલ, અંગ ઉપર તો ન મળે મેલ.
હીરા મોતીના હારજ ઘણા, કપડાં પેયાંની નહિ મણા;
પગમાં સોનાનો તોડો, જગમાં ન મળે તે જોડો.
વસ્ત્ર શરીરે પેર્યાં ધજ, ફરવા નીકળ્યો થઇને સજ;
નગરશેઠનો એક કુમાર, રૂપ તણો તો છે ભંડાર.
માથે મંડીલ મુકીયું, તે વાંકું છે ઝુકીયું;
સીરપેચ તેમાં શોભેય, કવી જન તો કેટલું કેય.
સુરવાલ જામો શોભી રહ્યા, જોઇ દાસીને હર્ષ થયો;
અત્તરની સારી સુવાસ, ને મેકી રહ્યું છે આસજ પાસ.
કટાર ખોસી કમ્મર મહીં, દાસી જોઇને ઉભી રહી;
ઓવારણાં લીધાં છે ખાસ, આવે અત્તરની પુષ્પ વાસ.
ચૌદ વીદ્યા ગુણવંતો તેહ, કંચન સરખી શોભે દેહ;
દાસી જઇને લાગી પાય, વીઘ્ન તમારાં વેંતાં જાય.
રક્ષણ કરે અંબાજી માત, ધન્ય તમારાં માતજ તાત;
આપની કળીયા કુળ દીવો, ભાઇ તમે ઝાઝું જીવો.
ભાઇ તમારાં પેટજ ઠરો, મારૂં આટલું કામજ કરો;
નથી શેઠ પોતાને ધામ, વાહાણ લઇ ગયા છે ગામ.
ત્યાંથી કાગળ આવ્યો ખરો, બોલ હમારો કાને ધરો;
શેઠાણી નવ નીકળે બ્હાર, કહો કોણ વાંચે તે ઠાર.
માટે ચાલો મારા વીર, ઘરમાં ઘાલવો જોઇ ગંભીર;
ઇજ્જતવાળો ઉભો રેય, કોઇ કથોલું કેણ ન કેય.
માટે આપને કરૂં પ્રણામ, કરો આટલું મારૂં કામ;
છેલે મન વીચાર્યું ખરૂં, આ વાતનો વીચાર કરૂં.
કાગળ ત્યાં કંઇ આવ્યો નથી, જુઠી વાત આ બાઇએ કથી;
ભોગ તણી ઇચ્છા મનમાંય, માટે બોલાવે છે ત્યાંય.
જો જાઊં હું તેની સાથ, પાપ બેશસે મારે માથ;
ન જાઊં તો ઇજ્જત જશે, કીંમત મારી ત્યાં તો થશે.

છે નપુંસક કેશે તહીં, માટે એતો આવ્યો નહિ
માટે મારે ત્યાં જાઊં, એનાથી નવ લોભાવું.
ભલે આવે રંભાદીક નાર, પણ નથી હું તો ડગનાર;
સ્થીર મન રાખી હું શકું, સહસ્ર સ્ત્રીઓની અંદર ટકું.
એમ ધારી મનની સંઘાથ, ચાલ્યો છેલ દાસીની સાથ;
આગળ દાસી પાછળ છેલ, રસ્તામાં શું થાતો ખેલ.
પાન તણી આવી દુકાન, તંબોળીને કીધી સાન;
વચન મારૂં કાને ધરો, શરતણની તૈયારી કરો.
સો પાનનાં બીડાં કરી, તાસકમાં આપ્યાં છે ભરી;
જાયફળ જાવંત્રી એલચી, બીડાં આપ્યાં ઊતમ રચી.
લવીંગ સોપારી અંદર ધરી, પાન તાસક તૈયારજ કરી;
દાસી જુવે છેલનો ઠાઠ, છેલ કહે ઉપાડો ટાટ.
ઝાલો હાથમાં આ સાહીત, દાસી જોઇ થાતી ચકીત;
પત્ર વાંચવા તેડી જવું, આ કૌતક દીઠું મેં નવું.
વળી આગળ ચાલ્યો છે જોઇ, દુકાન પર બેઠો કંદોઇ;
સાન કરી કે ઉભા થાઓ, જલદી હમારી શરતબ લાવો.
કંદોઇએ આપ્યાં છે માન, તૈયાર કરી રાખ્યાં પકવાન;
સાતવાનીનાં છે તૈયાર, તે આગળ ધર્યાં તે વાર.
શરતબ આપી છેલને હાથ, દાસી વિચારે મનની સાથ;
છેલ કહે તમે સાવધ રહો, બાઇ હાથમાં આ લઇ લ્યો.
દાસી આશ્ચર્ય પામી ઘણું, વખાણ કરૂં શું છેલજ તણું;
તેડી જાઉં પત્રને માટ, આણે આવો રચીયો ઠાઠ.
પાન બીડાંને લઇ પકવાન, દાસી આગળ થૈ સાવધાન;
દુકાન આવી માળી તણી, છેલ આવીયો તેના ભણી.
લાવો શરતબ ન કરો વાર, માળી કહે છે સઊ તૈયાર,
એક છાબ ત્યાં સજ કરી, તેમાં સર્વ સાહીત ભરી.
હાર ગજરાના તંગીયા ઘણા, સૈયા પુષ્પની નહી કંઇ મણા;
એ સઊ સજ કરી રાખીયું, તૈયાર છે મુખથી ભાખીયું.

છેલ કહે આપો આને, વાર લગાડો છો શાને;
કેતામાં આપી છે છાબ, જીલ્લીલે મોડાનો જવાબ.
દાસીયે તેતો લઇ લીધ, વીચાર મનમાં કેવો કીધ;
આ પુરૂષની જુદી વાત, રૂપ જોઇ થાતી રળિયાત.
ફેરો મારો ફળીયો આજ, સફળ થયું છે મારૂં કાજ;
સાહીત સર્વે લેઇને જાય, ઉતાવળો ચાલે છે પાય.
આગળ દાસી પાછળ છેલ, એવામાં બનીયો શું ખેલ;
તે ગામનો શાહ અકબર, ન્યાય આપતો બરાબર.
નગર ચરચા જોવા માટ, જોતો જોતો જાતો વાટ;
સર્વે જગાયે રાખે ધ્યાંન, સઊની વાતો લેતો કાન.
વેશ ફકીરનો ધરીયો છે, જોવાં માટે પરવરીયો છે;
ભર બજારમાં જોતો જાય, ગાણુસ સાથે નમળે ત્યાંય.
સામાન લઇ છેલ આવીયો, તે અકબરના મન ભાવીયો;
જોઈ છેલને કર્યો વીચાર, ક્યાં જાય છે આણે ઠાર.
પદ્મકળાની દાસી સાથ, સાહીત દીઠું તેને હાથ;
અકબર મનમાં સમજી ગયો, નગરશેઠનો તન વહ્યો.
ડર કોઇનો રાખે નહિ એહ, મારી જાતે જોવુ તેહ;
વિષય માટ આ પુરૂષજ જાય, બીક ધરે નહી મનની માંય.
મારા ગામમાં આવો દુષ્ઠ, નીચ કામમાં રહે સંતુષ્ઠ;
એમ કહી પાછળ ચાલીયા, મેહેલ તણી લગભગ આવીયા.
દાસી આગળ દોડી ગઇ, પદમકળાની પાસે ગઈ;
પાછળ છેલ પેઠોછે તહીં, અકબર સમજ્યો મનની મહીં.
દ્વાર દેવાનું ચુકી ગઇ, ખુલ્લાં મુકી અંદર વહી;
વાત નારીને કહી હરખાઇ, વધામણી લાવીછું બાઇ,
આપો મુને મોતીનો હાર, જોઇએ તેવો લાવી યાર;
રૂપ ગુણુમાં ખામી નહિ, એવા તેડી લાવો અહીં.
બાદશાહ પણુ અંદર ગયો, એકાન્ત જગે ઊભો રહ્યા
છેલ ગાળપર આવ્યો ખરો, ભય ત્યાં મનનો મૂકી પરો.
ઊભો રહ્યો જઇ મેડીમાંય, બેઠો નહીં આસન પર ત્યાંય;

અકબર જોયા કરે બીના, નરનારી કેમ થાતાં ભીનાં.
દાસીયે જઈ કહ્યું વૃતાંત, બાઇ થાઓને મનમાં શાન્ત;
ત્યારે બોલી હરખી નાર, આપ્ય જઈ આદર સત્કાર.
પાન સોપારી સાથે લેઇ, છેલ પાસે દાસી ગઇ;
બાજઠ નાખ્યો રૂડી રીત, દરસાવી દાસીયે પ્રીત.
બેસો આ આસન પર તમો, લળી લળીને કહીયે અમો;
છેલ કહે લાવોને અત્ર, જો વાંચવો હોયજ પત્ર.
થાય મુને જાવાની વાર, પત્ર લાવ્યજ આણે ઠાર;
પદમકળા ચક પાછળ રહી, છેલે કહી તે વાતજ લહી.
મનની માંહી એતો વસ્યો, છેલ હૃદયમાં એતો ઠસ્યો;
છેલ કહે નહીં રોકાઉં, લાવ્ય પત્ર નહીં તો જાઉં.
કરે શેઠાણી જો જુહાર, તોયે નવ બેસું આ ઠાર;
નારી મનમાં સમજી ગઈ, પછી મુખથી વાણી કહી.

દોહરો.

પદમકળા મુખથી વદી, શું બોલોછો આમ;
નહિ જાવા દઉં અહીં થકી, કરો અમારૂં કામ.
બેસો એ બાજઠપર, હું આવું તમ પાસ;
પ્રાયશ્ચીત તમને લાગશે, પૂરણ કરો નહિ આશ.
શર્ણાંગતને સાચવો, ધરી આવું શૃંગાર;
વચંન સુણી આ નારનાં, છેલ કરે વીચાર.
પછી બાજઠપર બેસીયો, કોઇ મળે નહીં જણ;
નારી સજતી શોભતી, અંગે આભૂષણ.
સાળું પેર્યો શોભતો, અણુવટ વીછુંવા પાય;
ઘેન કુલને જોટવાં, પેર્યાં પગની માંય.
ઝાંઝર પણ ઓપી રહ્યાં, કોટે મુક્તામાળ;
કનકતણી કંઠી ઘણી, શોભે ઝાકઝમાળ.
હાર હીરાનો કીમતી, હાથે ઘાલ્યો વાંક;

ચુડી બંગડી ચીપીયાં, શોભે આડાઆંક,
માણુક હીરા પંનાની, વીંટીયો પેરી લીધ;
કાને કાંટા કર્ણફુલ, બુગડી પેરી દીધ.
નણલી પણ જડાવની, તે ઉપર મોતી સેર;
કેસે તેને ભેરવી, જરા ના રાખ્યો ફેર.
કેસ ચોળીયા શીરના, અંબોડો જ જડાવ;
બાંધ્યો કેસજ ઉપરે, વધે છેલનો ભાવ.
આઠ ચુકીયા શોભતા, ધર્યા સોળ શૃંગાર;
અંજન આંજ્યું આંખ્યમાં, શોભાનો નહિ પાર.
દીપો કુમ કુમ ચાંદલો, અણીયે મોતી ઝુલ;
મળવા ચાલી છેલને, ઝાલી ચંપાફુલ.
કમળ સમાન હસ્ત છે, શોભીતી આંગળી;
અદ્ધર ચોળુક શોભી રહ્યા, દાંત દાડમની કળી.
એવી અનોપમ ભામની, આવી છેલ સમક્ષ;
ચક્રમાંથી તે નીસરી, ચમકાવતી નીજ ચક્ષ.
છેલ જોઇ છાબો પડયો, શું અણજાનું રૂપ;
શું રંભા આવી ખરી, છે રૂપનો કૂપ.
ધન્ય એના સ્વામીને, ધન્ય એની માત;
ધન્ય એના ઘડનારને, ધન્ય એનો તાત.
આભલામાં જેમ વીજળી, કર્યા કરે ચમકાર;
તેવી રીતે ચક્રમાંથી, નીસરી નઉત્તમ નાર.
છેલ કહે સુણ સુંદરી, તારા પતીને તું એક;
જુગતી જોડય છે તમતણી, ગુણ લક્ષણમાં છેક.
અરધાંગે તુ ઓપતી, સેવાની કરનાર;
નરનારી બેઉયે તણાં, ધન્ય ગણું અવતાર
કહો બાઇ સાચું તમો, કયમ તેડીયો આંય;
શો ઇરાદો આપનો, કામ પડ્યું શું કાંય.
ઇષ્ટ દેવના સમ છે, નવ મુઝાશો મંન;
સાચે સાચું કહો મુને, નહિ લોપું વચન.

જે કહેશો તે કરૂં, હારદ કહોને આજ;
કેમ તેડીયો મુજને, બતાવો મુજને કાજ.
એમ ન ધારો મન વીશે, કે આ તે કેમ કેવાય;
વચન વદો જે મુખથી, તે મીથ્યા નહીં થાય.

ચોપાઈ.

ત્યારે નારી કેતી હવી, વાત તમોને કહું હું કવી;
સ્વામી ગયા છે વેપારે, ઘરે એકલી રહી નારે.
જો ન જાય વેપારે ગામ, તો જાય પરીયાનું નામ;
માટે સ્વામી સંચરીયા, ઘરનાં માણુસ પરહરીયા.
કામ પ્રગટ તો મુજને થયો, તે મુખેથી જાય ન કહ્યો;
તપી ગયું છે મારૂં તન, માટે આપ ગનાવો મન.
બોલાવ્યા તમને એકાંન્ત, આપ કરોને મુજને શાન્ત;
શુભ લક્ષણ છો ગુણની ખાણુ, મન માન્યાને દેવો પ્રાણ.
પ્રથમ બોલાવ્યા મેં બે જણુ, જોતાં તે નીકળ્યા અભણ;
બુદ્ધી તેમાં ન મળે કાંય, નવ બોલાવ્યા ઘરની માંય.
દુઃખ પામી બે રાતજ ગઈ, ત્રીજી રાતે રાજી થઈ;
તમ જેવા પરતાપી મળ્યા, હાવે મનના કલેશજ ટળ્યા.
સારા માણુસની જો હોય જાત, ત્રીજે કાને ન કરે વાત;
જોતાં આપની એવી રીત, તમથી મારે બંધાઈ પ્રીત.
એક વચની પુરૂષ હોય, અંગ સોંપતાં વાંધો નોય;
મુરખ સાથે વઢવી વાણુ, તેના કરતાં કાઢું પ્રાણ.
માટે આપો જીવતદાન, નહી તો કાઢું મારો જાન;
અકબર શાહના ગામ મહી, અઘટીત કર્મ થાવાનું નહીં.
જાય બીજાના કાને વાત, તો રાજા કરવાનો ઘાત;
વચન નીકળે બરાબર, સુણ્યા કરે છે ત્યાં અકબર.
શોખી મુખથી બોલીયો, અંતરનો પડદો ખોલીયો;
તારૂં મન હું મનાવું, પછી અહીંથી હું જાઉં.
સત્યે ભાગું તારૂં દુઃખ, તને કરી આપું હું સુખ;

આટલા દીન તું સખણી રહી, હવે વૃત્તિ કેમ બગડી ગઈ.
થોડે દીન આવે તુજ નાવ, ત્યારે ભેટજો રાખી ભાવ;
પણ હું નહિ કરૂં અઘટીત, નવ ભમાવો મારૂં ચીત.
મારા કુળમાં લાગે કલંક, માટે નહિ વરતું હું વંક;
પત્ર વાંચવાનો ભાખીયો, ફાંદામાં મુજને નાખીયો.
તારા બોલે નહીં ચાલું, કહીશ તે સઘળું ઠાલું;
ત્યારે નારી કહે ઓ શિવ, ના કહેશો તો કાઢું જીવ.
આપું તમને હું હત્યાય, મારાથી તો નવ રેવાય;
આ ગરીબના સામું જુવો, મુજ મંદીરમાં આજે સુવો.
મારો જીવાડો તમ હાથ, ભલે કાપોને મારૂં માથ,
પણ નહી મુકું હું તમને, દુઃખમાંથી છોડો અમને.
ત્યારે દયા તો આવી ખરી, મનમાં વાત જરા ઉતરી;
લજ્યા મુકી બોલી બોલ, ત્યારે કરવો જોઇયે તોલ.
શરણે એતો આવી છે, આ થવાનું ભાવી છે;
શરણાંગતને સાચવવું, જમેલાને પાચવવું.
લાગે મુજને નીરાસો, રહી જવું અહીંયાં વાસો;
અકબર મને કરવાનો શુંય, ભંગ કરૂં નહીં નારી હુંય.
અકબરથી શીદ ડરવાનું, ભલે આપે કદી મરવાનું;
માથું મૂકી કરવું કામ, ત્યારે સ્ત્રીને આવી હામ.
ધન્ય દાસીને ધન્ય આ નર, મને મળ્યા બેઉ બરાબર;
દેહ મારો એનો ખૂરબાન, એની પાછળ આપું જાન.
અત્યાર સુધી લજ્યામાં, હવે પધારો સજ્યામાં;
કાષ્ટસિંહાસન સુકોપરૂં, હું તમારી સેવા કરૂં.
આવો મારા શીરના છત્ર, શાન્ત કરોને મુજને અત્ર;
કંચન ચાંદીતણું આસન, તેપર બેસો મારા મંન.
નથી તમોથી વધારે, છેલ ભૂપ બોલ્યો ત્યારે;
સાયબી સદાયે નહિ પોંચે, ભલે ભર્યું હોય ધન ટોચે.
પણ આખર એકલા જવાનું, રાખ બરોબર થાવાનું;
આનાં કરતાં છેજ અમૂલ્ય, મુજઘેર છે નહિ મારૂં પુલ્ય.

આનામાં શું હરખું હુંય, છત તારી બતાવે તુંય;
નારી હરખી મન સંઘાથ, જઈ ઝાલ્યો જીવણનો હાથ.
મોટા ઘરના છો માણસ, તમે કરી મુજને તો વશ;
બાથ ભીડીને લાવી સંગ, બેસાર્યો પીયુનેજ પલંગ.
પાનસોપારી વળીયારી, ઇલાયચી આપે સારી;
મુખમાં ચાવે છે તંબોળ, કરે રંગમાં રોળમરોળ.
નારી કહે નવ બેશી રહો, મનમાન્યું સુખ લેઈ લહો;
નહી આવે આવો વખત, અકબર રાજા જાણો સખત.
લળીલળી હું લાગુંપાય, તોય ન લેતાં લેખામાંય;
છેલ કહે તું સુણય સુંદરી, ઘેલી તને આમ કોણે કરી.
આપણ બેઊ રમીયે ચોપાટ, પછી ટાળવો તુજ ઊચાટ;
નારી કે હા તેગજ કરો, પછી કામને કરજ્યો પરો.
બીછાનાં રાખ્યાં સુંદીર, રમવા માટે રાખી ધીર;
દાવનાખતાં નર નારી, ખૂબી જામી બહુ સારી.
કોઇ હારે ને કોઈ જીતે, બેઊયેને લાવો વીતે;
રમીરમી કાઢી બહુ રાત, ત્યારે નારી કેતી વાત.
મૂકોને એ કડાકૂટ, પાસાની પડાવી ઝુંટ;
કરો તમે આનંદે ભોગ, આ મળ્યો છે સારો જોગ.
શીદ અબળાને રીબાવો, લ્યો લાખેણો આ લાવો,
છેલ કહે હું કહુંછું કથી, મને તમારી ખબર નથી.
કહો મને વીસ્તારી વાત, કોણ તમારાં માને તાત;
કોની સ્ત્રી ને કોણ સસરો, બોલ કહોને ખરેખરો.
પછી તમોસું ભીડીશું અંગ, પ્રથમ બતાવો આજ પ્રસંગ;
પદ્મકળા કહે સૂણોમાહારાજ, નામઠામનું શું છે કાજ.
સસરો મારો હીરાચંદ, તેનો સુત જાણે સુખકંદ.
સ્વામીનું નવ લેવું નામ, કેમ પૂછોછો મુજને આમ.
માતા પિતા મારાં પૂછો, પરગામ જઈ ખબર લ્યોછો;
તેમને તમે ઓળખશો સુંય, છેલ કહે હાવે સમજ્યુંય.
તારા સ્વામીને ઓળખીયો, વાંણુ વીસ તે લઇ ગયો;

વ્હેપારે ગયો તુજ કંથ, સફર તણો ઝાલ્યો છે પંથ.
એતો મારો ખરો મીત્ર, આ શું કીધું તેંજ ચરીત્ર;
નહીં મારે તુજ કામની, ભોળવીયો મુને ભામની.
એમ કહીને ઊભો થયો, ત્યારે સ્ત્રીએ હાથજ સહ્યો;
ભલે જાઓને તમે આપ, પ્રાણ કાઢું છું બેસે પાપ.
ગળા ફાંસો ખાવાને, ચિન્તા લાગી થાવાને;
છેલ કહે આતો વાંધો, કેમ મળે હાવે સાંધો.
જો મૂકીને હું જાવું, તો પ્રાપશ્ચીતવાળો થાવું;
કેસે હસે એ નપુંસક, સ્ત્રીએ પકડી ઝાલી ઝક.
પણ આ મુજ મીત્રની નાર, એને ભોગવું તો ધિક્કાર.

મનહરછંદ.

ગુરૂ સ્ત્રીનું ગમન કર્યું છે જ્યારે ચંદ્રમાયે;
ક્ષય રોગ પામ્યો નારી સાચી મારી વાણ છે, ૧
ઇંદ્રે અહલ્યા ભોગી આખરે એ થયો રોગી,
માટે તારી સાથે રંગ રમ્યાથી શું લાભ છે. ૨
જેને મારો મીત્ર જાણું તે નારી સું મોજ માણું,
ધિ:ક મારી જાતને કો કેશે કે પાષાણ છે. ૩
ચુનીલાલ કહે કરો મ્હેરબાની મારાપર,
એવું છેલ કહે તારી ખોટી ખેંચાતાણ છે. ૪

છપ્પો.

લાજે માને બાપ, કરૂં હું નીચું કામે;
લાજે માને બાપ, સમાવું તારો કામે.
લાજે મારૂં રૂપ, રમું જો તારી સાથે;
વીદ્યામાં પણ ધુળ, પાપ લાગે મુજ માથે.
નહિ અઘટીત હું આચરૂં, મુજ મનમાં સંતાપ છે;
જો ભોગું હું ભામની, તો અહલ્યાનું પાપ છે.

દોહરો.

છેલે પ્રતીજ્ઞા તો કરી, છે મીત્રની વામ;

તેની સાથે રંગથી, કેમ કરૂં આરામ.
માટે યુક્તી આદરૂં, જેથી ન લાગે કલંક;
બેહુ શાન્તી એની થશે, દુનિયા કૈસે વંક.
અનેક યુકતી આદરી, કરૂં એને પરસન,
વાત વિષયની ભૂલશો, જો મનાવું મન.
સ્ત્રી પાસે હું આવીયો, જયારે થાવું ભ્રષ્ઠ;
લોક લબાડ મુજને કહે, કરૂં કામ હું નષ્ઠ.
એવો વીચાર મનમાં કર્યો, રચુ કાંઈ પણ ફંદ;
મન ઓછું આવે નહિ, કરાવું જો આનંદ.
કયાં ગઇ શાણી સુંદરી, આવો મારી પાસ;
જે સાહીત હું લાવીયો, તે જમોને ખાસ.
ખાન પાન સુખે કરો, ચિન્તા મૂકો દૂર;
પછી આશ પૂરી કરૂં, લાવ્યો હ્યો ભરપુર.
અબળા મનમાં હરખીયાં, અંતર ધર્યો ઉલાસ;
વચન સૂણી આ વીરનાં, નારી આવી પાસ.
બેઉ સંગાથે બેસીયાં, સોનાનો છે ટાટ;
તેમાં પીરસણુ પીરસોયાં, ઠીક મચ્યો છે ઠાઠ.
લેઇ પ્રેમદા કોળીયો, ઘાલે છેલના મૂખ;
છેલ જમાડે નારને, ભાગી મનની ભૂખ.
કંઇક વખત વીતી ગયો, જમી રહયાં બેઉ સાથ;
પાન બીડલાં આપીયાં, એક એકને હાથ.
મૂખ રાતાં બેઉયે કર્યાં, અંગ ઉમંગ ન માય;
ધીરે રહીને છેલને, લાગી નારી પાય.
હવે વચન નવ લોપશો, આપણુ જૂગતી જોડ;
તમ જેવા અહીં આવીયા, પૂરો મનના કોડ.
વાર વધું તો નવ કરો, જો જાણે કોઇ જન;
અકબર ઠેરજ મારશે, નડે ખરૂંજ વીઘંન.
એમ કહી વળગી પડી, ચુંબન કીધું ગાલ;
છેલ કહે સ્થંભો જરા, વાત સુણોને હાલ.

અકબર મુજને શું કરે, એ મ્લેચ્છની જાત;
પૂન્યાઈનું સુખ ભોગવે, નહિ તો મારે લાત.
પુરવે કંઇ સુક્રીત કર્યું, તેથી મળીયું રાજ;
હું વીફર્યો નહી કામનો, મૂકું દુરજ લાજ.
ડર રાખો કેમ સુંદરી, નહીં જાય આ વાંણ્ય;
સાચી વાત તો નહીં કહું, ભલે કાઢે મુજ પ્રાણ.
પરવત જો ટુટી પડે, પણ નવ બોલું બોલ;
ગૃહ છીદ્રને ઢાંકીયે, ત્યારે જગમાં તોલ.
કટકા ક્રોડ મારા કરે, તો નવ લેવું નામ;
મનમાં ધીરજ રાખજે, જો જે મારૂં કામ.
અકબર તેડે મુજને, તો શિખામણ દઇશ;
તડાક ને ભડાક તે, મોઢા ઉપર કહીશ
મરવું તો છે જગતમાં, શીદ સંતાડું મોંય;
મારવું કે મરવું ખરૂં, હોનાર હોય તે હોય.
જો કહે મુજને એ કદી, કેમ કર્યો અન્યાય;
નારી કેમ તેં ભોગવી; ત્યારે કહું હું ત્યાંય.
નથી ગુન્હો એ નારનો, નહીં દઉં તારૂં નામ;
ચિન્તા મૂકો ભામની, હૈયે રાખો હામ.
વચન સુણી આ છેલનાં, ચડી અકબરને જવાબ;
જો હોય તલવાર તો, કરૂં નફટનો કાળ.

ચોપાઇ.

બોલી મુખથી પદ્મકળા, શા તમ હ્રદયમાં આંબળા;
વારે વારે સું કેવરાવો, પલંગમાં જલદી આવો.
મેહ પીડે છે. ઝાઝો મને, માટે આવો આપજકને,
આટલાં કહું જો હું જ વચન, તર્ત મહાત્માનું ચળશે મન.
જોગિ પણ ભોગી થઇ જાય, મને જોઇને રાજી થાય;
દેવ સરખા પણ મુકે ટેક, પણ તમે માનો ના એક.
હોય નપુંસક જો કહાય, મને જોઈને મહંજ થાય;

આથી ઝાઝું શું કહું આજ, કે'તાં મુજને આવે લાજ.
ઊઠો નમાવું તમને શીસ, મુજપર રાખો શાની રીસ;
સુરિત ઊરાડો કાયા તણી, નીસા ધરી છે છેલજ ભણી.
જરીક શું બોલો અમ સાથ, તમને જાણું મારા નાથ;
છેલે નીશા કરીજ જરૂર, થયો નીસામાં ત્યાં ચકચૂર.
પછી બોલીયો ત્યાંતો છેલ, હવે કરો આપજ રંગ રેલ;
ત્યારે નારી કે'છે કથી, મને પીવાની ફરજ નથી.
કોઇ દીન નવ કરૂ હું સ્પર્ષ, મને થયાં છે આટલાં વર્ષ;
મારા ભાગનો પોતે લીયો, વાર કરો નહી આપજ પીયો.
છેલ કહે છે હઠ ઝાઝી, મને રાખજો જો રાજી;
તો તમારૂં પડસે પેસ, શીદ કરાવો મનમાં કલેશ.
નીશા વીનાનું નબળું અંગ, નીશા થકી ઠીક જામે રંગ;
મારામાંથી થોડું ઘણું, લ્યો જરા હું મૂખે ભણું.
ચોખા બેના સુમારે, ગોળી આપી તે વારે;
તેમાં ચીજો છે ઊત્તમ, નવ પડી નારીને ગંમ.
છેલે આપી ગોળી જેહ, તેનો ટાળું હું સંદેહ;
વચ્છનાગ ને મહી હડતાલ, કેકવી ઘાલી તે કાળ.
પથ્થરપર જો ગોળી ખરે, તો પથ્થરના કટકા કરે;
તે ગોળી નારીને દીધ, પછી તેહની વીધી કીધ.
રખે તમે મનમાં બીયો, ગોળી ઉપર પાણી પીયો;
સ્ત્રીયે ગોળી જલદી ગળી, શું આપ્યું તે ન શકી કળી.
ગઇ પેટમાં ગોળી જેહ, તેનો ટાળું હું સંદેહ;
ધાત નારીની ફાટી ગઇ, સોની મારગ તે તો વહી.
રજસ્વળાના જેવું ચીન્હ, એમાં ન મળે કંઇયે ભીન્હ;
વિકાર હતો તે ગયો જરૂર, કામ થયો ભાગી ચકચૂર.
શક્તિ ન મળે કાયા માંય, નારીની ઉડી છે હાય;
ઉઠે બેસે ચેન ના પડે, રસ્તો તેને કાંય ના જડે.
છેલે ત્યાં સાધ્યો છે જોગ, ઉઠો નારી કરીયે ભોગ;
આતુર મારૂં મંનજ થયું, અત્યાર સુધી દુઃખજ સહ્યું.

ચાર પોર હું સુખ માણું, આવું નહીં મળે ટાણું;
માટે ન કરો ઝાઝી વાર, આવો પલંગની મોઝાર.
કયારે ભીડું રૂદીયા સાથ, નાખું ગળામાં કયારે હાથ;
ત્યારે નારી કે છે કથી, મારામાંતો શક્તિ નથી.
નારી કહે તમે કાંને ધરો, હાવે જરા સબુર કરો;
હાય મળે નહીં મારે અંગ, કેવી રીતે રમવો રંગ.
મસ્તાની વાઘણુસમ હતી, હાવે ઘણી ગરીબડી થતી;
મારો નવ ચાલે ઉપાય, રજસ્વળાના જેવું થાય.
માટે માગું માફી ખરી, મ્હેર કરો મુજ ઉપર જરી;
શકિત વીનાનું થયું શરીર, હાવે કરૂં શું હું શુરવીર.
દસ દીવસની આપો મુદત, તમને ગણું હું સ્વામી વત;
જગમાં મુજ સ્વામીને તમે, બેઉ વીના બહુ મુરખ ભમે.
બેઉ વીના સઉ માતજ તાત, ખરી માંનજ્યો મારી વાત;
બીજા કોઇથી બાંધું પ્યાર, તો મુજ જીવતરને ધિઃક્કાર.
માટે દસજ દાડા સુધી, સ્થિર રાખજ્યો આપજ બુદ્ધિ;
દીવસ દસ પછી રમશું રંગ, હમણાં મ્હારૂં નબળું અંગ.
છેલ કહે હું નવ માનું, તમે રાખશો કંઇ છાનું;
નારીની બુદ્ધિ તો ભમે, મન માને ત્યાં એતો રમે.
માટે ભરૂંસો આવે નહિ, એવી વાત તો છેલે કહી;
સ્ત્રી કહે બોલ્યા સાચો બોલ, લ્યો હું આપું તમને કોલ.
બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત શીર, ત્યાં સુધી જો નવ રહું ધીર;
તમ વીના સર્વે ખોટા, તમને મેં માન્યા મોટા.
જો બીજાથી લપટાવું, નર્કતણી વાસી થાવું;
બોલ માહ્યરો કાને ધરો, ખેદ તમારો કરજો પરો.
લ્યો વચન આપું છું હાથ, નવ રમું બીજાની સાથ;
પ્રેમ ગાંઠ જે બંધાઇ, તે મૂકું તો દુઃખ દાઇ.
છેલ કહે સુણ પ્રેમદા, પ્રેમ નભાવી રાખો સદા;
એમ પુરૂષે નારી છળી, નારીની વેદના ટળી.
છેલે નાખ્યું ત્યાં ટાઢું, વીઘંન આ લાવી આડું;

યુક્તિથી હું કાઢું દંન, એનું વશ રખાવું મન.
પ્રદેશથી આવે મુજ મીત્ર, ત્યાં સુધી હું રચું ચરીત્ર;
ત્યારે મારી હુંશીયારી, યુક્તિથી રાખું નારી.
વર્ષ દીવસ તો ચાલ્યા જશે, પછી ભામની સુખી થશે;
ખબર પડી આ બાદશાહને, શાન્ત પાડીયો છે દાહને.
ધન્ય છેલ તુજ ચાલાકી, યુક્તિ તેં રચી પાકી;
પણ તારૂં તે પાળ્યું તેંય, તેતો નજરે જોયું મેંય.
ધન્યધન્ય તારો અવતાર, ખૂબી થકી તેં જીતી નાર;
ભ્રષ્ટ થયું નહિ મારૂં મન, આવા પુરૂષને છે ધનધન.
ગોળી ખવરાવી છે એક, તેથી અબળા ભાગી છેક;
શાબાશ ત્હારી અક્કલને, કોણ કરે આ નકકલને.
તારા કુળમાં જન્મ્યો તુંય, ઘણો ખુશી થયો છું હુંય;
શિક્ષા એને કરવી નથી, પણ મનાવો એને મથી.
ઊલટો આપું હું સિરપાવ, એનાપર મુજનો બહુ ભાવ;
(પણ) સાચેસાચું કહી દેશે, તો અકબર રાજી રેસે.
નહીં તો થશે બુરી દશા એમ કહીને અકબર ખસ્યા;
છેલે વીદાય થવાનું કહ્યું, ત્યારે નારીયે મન લહ્યું.
મુજને મૂકી જાઓ કયાંય, ફરી આવશો કયારે આંય;
છેલ કહે તું સુણ સુંદરી, બોલાવશો તો આવું ફરી.
એવો બોલ નારીને કહ્યો, પછી છેલ નીજ ઘેરજ ગયો;
બાદશાહ પણ ઊભો હતો, પછી ઘેર જઇ સુખે સુતો.
રાત બધી નિદ્રામાં ગઈ, પછી દીનની વેળા થઈ;
મ્હોફાટી થાતો પરભાત, આવ્યો સભામાં જાતોજાત.
માનવંત અકબારના હતા, વચન શાહનું તે પાળતા;
સલામ આલેકંમ કરી, પછી બેસીયા ઠામે ઠરી.
બીરબલને બીજા બહુ લોક, સઊ સભામાં થોકેથોક;
ગાંસના શેઠ સાવકાર, ઘણા માંહી અમીરઉમરાવ.
એ સર્વે છે સભામહી, અકબરે મનમાં વાતજ લહી;
રાતે મેં જોયું દષ્ટાંત, તે વાતની ભાગું ભ્રાંત.

એને પકડી લાવે કોણ, હાથ ન આવે એ ગુણવાંન,
કોઈ ઓળખતું એને હશે, તો પૂછવાથી ખબર થશે.
પ્રધાન પાસે બેઠો હતો, બોલ કર્યો ત્યાં શાહે છતો;
રાતે એક બનાવજ લહ્યો, નગરચર્ચા હું જોવા ગયો.
કાંન્તીવાળો જોયો નર, વીસ વરસનો બરાબર;
અલૌકીક એનું છે રૂપ, ગુણતણો તો જાણે કૂપ.
દાગીનાનો પાર નહિ, તલવારે ત્યાં તો લટકી રહી:
મુખમાં ચાવેલાં તંબોળ, એવા પુરૂષની કરવી ખોળ.
નામ છે એનું ખરૂં, પત્તો ન લાગે જોતો પૂરૂં;
આપડા ગાંમમાં એવો કીયો, તે મને ઓળખાવી દીયો.
જે કોઇ ઓળખી લાવે હાલ, તેનાપર આવે બહુ વાલ;
લાવનારને દઊ બક્ષીસ, તેડી લાવો આ દીશ.

દોહરો.

પ્રધાન મુખં ત્યાં બોલીયો, જોડીને બે હાથ;
પત્તો લાવું પલકમાં, ઓરે પૃથ્વીનાથ
જેહ પુરૂષ રાતે મળ્યો, રૂપ તણો ભંડાર;
નગર શેઠ તમ ગાંમનો, તેનો છે કુમાર.
એને શોખ છે અતી ઘણો, હવા ખાવા હમેશ.
રાતે નીકળે એકલો, કેસુંધરી ત્યાં બેસ.
તેને ચારજ ભાઇ છે, તેમાં એજ ચતુર;
બત્રીસલક્ષણ બહુ ક્ગા, જરા મળે ન કસુર.
રૂપગુણનો રાજીયો, એતો છે સુખકંદ;
આ ગામમાં એહનો, મીત્ર અભેચંદ.
બેઊની ગાંઠયજ એકજ છે, ઊઠે બેસે સાથ;
હરેફરે બેઊ એકલા, કોઇ નહી સંગાથ.
સ્નેહ ઘાડો તેહનો, અંતર ન મળે કાંઈ;
તેમાં અભેચંદ મીત્ર એનો, ગયો મુસાફરી માંય.
માલ ભરી વીસ વાણુમાં, ગયો કમાવાકાજ;

છેલ પડયો અહીં એકલો, પણ મીત્રની કાજ.
બેઉના જેવી દોસ્તી, જગતમાં ન મળે કાંઇ;
એકએકના મંનથી, જાણે સગા ભાઇ.
બે રાતે નીકળે ખરો નગરશેઠનો તંન;
ત્યારે ત્યાંતો માનીયું, છે અકબરનું મંન.
ખરો પત્તો આપીયો, પ્રધાનને શાબાસ;
સેવક તેણે મોકલ્યો, જાઓ શેઠની પાસ.
હું કહું તે શેઠને, જઇ ઊત્તર આલો;
પાંચ પુત્રને લેઈને, સભામાંહી ચાલો.
વાર વીશેષ કરશો નહીં, જલદી જાઓ તહીં;
પૂછે તો બીજી કશી, વાતજ કેશો નહીં.
સલામ કહી સેવક ગયો, આવ્યો શેઠને ઘેર;
બાદશાહે જે કહ્યું, તે સઊ કીધી પેર.
કારણ પડીયું તમતણું, ચાલો મુજ સંઘાથ;
પાંચ પુત્ર છે આપના, તે પણ લ્યોને સાથ.
બીજું કામ કંઇયે નથી, જરાક આવી જાઓ;
મુખ બતાવી શાહને, પછીજ સુખીયા થાવો.
વચન શુણી આ ચારનું, પડી શેઠને ફાળ;
રાજા કેમ બોલાવતો, હશે લેઇને બાળ.
જો કંઇ હોયે પૂછવું, તો ત્યાં મારૂં કામ;
પણ બાળકને કેમ તેડીયા, ઊડી હૈયેથી હામ.
પાંચ બાળક માહારા, તેમાં છેલ શૂરવીર;
તે છેલે કદી રાયની, કરી હોય કશુર.
ગુન્હો કર્યો હોય કારમો, ચડે રાયને રીશ;
જો તેને લઇ જાઊં તો, છેદે કુંવરનું શીશ.
માટે એને રાખયો, એકાંન્ત જગામાંય;
રોસ ઊતારૂં રાયની, સમજાવું હું કાંય.
નજર બગાડી જાય તો, ઘણોજ ચડશે ક્રોધ;
જો કોપશે એ કદી, તો કંઇ કરશું બોધ.

એવું મનમાં ધારીયું, લીધા કુંવર ચાર;
બાપ દીકરાપાંચ જણ, આવ્યા સભામોજાર.
ઘેર મૂકયો છેલને, જઈ કર્યો પરણામ;
કહો કેમ મુજને તેડીયો, શું પડયું છે કામ.
બાદશાહ મન હરખીયો, આપોને આસન;
જેનું કામ મારે હતું, તે નવ આવ્યો તન;
નકામાં સહુ આવીયા, આપ્યાં આદરમાન
શેઠ બીરાજો આસને; કરોનો સમાધાન.
વય તમારી વૃદ્ધ છે, પૂછું તમને હુંય;
કેમ ચાલે છે ગાંમમાં, બીના બને છે શુંય.
રૈયતને શું દુખ છે, કેવો ચાલે ન્યાય;
તે સઘળી મુજને તમે, કહી દોને બીનાય.
શેઠ કહે શિરછત્ર છો, શું વખાણું મૂખ;
આપણા તો રાજ્યમાં, કોઈને ન મળે દુખ.
વરણ અરાડ વાસો વસે, સમદ્રષ્ટીએ જુવે;
આપતણા તો રાજ્યમાં, દવાર ઉઘાડે સુવે.
નાયકાઓએ મુકીયાં, નીજનાં નબળાં કર્મ;
ધંધા પણ સારા કરે, વ્યાપી રહ્યો શુભ ધર્મ.
વણજ ને વ્હેપારમાં, પ્રજા સહુ હુંશિયાર;
આપતણા તો રાજ્યમાં, દુઃખ નહીં લગાર.
વાઘ બકરી ઊપરે, પૂરણ રાખે પ્રીત;
માંઝારને મુશકતે, કરે નહીં અઘટીત.
ટુંકામાં કહું વારતા, ધર્મ સમાણું રાજ;
પૂછો આગળ મુજને, તે કહું શીરતાજ.
અકબર કહે સાચું કહો, તજો મંનની ફાળ;
કહો શેઠ મુજને તમો, કેટલા આપજ બાળ.
શેઠ કહે સૂણજો તમો, વીચારીને મંન;
આપના પ્રતાપથી, પાંચ આપના તંન.
સહુવાતે શુખ છે સુને, નથી કાંઈએ નુન્ય;
લીલીવાડી માહરી, તે સહુ આપજ પુન્ય.

રાજા વળતું બોલીયો, કરી મંન વીચાર;
કુંવર પાંચમો કયાં ગયો, લાવ્યા કેમ અહીંચાર.
માટે લાવો તેહને, એક મૂક્યો કેમ ઘેર;
શેઠ થરથર ધ્રુજતો, શુંણી શાહની પેર.
ચાર કુંવર છે માહરા, તે સર્વે હુશિયાર;
પાંચમો બુદ્ધિવીનો, ઘણોક છે ગુમાર.
કંઈના કજીયા લાવતો, કંઈની ગાળો ખાય;
અપલક્ષણ બહુ એહમાં, જયાં ત્યાં ધકકા ખાય.
ઘણુંએ વારી થાકીયા, મારૂં ન રાખે માન;
કઇક જણાનાં જાણીતાં, એજ કરે નુકસાન.
માટે કદી જો બાળકે, કર્યું હોય તોફાન;
તે દીલગુજર આપે કરો, આપ તણો સંતાન.
હોય કદાપી છોકરૂં, છોરૂં કછોરૂં થાય;
પણ આપે ગણવું નહિ, તમે બાપને માય.
ત્યારે અકબર બોલીયો, નથી એહનો વાંક;
શું કરવાને શેઠજી, તમે બનોછો રાંક.
એતો એની પરીક્ષા, મારે લેવી આજ;
પાંચમાંથી કોઇ પણ, કરેજ મારૂં કાજ.
આલાકી જોઊં પાંચની, જે નીકળે હુંશિયાર;
ઇનામ તેને આપવું, જરા ન કરવી વાર.
વચન સુણી અકબરતણાં, શેઠ થયો રળિયાત;
સેવકને કહ્યો જાઓને, અહીં લાવો સાક્ષાત.
બાદશાહ તમને તેડે છે, એવું કે જો જઈ;
માટે જલદી ચાલજો, વાત એવી કહી.
સેવક ત્યાંથી ચાલીયો, આવ્યો છેલની પાસ;
રાજાના હુકમથી, આવ્યો છું અહીં ખાસ.
કોડ કામ પડતાં કરી, ચાલો સભા મોઝાર;
અકબર તમને તેડે છે, જરા ન કરતાં વાર.
મગજ ફાટયું છેલનું, મુજ ઉપર હુકમ;

મારો પીતા બંધુ ગયા, ન મળે કોઇને ગંમ.
ક્યારનો એ મોટો થયો, ભાન મળે નહી કાંય:
જો મળવું હોય મુજને, તો અકબર આવે આંય.
હું એને કંઇ નવ ગણું, એ મારો ગુલામ:
પગે લાગીને મુજ કને, આવી કહી જાય કામ.
જો મળવું હોય છેલને, જાઓ તેહુને ઘેર;
પગે લાગીને પૂછશો, તો સમજાવે પેર.
મેં કહ્યું છે તેટલું, ત્યાં કરો જાહેર;
ઊભા રેશો અહીં નહીં, કરો જઇ માહેર.
વચન સુણી આ છેલનાં, અકળાંયા સેવક;
પૂઠ ફેરવી ચાલીયો, જરા કરી નહી જક.

ચોપાઇ.

ગાભરો સેવક નાઠો ગયો, જઇ અકબરને બોલજ કહ્યો;
મુખે તો નવ કેવાવે, કહ્યા વીના નવ રેવાયે.
સાત વાર જો હોય ગરજ, અહીં આવીને કહી જાય ફરજ;
અકબર તો મારો છે દાસ, મળવું હોય તો આવે પાસ.
એના જેવા કંઇકજ થયા, આવા અઘટીત બોલજ કહ્યા;
દેવો જોઇએ જીભે ડામ, મને કહ્યું છે તેણે આમ.
આ કહ્યું કે જો ખરૂં, પ્રાશ્ચિત મારે માથે ધર્યું;
માટે કીધી સઘળી વાત, સહુ સાંભળે છેલજ તાત.
અકબર મનમાં કોપ્યો નહિ, પછી વાત પ્રધાનને કહી;
પ્રધાનજી તમે જલદી જાઓ, સમજાવીને તેડી લાવો.
એવા જ્યારે બોલજ કહ્યા, પછી વજીર તેડવા ગયા;
બાદશાહને કરી પ્રણામ, ત્યાંથી આવ્યા છેલને ધામ.
કહો ભાઇ કોપ્યા કેમ તમો, જાતોજાત આવ્યા અમો;
ઊભાઊભા આવી જાઓ, જરાક દીલથી ડાહ્યા થાઓ.
બાદશાહનો તમપર ભાવ, આપવો તમને છે સિરપાવ;
છેલ મનમાં સમજી ગયો, બાદશાહે કંઇ ભેદજ લહ્યો.

રાત તણી જાણી હોય વાત, માટે તેડે છે સાક્ષાત;
કોઇ દુશ્મન તો ઊભો થયો, ભેદ બધો રાજાને કહ્યો.
બાદશાહ શું કરશે મને, લાવ જાઊં હું તેની કને;
વસ્ત્ર અને પેરી શણગાર, ખોષ્યો કમ્મર માંહ્ય કટાર.
અમદાવાદી પાઘડી, મૂકી ચાલ્યો છે તે ઘડી;
ખાંધ ઊપર નાંખ્યો છે ખેસ, કાને કલમ દેખાતી બેસ.
પગરખાં પેર્યાં પગમાં, જોર આવ્યું છે રગેરગમાં;
શાહુકારનો વેશ કરી, ચાલ્યો મનમાં હીમત ધરી.
વજીર છેલે ઝાલ્યા હાથ, આવ્યા સભામાં બંને સાથ;
છડીદારે કીધો પોકાર, વજીર છેલનો લ્યો જૂહાર.
બેઊ જણા તો અંદર ગયા, છે સામા જઈ ઊભા રહ્યા;
બાદશાહે જોયું ચક્ષ, વેશ ફેરવ્યો છેજ પ્રત્યક્ષ.
રાતે હતો તો ડોળજ નોય, પૂછું એને કોઇ જ નવ હોય;
એના મોઢે મનાવું, ના હા એ કહેવરાવું.
ચાર કુંવર ને પાંચમો શેઠ, એક એક દાગીનો આપ્યો ભેટ;
તમ આવ્યે બહુ વખત થયો, સુખે જાવો એમ બોલજ કહ્યો.
પાંચમા પુત્રનું મારે કામ, કરી પરીક્ષા આપું ઈનામ;
થોડી વારે મોકલી દઊ, છેલ સમજ્યો મનમાં સહુ.
શેઠ કુંવરને વળાવ્યા, પાંચજણ ઘેરજ આવ્યા;
જ્યારે રહ્યો એકલો છેલ, પછી થયો ત્યાં કેવો ખેલ.
ભાઈ આવને મારી પાસ, પૂરૂં તારા મનની આશ;
ઇનામ સારૂં આપું તુને, પૂછું તે તું કેને સુને
સલામ કરીને બોલાવ્યો, ત્યારે એક ડગલું આવ્યો;
પછી પાછો ઊભો રહ્યો, ત્યારે શાહે બોલજ કહ્યો.
ભાઈ પધારો કહ્યું જ્યારે, બીજું પગલું ભર્યું ત્યારે;
ત્રીજી વાર કહ્યું છે જ્યાંય, આવ્યો બાદશાહના થડ માંય.
સભા સઊ વીચારે પડી, બાદશાહને મંમત જડી;
આટલું આટલું આપે માન, ત્યારે જયો શેઠ સંતાન.
બાદશાહ નહીં ગણતીમાં, ધન્ય એહની જણતીમાં;

બાદશાહ પરચો ટાઢો, પાસે તેને બેસાડયો.
તને પૂછું હું જાતોજાત, સાચેસાચી કેજે વાત;
પ્રપંચનો જો બોલ્યો બોલ, તો ઉતારૂં તારો છોલ.
નાક કાપવા હું ઠેરવું, આખા ગામ મહીં ફેરવું;
સાચે રાજી રે'શે રામ, જૂઠાપર કોપેજ તમામ.
અવલી ઘાણીયે ઘાલું, સત્ય નીતિયે હું ચાલું;
તારાપર છે મારો ભાવ, રાત્રે શો બન્યો બનાવ.
કાલે થયું શું કારસતાંન, તેનું કરોને સમાધાન;
રાતે થયો તો કેવો ખેલ, તે મુજને સંભળાવો છેલ.

દોહરો.

એવાં વચન શાહનાં સુણી, બોલ્યો અકકલબાજ;
શું પૂછો છો મુજને, ફરી કહોને રાજ.
સંદેહ ટાળું તમતણો, હોય જે મનની માંહી;
પૂછો મુજને પ્રેમથી, વાત દેવું હું કહી.
અકબર કહે રાતે કહો, શું બની પંચાત;
સાચે સાચી માંડીને, કેહેજો મુજને વાત.
શેઠ કુંવર હરખાઇને, બોલ્યો મુખ કથી;
કાલ રાત્રે બારણે, હું નીકલ્યો નથી.
પુલ હાથે નવ ઝાલીયાં, ન ગયો બાગ મોઝાર;
બીજું શું પૂછો મુને, જરા કરો નવ વાર.
આવા જુજજ કામમાં, મુને તેડીયો શીદ;
મેં જાણ્યું કાંઇ મહત્વનું તેથી લક્ષે લીધ.
હું વાણીકનો દીકરો, ઇજ્જત મારી બહુ;
રાત પો'રે કોઇ દીન, બ્હાર જરા નવ જઉં.
પુલ હાથમાં નવ ધરૂં, ચડે દેવને શીશ;
તમારે શા કામનું, ખરી વાત હું કહીશ.
માટે સાચું માનજો, બ્હાર ન જાઉં કો દીસ;
વચન સુણી આ છેલનું, ચઢી અકબરને રીસ.

ડાહ્યાપણુ ડોળે મુજ કને, જાત તારી કમજાત;
મને અવળું સમજાવનો, કરીશ તારી ઘાત.
નાક કાપું તાયરૂં, નર્ક ઉપડાવું હુંય;
જ્યારે જુલમ જ એ કરૂં, ત્યારે માને તુંય.
શેઠ કુંવર ત્યાં બોલીયો, વીચારજો મન માંય;
રાતે હું નીકળ્યો નથી, જૂઠે લાગે લાય.
રાત મારી જાય છે, તે કહું સર્વે પેર;
ઘરનાં માણસ મુજ પરે, રાખે છે બહુ ઝેર.
ઘરમાં મુજને નવ ગણે, પેટ પરાણે ભરૂં;
શું દુઃખ છે મુજને, તે જાહેર કરૂં.
શેઠને ત્યાં હું જનમીયો, જીવતર નકામું;
પિતા મારો રાત્રીયે, લખાવતો નામું.
પથરણે હું બેસીને, લખું હુંજ હંમેશ;
ઊંઘ આવે તો સુઇ રહું, સદા રહે મન કલેશ.
તેમાં કાલે રાત્રીયે, દુઃખ પડયું ઘણુંજ;
મોડી રાત સુધી લખ્યું, મુખે શું ભણુંજ.
પિતા મુજ પાસે હતા, કહ્યો દાબીને બોલ;
મુજે કામ કર્યા પછી, કર્યો મેં મનમાં તોલ.
સુતો પૂરૂં કર્યા વિના, તો કરૂં શિક્ષાય;
એ પરમાણે કહીને, પિતા મારો સુઇ જાય.
તેમાં મોડી રાત્રયે, જાજમપર સુતા;
મોડી રાત સુધી હું, જાગતો હુંતો.
પાથરવાનું ના મળે, પૃથ્વીપર સુઈ રહું;
આવી મારા કર્મની, વાતજ કોને કહું.
તમે કહો છો ગામમાં, રાતે દીઠો મેંય;
એ સાચું કેમ માનવું, હૈયું હાથ ન રેય.
સુણી વચન આ કુંવરનાં, અકબર ગયો અકળાઇ;
ધૂળ નાખે આંખમાં, લેણુ તારાં દુઃખ દાઇ.

એમ તું માને નહિ, કરૂં તુને શિક્ષાય;
રાતે જાતો જાત મેં, કરી તારી પરીક્ષાય.
જાર કરમમાં જાણુ છું, તું નીકળ્યો કપુત;
સાચું તું માને નહીં, એ લ્યું મારૂં તુત.
વજીરને બોલાવીયો, કર્યો ઝટ હુકમ;
ગર્ધવપર બેસારીને, ઘો સુળી એકદમ.
પેલ ફેરવો ગામમાં, પછી સુળીની સજાય;
ત્યારે તો તે માનશે, જલદી ડહ્યો થાય.
જો માગી એ જાય તો, નવ દેવાનું દુઃખ;
એ પર રેમજ માહરી, સર્વે વાતે સુખ.
હુકમ થતામાં છેલને, અવળો બંધન કીધ;
ખરની ઊપર એહને, તર્ત બેસારી દીધ.
પાછળ માણસ અતી ઘણાં, નીચે લખ્યું પણ સંગાથ;
આખા ગામમાં ફેરવ્યો, જુવે લોક વજીરનો સાથ.
જોવાને આ છેલને, ઊલટી અરાડે વર્ણ;
જાળી બારી અગાસીયો, ભાર ન ઝીલે ધર્ણ.
ઝરૂખે ઝુકી જુવે, મન ફાવે તેમ લોક;
દુખ પડશે આ છેલને, સહુના મનમાં શોક.
ઢંઢેરો પીટાવીયો, સુણી વૃદ્ધને બાળ;
પરનારીથી જે રમે, તેના તો આ હાલ.
શાણા હો તો સમજજો, નથીજ એમાં સાર;
ઇજ્જતથી હલકા થશો, ને ખાશો જમના માર.

રાગ ગુર્જરીનો.

બેસી ખરપર છેલ ફરે છે, લોકો જોવા જાયરે;
કોઇનું મન દીલગીર છે ને, કોઇ તો મન હરખાયરે.
કોઇ મનમાં વીચાર કરે, એ કોની સાથે રમીયોરે;
કામ કાચું કેમ કર્યું, જેથી રાય અકબર દમીયોરે.

છેલ તણું એવે ઘર આવ્યું, રડે માતને બાપરે;
આ દશા દીકરા તારી, તને નડયાં પુરવનાં પાપરે.
છાતીમાથાં કૂટતાં ત્યાં, બાળક અમને વાલોરે;
સુળીયે તુજને દેવાના, કુંવર મારો કાલોરે.
પ્રાણ હમારો કેમ ન નીકળે, જોવું કુંવરનું દુઃખરે;
બાધા આખડીયો રાખી, જેમ થાય છેલને સુખરે.
માતા પિતાને ખેદ તે, આ કુંવર હૃદયમાં વસીયોરે;
શા માટે તમે દુખ ધરોછો, એમ કહીને હસીયોરે.
વીધાત્રીયે લેખ લખેલા, તે મીથ્યા કેમ જાયરે;
રચના વીશ્વની છે અલૌકિક, થનાર હોય તેમ થાયરે.
જગતમાં જે જન જનમ્યું, તેને મરવું એકજવારરે;
એમ લગાડું કુળમાં તો, લાવો આંસું અપારરે.
જુવો વારતા શું બને છે, ગભરાશો નહી તમોરે;
કોઇ વાતનું દુઃખ નથી, સુખમાં ફરીએ અમોરે.
માતપિતાને શાન્તી આપી, ચાલ્યો ત્યાંથી છેલરે;
એવે લગભગમાં આવ્યો છે, પદ્મકળાનો મેલરે.
દીઠો છેલને ગર્ધવ ઉપર, જોવા લાગી દાસીરે;
રાણીને જઇ કહ્યા સમાચાર, છેલને ઊદાસીરે.
અકબર છેલ ઊપર કોપ્યા છે, ગર્ધવપર બેસાર્યોરે;
સુળી ઉપર ચડાવશે, સૌ માણસને વકાર્યોરે.
વાત રાતની જાણ પડી, સુળી દેવાને જાયરે;
ગાંમમાં રાંધ્યાં ધાન્ય રહ્યાં છે, (જુવો) વીદાય અહીંથી થાયરે

દોહરો.

વાત સુણીને દાસીની, થરથર ધરૂજે નાર;
મુજ માટે સંકટ પડે, ધીક મારો અવતાર.
સૌ વીદ્યા સંપૂર્ણ છે, નહિ કેવાનો વેણ;
ભલે કટકા એના કરે, પણ નવ કાડે કેણ.
પ્રીત કરી મેં એહથી, જાયે એનો પ્રાણ;

એની પાછળ હું મરૂં, વ્યર્થ ન જાયે વાણ.
આનાકાની હું કરૂં, બ્રહ્મહત્યાનું પાપ;
આવી ઝરૂખે નીરખવા. ત્યાં તો આપોઆપ.
ચકને ઊંચો ત્યાં કર્યો, જોવા લાગી દુષ્ટ;
આંખે આંસુ ચાલીયાં, થયું તેહને કષ્ટ
છેલે છેટે રહીને, આપી છે ત્યાં ધીર;
નવ કચવાશો સુંદરી, છોને આવે પીર.
એનું બોલ્યું એના મુખમાં, જ્યારે ઘાલું હુંય;
વાળ વાંકો નથી થવાનો, નવ ગભરાતી તુંય.
એમ કહી આગળ ગયો, જ્યાં સુળીનું રોપાણ;
તે લગભગમાં આવીયો, દેલ ચતુર સુજાણ.
સૌની આગળ છેલ છે, પાછળ છે તમામ;
સુળી લગભગ આવીને, છેલે કર્યો પરણામ.
જય દેવી તુજને નમું, રક્ષા કરજે તુંય;
માતા જાણી તુજને, શરણે આવ્યો હુંય.
મારો કે જીવાડજો, માત ખોળે શીશ;
ગુન્હો કર્યો નવ કોઇનો, રાયે કીધી રીસ.
વજીર કહે લ્યા માન્યને, શીદ ગુમાવે દેહ;
શું લાંછન એમાં તને, કેમ ભજાવે વેહ.
પુરૂષને શું એબ છે, ખાલી કરે છે હઠ;
માની જાને મૂરખા, જુવે લોકની ઠઠ.
વસ્ત્રમાં નાગી હશે, સૌ આલમ દુનીયાય;
તો આપડે શીદ લાજવું, માની જાને કાંય.
ચડયો ગુસ્સો છેલને, શું મને મનાવો;
કોની ચોરી મેં કરી, સામો મારી લાવો.
શું મનાવો મુજને, અકબર છે અજ્ઞાન;
વીના ગુન્હે એક નડતો, જરા મળે નહી ભાન.
પણ સાર્યો એનો નહીં મરૂં, કરતો હરતો રામ;
જે માટે અહીં આવીયા, ભલે કરોને કામ.

આંધળાના ગામમાં, કાણો હોય વજીર;
તેવી રીતે તમે થયા, ન મળે તમામાં હીર.
ગામ સર્વ ધીક્કારશે, તખ્તે લાગ્યો ડાઘ;
વચન સુણી આ છેલનાં, લાગી વજીરને આગ.
પાંચ પગથીયાં સુળીનાં, તેમાં ચડીયો એક;
ડર મળે નહિ દીલમાં, રાખ્યો મનમાં ટેક.
વજીરે સેવક મોકલ્યો, બાદશાહની પાસ;
આવા ઉત્તમ કુંવરનો, ન ઘટે કરવો નાશ.
બહુ મથીયા મનાવવા, પણ નવ માને એહ;
કૈતા હોતો એહનો, વીંધી નાખું દેહ.
એવો સંદેશો મોકલ્યો, આવ્યા છેજ હજુર;
બાદશાહ કહે શું બન્યું, તે કહોજ જરૂર.
આ વાત એટલે રહી, કર્યું નારીયે શુંય;
યથા બુદ્ધી વીસ્તારી, સર્વે કહું છું હુંય.

ચોપાઈ.

શોક સમુદ્રમાં બુડી ગઈ, તેના મનમાં ચીન્તા થઈ;
અકબર મનમાં શું ધારે, છેલ મારાને એ મારે.
પણ બનતો કરવાની યત્ન, નહિ મરવા દઉં એવું રત્ન;
એના માટે આપું પ્રાણ, નવ પડવા દેઉ કોઇને જાણ.
હીસાબ ન રાખું નાણાનો, પ્રાણ બચાવું શાણાનો;
દાસીને ત્યાં બોલાવી, પછી નારીયે સમજાવી.
પુખ્ત ઉમરની દાસી હતી, જા બેન તું મારી વતી;
મારૂં આટલું કરને કામ, હું આપીશ તુજને ઇનામ.
વસ્ત્ર ઘરેણાં પે'રો અતિ, પછી જાઓને મોટી મતી;
સાત કુંડીમાં મોહરો ભરો, તે તમારે મસ્તક ધરો.
બબ્બે ઝાલો હાથ મહીં, ત્રણ કુંડી મસ્તકપર રહી;
સુળી આગળ લુંટાવો, મારૂં નામ નવ દરસાવો.
જે લે તેને લેવા દયો, કોઇને બોલ કડવો ના કયો;

તને પુછે તારૂં નામ, મરમમાં તું કેજે તમામ.
પણ ખૂલ્લું નવ નામજ લઈશ, વાટ જોઇ હું બેસી રહીશ,
વસ્ત્ર અનોપમ પેર્યાં ઘણાં, વખાણ કરૂં શું નારી તણાં.
આભૂષણ વીજળી ચમકાર, લેઈ મોહોરોને નીકળી બ્હાર;
અંન મારૂ હલાલ કરો, શાણાં થઇને પાય ધરો.
મસ્તક મારૂં તુજ ખોળે, દાસી ચાલી છે ડોળે;
સુળી આગળ આવી નાર, જાણે રંભાનો અવતાર.
દુર ઉભી રહી નારી, કુંડીયો મસ્તકથી ઉતારી;
લોક વીચારે મનની માંય, કોની નાર તે ના સમજાય.
અહીંયાં આવી હસે કેમ, પડયો લોકને મનમાં વેગ;
દ્રવ્ય મૂકીને ઉભી રહી, સુર્ય સામી દ્રષ્ટી ગઇ.
સુરજને કરીયો પરણામ, પણ કોઇયે લીધો નહી દામ;
લોક સરવ ત્યાં જોઇ રહે, કહ્યા વીના તે કેમ લહે.
બે ઘડી વાર થઇ જયારે, રીસ ચડી છે તે વારે;
સ્ત્રીની આંખ્યો થઈ ઘેરી, લાતે દ્રવ્ય નાખ્યું વેરી.
વેરી ચાલી સ્ત્રીની જાત, વજીરે મનમાં લીધી વાત;
આ કૌતક તે શું કે'વાય, કોની નાર તે નવ ઓળખાય.
બાદશાહને શું હું કહીશ, એના ગામમાં કેમજ રહીશ;
તોફાન થયું તે મારૂં કામ, મુજપર કોપી રહ્યા તમામ.
માટે એને પુછું પ્રશ્ન, એના મનમાં શું છે તૃષ્ણ;
વજીર પુછવા ચાલીયો, પાલવ તેનો ઝાલીયો.
બોલ કહે મને તું સાચો, નારે માર્યો તમાચો;
વજીર બુદ્ધી કયાં બગડી, પરનારી જાણો સઘડી.
પરનારીનો પાલવ ગ્રહો, મારાથી તો દુરજ રહો;
મારા જેવી ભુંડી નથી, કહી દાસીયે વાતજ કથી.
હાથ કપાવું મુળમાંથી, આવો જન્મ્યો તું કયાંથી;
વજીર કહે કોપો શીદ તમો, કોની દીકરી પુછયું અમો.
કોણ તમારાં માત પીતાય, તે પુછવા આવ્યો છુ આંય;
દાસી કહે જો પુછવું હોય, આ લક્ષણ પુછયાનાં નોય.

કરૂં તાહારૂં સમાધાન, નાખ્ય જઈ રાજાને કાન;
સાંભળ મારૂં કહું છું નામ, હૈયે રાખી રે'જે હામ.

સમસ્યા દોહરો.

પાંચપણ ચકલી નહી, કાળું મુખ પણ નહી મંઝાર;
જીવ્હા દ્વય સરપણ નહી, કરો મન વીચાર.
તે ગરીબને ત્યાં રહે, તે ગરીબની બાળ;
ઓળખજે હ્યા મુરખા, કહી ચાલી તતકાળ.

ચોપાઇ.

વચન સુણી આ નારી તણું, વજીર ત્યાં સમજ્યો નહી અણું;
શું કહ્યો નાઠી તે અબળાય, મારાથી તો ના સમજાય.
બીજા બધા બાહુક થયા, સામાસામી જોઇ રહ્યા;
શું કહ્યો મરમમાં બોલ, કોણ કરે એ બાઇનો તોલ.
છેલે સઘળું લક્ષે લીધ, જેહ વચન દાસીયે કીધ;
વજીર મનમાં વીચારે, હાવે શું કરવું મ્હારે.
બે જીભ પણ સાપણ નહી, એવી વાત તે બાઇયે કહી;
કાળું મુખ પણ નહી મંઝાર, ગરીબને ત્યાં એ રહેનાર.
તે ગરીબની હું કુમારી, વીચારમાં પડીયો ભારી;
ગરીબ કોણ ને શુંયે હશે, કહી ગઇ સમસ્યાને મષે.
ક્યાં ગઇ તે જડી નહી, વજીર મનમાં ચીન્તા રહી;
કોઇ શોધી લાવે એને, ઇનામ હું આપું તેને.
કોણ ભેદ એનો તો લહે, વજીરનું તો હૃદય દહે;
એક સેવકને મોકલીયો, અફગરને સઊ કેવા ગયો.
સભામાં જઇ બંદગી કરી. ઊભો રહ્યો છે ઠામેઠરી;
સુળી દેવા અમે ગયા, વાંહાં બનાવ ક્યા હુંવા.
સુનો બાત ગરીબપરવર, મેં કહુંગા બરાબર;
સુલીકી પાસ લે ગયે, સબ જાકે વાં ખડે રહે.

છેલકું લયાચે સુલીકી પાસ, આપ હૃદયમેં કરના કયાસ;
હુકમ આપકા હુવા સખત, જલદી લે ગયે ઇસબખત.
પેલી સોડીપર વો ગયા, ઇતનેમે વાં કયાં હુવા;
ખુદાકી બંદગી કરતાતા, પાંઊ ઊનકા નહી ઠરતાતા.
ઇતનેમેં એક ઓરત આઇ, પેસે આકે લુટીગઇ;
બજીને છેડા પકડ લીયા, ઓ ઓરતકું એસા કીયા.
ઓ કયા કરતી કયાહે નામ, કાયકું તુને લુટાયા દામ;
કીસકી લડકી કે દે સાચા, ઓરતે લગાયા તમાચા.
હેવાન પાલત્ર સાહાતા હૈં, એ કયા છોટી બાતા હૈં;
કંબખ્ત વાંસે રહે દુર, વજીરકી તો પડી કસુર.
પીછે ઊનકા નામ લીયા, સમજ પડે નહી એસા કીયા;
દો જીબાન મગર સરપન નહીં, એસી બાત ઊનોને કહી.
કાલા મું મગર બીલી નહી, વો ચીજ ગરીબ કેવાં રહી;
ઓ ગરીબકી મેં લડકી, કહ્યા એસા ઊનોને તડકી.
એસા કહે કે ચલી ગઇ. એહી બાત મેં તુંમકું કહી;
હંમ તુંમારે હે ગુલામ; આકે તુંમકું કહ્યા તુમાંમ.

દોહરો.

વચન સુણી આ દાસનું, મનમાં કયા વીચાર;
કોણુ બાઇ એતો હશે, હશે કોણુ એ નાર.
નક્કી પદ્મકળા હશે, તેનો તે પર પ્રેમ;
તે આવી ત્યાં તો હશે, હું ચુકુંછું કેમ.
છેલને બોલાવીને, હું પુછું વરતાંત;
જો ખુલાસો એ કરે, તો ભાગે મનની ભ્રાન્ત.
અકબર સુણ ત્યાં બોલીયો, સેવક અહીંથી જાવો.
છેલ વજીરને તેડીને, અહીયાં પાછા આવો;
દાસ ગયો ત્યાં દોડતો, જરા કરોજ સબુર.
છેલને બોલાવતા, બાદશાહ હજુર;
માટે જલદી ચાલોને, લીધો છેલને સાથ.

આગળ પાછળ સ્વાર છે, બાંધેલા છે હાથ;
ગામ વચ્ચેથી જાય છે, જુવે સર્વ ત્યાં લોક.
છેલ બચ્યો એમ જાણીને, ટળ્યો સરવનો શોક;
આવી અબળા બારીયે, કર્યાં છેલ દરશન.
ચોઘડીયું તો વહી ગયું, મન થઇ પરસન;
ગબ મારે છે બાદશાહ, અણી ચુકીયો છેલ.
હાવે હરકત કાંઇ નથી, શું બને છે ખેલ;
આંખ્યના ઇસારેથી, (છેલે) સમજાવી છે નાર.
ગભરાશો નહીં ભામની, રામ રાખણહાર;
એમ કહીને ચાલીયો, આવ્યું તેનું ઘર.
માતપીતા જોતાં હતાં, ઓરે શંકર હર,
કુંવર પાછો આવીયો, એ શીવજીની રેમ.
અકબર પણ સમજ્યુ ખરો, અમ કુંવર પર પ્રેમ;
કુંવર જોઇ રાજી થયા, છેલ આવ્યો દરબાર.
બાદશાહને નમી, તર્ત કર્યો જુહાર;
મમત કરે સુરખા, માની જાને તુંય.
સાચું કેજ્યો મુજને, રાજી તું પર હુંય;
કાલ રાત્રીયે શું બન્યું, તે મુજને સમજાવ્ય.
અબળા કોણ આવી હતી, તેહ ભેદ બતલાવ્ય;
શું સગી તારી હતી, હતી બેન કે માત.
કોઇ માસી કે ભામની, કેને સાચી વાત;
કોણે ધન લુંટાવીયું, દીઠું સર્વે જન.
મળ્યો મને મુદ્દો ખરો, બોલ્ય સુખ વચન;
હજુ છુટ્યાનું બારણું, કહી દે રાઘળી પેર.
નહીંતર આ બાદશાહ, મારે તુજને ઠેર;

ચોપાઇ.

રાતો તાતો છેલ થયો, તડકીને ત્યાં બોલ કહ્યો;
વારે વારે પુછો શુંય, વાત કસી નવ જાણું હુંય.

રાતે વાત કહો શું થઇ, તેનો ભેદ હું જાણું નહીં;
રાજા સુણો તમે સાક્ષાત, પારકી નારી મારી માત.
હમે ન કરીયે કુડું કૃત્ય, કયાં તમારી બગડી મત્ય;
એવું અઘટીત દુનીયામાં થશે, પૃથ્વી તો પાતાળે જશે.
શેષ નાગ ના ઝીલે ભાર, થાશે જ્યાં ત્યાં હાહાકાર;
નારી એક ત્યાં આવી ગઇ, ધન કેટલું વેરી ગઇ.
તેનું કારણ સમજાવું, કરી ખુલાસો બતલાવું;
હમારા હીંદુની માંય. શું થાય તે સુણજ્યો રાય.
ઘણો મંદવાડ માણસને થાય, સગાં સંબંધી ચેતી જાય,
પુન્યદાન તો ઝ ઝાં કરે, બ્રહ્મણોનાં ઘર બહુ ભરે.
ઘર પરમાણે કરતાં પુન્ય, રામનામની કરતાં ધુંન્ય;
એટલે જીવ સમાર્ગે જાય, એ સંભળાવ્યો સઊ અભીપ્રાય.
માટે સુણજ્યો મારી વાણ, આપે લેવો ધાર્યો પ્રાણ;
વાત ગામમાં ઉડી ગઇ, લોકને તો ખબર થઇ.
સૌને દીલગીર થાવાનું, શું સાથે લઈ જાવાનું;
દયા આવી કોઇને, આ દશા મુજ જોઇને.
આ તર્ફથી બળીયું મન, તેણે લુટાવ્યું છે ધન;
મુજ પાછળ ખેરાતી કરી, ચાલી ગઇ પછી સુંદરી.
એલ ખલકનો છે ખોટો, અજ્ઞાની માને મોટો;
મારૂં મારૂં કહીને મરે, હાય હાય સઊ જગત કરે.
જુઠી આ જગતની લપ, પુન્ય કર્યું તે આવે ખપ;
એટલા માટે આપ્યું ધન, હવે સમજજ્યો આપજ મન.
ધન વાવરવાજ આપ્યું મને, તે મનથી મેં રાખ્યું કને;
મારગમાં મને લાગે કામ, કહી કર્યો શાહને પરણામ.
મનમાં ધાર્યું હોય તે કરો, રખે આપ બોલેલું ફરો;
સુળી આગળ લઇ જાવો, શું કરવા ખોટી થાવો.
અંધ આગળ શું આરસી, બેરા આગળ જેમ પારસી;
ફરવાથી મીથ્યા સઊ જાય, સુળી અકબરને લાગી લાય.

રાગ સાખીનો.

શર્મ શખ્યા વીના મુખ બોલેજો, મને ગણીયો તરખલા તોલેજો;
રાખું આટલો એપર દાબ જો, તોય સીધો ન દે જવાબજો.
નથી સાચું બોલતો એહજો, નવ મરવાથી ડરતો તેહજો;
એનું ઉપર રહ્યું વચનજો, મને નબળો કહે સઉ જનજો.
પણ હું અકબરશાહ ક્યારે જો, એને મોઢે મનાવું ત્યારે જો;
નવ માંને તો છેદાવું શીશ જો, કરી બાદશાહે ત્યાં રીસજો.
જાવો સેવક આને લઇ જાઓજો, મુજ આગળથી આઘા થાવોજો;
મારૂં વચન મનમાં લે જોજો, જઇ જ દીશી સુળી દઇ દેજો જો.
હાવે દયા ન ધરવી લેસજો, એવો આવ્યો છે મુજને દ્વેષજો;
લઇ ગયા સેવક સુળી દેવાજો, ત્યારે લોક મળ્યા છે જોવાજો.
ત્યારે સઉને પડયો મન વેમજો, પાછો લઇ જાય છે કેમ જો;
રાજા આપડા ગામનો બગડયો જો, નીર અપરાધે છેલને રગડયોજો.
કોણ જાણે શું એના મનને જો, તેથી દુખ દે છેલના તનને જો;
માટે વ્હાર કરો અવીનાસી જો, એમ સર્વેના મનમાં ઉદાસી જો.
રહ્યાં ગામમાં રાંધ્યાં ધાનજો, સૌ પોકારતા ભગવાનજો;
કરો આ કુંવરની વાહારજો, એમ પોકારતાં નરનારજો.
સાજન જોતાં છેલ જાયજો, માતપીતાનું ઘર આવ્યું ત્યાંયજો;
છેલ જોયો કે માથું કુટયું જો, હાય નસીબ અમારૂં પુટયું જો.
સીદ જીવતાંજીવણ રાખ્યાંજો, અમને કુંવર પેલાં ન મારી નાંખ્યાંજો
પુર્વે કરેલાં કરમો નડે જો, તેથી દુખ આ જોવું પડેજો.
પાદશાહ કુંવરપર કોપ્યોજો, જાણે સમુદ્ર મરીયાદા લોપ્યોજો;
એમ રડતાં સગાં વાલાંજો, ત્યાંથી છેલને લઈને ચાલ્યાંજો.
આવો જુલમ છેલપર થાતો જો, તેમ તેમ છેલ હરખાતો જો;
એના મનમાં મળે નહી કલેશજો, ચાલ્યો જાય બંધાયેલા વેશજો.
એવે પદ્મકળાનું ઘર આવ્યું જો, જોઈ નારીનું મુખ કરમાયુંજો;
મારે માટે વેઠે છે કષ્ટીજો, આંખે ચાલે છે અશ્રુની વૃષ્ટી જો.
મારા બોલાવ્યા આવ્યા છેલજો, દુખ જોઈને રેડાયું તેલજો;

૭

મારા માટે જશે એનો પ્રાણજો, પણ કેહેશે ન મુખથી વાણજો.
હાવે મેં પણ મનમાં ધાર્યું જો,એની પાછળ તન પાડું મારૂં જો;
એના સુખે મુજને સુખજો. બાદશાહ દેવા બેઠો દુખજો.
એના મનમાં જરા ન દયાયજો, જે રામે ધાર્યું તે થાય જો;
એમ નારી મન પસ્તાયજો, છેલ આવ્યો સુળી છે ત્યાંયજો.
કોટવાળ કહે અલ્યાં માન્યજો, તારો જાશે પલકમાં પ્રાણજો;
એમ કેટલું ત્યાં બરબડીયા જો, છેલ પેલું પગથીયું ચડીયાજો.
કરે ઈશ્વરની ત્યાં અરજજો, અલ્યા બજાવ્ય તારી ફરજજો;
બોલ્યો કોટવાળ મુખવાણીજો, તારી એમાં વૃત્તી તણાણીજો.
તારી ઈચ્છા પ્રમાણે કેનેજો, જે જોઇએ તે માગી લેનેજો;
જે ખાવાની થઈ હોય મરજીજો, માગ્ય જે કઇ જગમાં સરજીજો.
ખાઇ પીને પછી ખુશ થાનેજો, પછી સુળીની પાસે જાનેજો;
ત્યારે છેલ બોલ્યો મુખ ગાજીજો, તારો બાદશાહ મનનો પાજીજો.
એ શું લ્યા આપી જાણે જો, એ પુર્વનું સુખજ માણેજો;
છે અજ્ઞાની ન મળે જ્ઞાનજો, એને જાણું હું શ્વાન સમાનજો.
ખરૂં ખોટું ન જુવે એહજો, ધીક ધર્યો દુનીયામાં દેહજો;
સીહ તખતને એ લજાવેજો, નીર અપરાધીને એ સતાવેજો.
મને વાંક વગર એ મારેજો, સાચું જુઠું ન એ વીચારેજો;
એ ઇશ્વરને શું કહેશે જો, ખુદા જવાબ પલકનો લેશે જો.
સુણી વચન કોટવાળ હબકયો જો, બાદશાહને દે છે ઠપકો જો;
એક સેવકને મોકલીયો જો, કેજ્યો છેલ માથાનો મળીયો જો.
તમને દે છે મુખમાંથી ગાળજો, કહોને કેમ કરીયે તે બાળજો;
કહોતો કરીયે શીરછેદજો, એવો કાવી મોકલીયો ભેદજો.
ચાલ્યો સેવક દોડા દોડજો, હવે પદમકળાનો કહુ કોડજો;

દોહરો.

પસ્તાવો નારી કરે, શો કરવો ઉપાય;
જેથી મારા છેલની, ઘાવ જરા નવ થાય.
ટેક એ તોડે નહિ, નૂહી કહે મુખથી વાણ;

બાદસાહ બુદ્ધી વીનો, લેશે એનો પ્રાણ.
ઊપાય બીજો આદરૂં, દાસી કરી તૈયાર;
જા સુળીની પાસ તું પેરીને શૃંગાર.
પરથમ કરતાં પેરીયા, દાગીનાજ વીશેસ;
છેલ બચાવા કારણે, બદલ્યો ભીનો વેશ.
નવસત* અંગે ઓપતા ઝાંઝરનો ઝમકાર;
અધર અનોપમ ઓપતી, ભ્રગુટી ધનુષ આકાર.
સુક ચચું સમ નાસીકા, મૃગ ચક્ષુ સમ નેત્ર;
એવી અબળા ત્યાં, બની જાણે તેજનું ક્ષેત્ર.
જુદી જુદી જાતનાં, મંગાવ્યાં છે ધાન;
સાત ટોપલી ત્યાં ભરી, બચાવવાને જાન.
મુકી ત્રણ મસ્તક પરે, ચાર ઝાલી છે હાથ;
છેલ મુકાવા કારણે, ચાલી નહી કોઇ સાથ.
નારી કહે શ્યામા સુણો, નજર રાખજો બહુ;
મારૂં નામ લેતી નહીં, વારે વારે કહું.
તારૂં તન તું સાચવી, પાછી આવજે ઘેર;
સુળી આગળ મુકજે, તું તો આનંદ ભેર.
બે ઘટીકા ત્યાં સ્થંભજે, રવી+ સામું રે જોઇ;
ધાન લેવા આવશે, તે વખતે કોઇ.
તોફાન કરશો નહીં, ઊભાં રહો તે ઠાર;
જો ના લેતા કોઇ જણ, વેરી આપજો નાર.
બચાવ તારા જાનને, તો સાલાકી વાંન;
નહી ભુલું ઊપકારને, રાખું તારૂં માન.
નમન કરી દાસી કહે, થાશો નહીં દીલગીર;
ભુલ પડે નહી મુજને, સાચવે શ્યામ શરીર.
પકવાન લેઇને પરવરી, ચાંપી મુકે ચર્ણ;
રૂપ જોવા નારીનું, ઉલટી અરાડે વર્ણ.
ક્યાંથી આવી કાંમની, ક્યાંની રેવાસી;

* સોળ શણગાર. + સૂર્ય.

આ અબળાને જોઈને, ટળે છે ઉદાસી.
કોની અને શું નામ, પડે નહી ઓળખાણ;
સુળી લગભગ આવતી મારતી નયનનાં બાણ.
ભીડ ભારે રહી મચી, સુળી જોવા માટ;
એવે આવી તારૂણી, બતાવતી ત્યાં ઠાઠ
જે તે માગજ આપતું, અબળા જોઇ ઢળીયાં;
કોઇ પુરૂષનાં કામની, જોઈ ચીત ચળીયાં
આ દેવી કોઇ અવતરી, ધારવતી અવતાર;
છેલ બચાવા આવીયાં, સહુ કરે નમસ્કાર.
કોઇ કહે સાચો હોય તો, પ્રભુજી ભીડે બાથ;
જુઠો મરશે પલકમાં, સાચે વૈકુંઠનાથ.
માટે સાચો છેલછે, તેની કરવા ઓથ્ય;
બાદશાહની પલકમાં, એ લથડાવે લોથ્ય.
મન ફાવે તેમ બોલતાં, કોઇને નહી લગામ;
નારી સુળી પાસ જઈ, કરે પોતાનું કામ.
સાત ઉતારી ટોપલી, મુકી સુળી પાસ;
સઉ માણસ ત્યાં નીરખતાં, મનમાં કરતાં કયાસ.
અધીરાઇથી ભાળતા, કોય ન બોલે શબ્દ;
જોપ્ર ટોપલી મનુષ્ય સઉ, બની ગયાં છે સ્તબ્ધ.
ટોપલીયો પૃથ્વી ધરી, કરે સૂર્ય સ્તવન;
ત્યાં સુધી આ બાઇના, સામું જુવે સઉ જન.
પણ કોઇયે લીધું નહી, પાસે ન આવ્યું કોઈ;
પછીથી આ અબળાયે, ધાન નાખ્યું ભોંય.
નાખી જમીનપર ભેગું કરીયું, ઝટ ચાલી ચતુર;
વજીરે ઘેરી ખરી, ખસવા ન દીધી દુર.
છેડો તેનો ઝાલીયો, અહી આવી તું કેમ;
અનાજને કેમ વેરીયું, મને પડેછે વેમ.
આ છેલની શું સગી, તું કોની છે વામ;
અહીં આગળ આવ્યા તણું, શું પડયું કહે કામ.

નહીં જાવા દેઉ તુજને, હું તો રોકી રહીસ;
ખબર મુજને પુછશે, શું ઉતર હું દઈસ.
કરી ખુલાસો પરવારો, (નહિ) સારાનું ભુષણ;
કુળવંતી હોય કામની, નહી તેનાં લક્ષણ.
આટલા મનુષ્યમાં આવવું, માટે તું કમજાત;
જો જાવું હોય સુંદરી તો, કહો મુજને વાત.
વચન સુણીને વજીરનાં, શું તું કરતો બોધ;
માર્યો તમાચો ગાલમાં, અતી કરીને ક્રોધ.
નેત્ર રાતાં થઇ ગયાં, પાલવ સાહાતો કોણ;
રહે અળગો અહીયાં થકી, જશે તાહારો પ્રાણ.
છેડો ઝાલે માહારો, માની કોનો હુકમ;
અકબર બાદશાહ, જાણશે કાઢે તારો દમ.
વચન સુણી આ નારનાં, પાલવ મુકયો હાલ;
દુર રહી જોયા કરે, ને પંપાળે ગાત્ર.
થર થર કાયા ધ્રુજતી, હાવે ન લેવું નામ;
અબળા કહે મુજ નામ, સુણ હૈયે રાખી હામ.
જો ના સમજે તું કદી તો, બીજાને પુછ;
સમજણ તુજને પાડસે, ઉગી હોશે મુછ.

સમસ્યા છપ્પો.

મુજ પીતા ઘણો છે રંક, દ્રવ્યનો હામ કરે છે;
મુજ પીતા ઘણો સુશાળ, ઠગીને પેટ ભરે છે.
મુજ પીતા ઘણો છે નીચ, સર્વપર મીઠી દ્રષ્ટી;
નહી બદલું નહી વેરી, ભસે ને પડસે કષ્ટી.
તે માણસની બાળકી, ચતુર હોય તો જાણજે;
એમ કહી ચાલી ગઇ, ચુનીલાલની વાંણજે.

ચોપાઈ.

સર્વે વીચારે પડીયા ખરા, સમસ્યામાં સમજ્યા નહી જરા.

આ નારી શું બોલી ગઇ, છેલ સમજ્યો મનની મહી;
ધન્ય એ નારીની જાત, મરમમાં મને કહી ગઈ વાત.
એણે મુજને સમજાવ્યો, ભેદ મુજને બતલાવ્યો;
સેળભેળ કર્યું છે ધાન, તે મેં રાખ્યું સરવે ધ્યાન.
અરથ એને એવો કહ્યો, તે મેં મારા મનમાં લહ્યો;
અડધું જુઠું અડધું સાચ, બોલો તો નહી આવે આંચ.
એવું કહી ગઇ ચંદ્રમુખી, તો થાશો નહી આપ દુખી;
બ્હેતર મારો પ્રાણજ જાય, પણ મુજથી એવું ના બોલાય.
ભેદ ઉઘાડું હું એની, તો મુજમાં બુદ્ધી સેની;
ભલે ને અકબર કાપે શીશ, સાચું માનું નહી આ દીસ.
કોટવાળને સર્વે લોક, સૌના મનમાં થાતો શોક;
આ નારી શું કહી ગઈ, સૌ વીચારમાં પડયા તહી.
કોટવાળ મન ખેદ થયો, ઝટ અકબરની પાસ ગયો;
તમે સાંભળોને શીરતાજ, શું બનાવ બનીયો છે આજ.
આપ તણી તો આજ્ઞા થકી છેલને લઇ ગયા નકકી;
સુળી પગથીયે ઉભો છેલ, એવે ત્યાં બનીયો શું ખેલ.
એવે અબળા આવી એક, રૂપ તણો નવ પામું છેક;
લીલાં વસ્રો પ્હેરીયાં, સર્વેનાં મન ઠેરીયાં.
ને આવી સુળી લગભગ, તેને જોવા ઉલટયું જગ;
પકવાનની છાબો સાત, તે લેઇ આવી સાક્ષાત.
સાત ટોપલી પૃથ્વી ધરી, હાથ જોડી ઉભી છે ઠરી;
ઉભી રહી છે થોડીવાર, કોય ન પામ્યું એનો પાર.
પૃથ્વી પર નાખ્યું છે ધાન, સેળભેળ કીધું તે ગુણવાંન;
પછી ચાલવા જેવી ગઈ, મેં પાલવ તો લીધો સાઇ.
તમાચો મુને મારીયો, મેં વીચાર મન ધારીયો;
બાઇ તારૂં શું છે નામ, ધાન વેર્યાનું શું છે કામ.
તમાચો મારી બોલી એહ, તે સાંભળીશું સઘળું મેંય;
મુજ પીતાતો ગરીબ ખરો, હું કહું તે શ્રવણે ધરો.

નીત્ય દ્રવ્યનો હોમ કરે, એક દીન પાછો નવ ફરે.
મુજ પીતાતો ડહાપણવાન, ઠગીને પેટ ભરે ગુણવાન.
મુજ પીતાનો સ્વભાવ દુષ્ટ, ગરીબ ગ્રહસ્થ પર રહે સંતુષ્ટ;
આવો બોલ કહ્યો તે કાળ, તે માણસની હું તો બાળ.
આવું કહીને નાઠી એહ, સમજાયું નહી એ સંદેહ;
કેવા હું આવ્યો હડીયે, કહોને જઇ કોને નડીયે.
બાદશાહ કહે આ શું થાય, કોણ હશે તે નવ સમજાય;
અનાજ આવી નાખી ગઇ, કોણ બાઇ એ નવ સમજઇ.
બીજી વારની એ આવી, પુછું છેલને બોલાવી;
ચેલી નારી હોસે ખરી, લોકોયે નવ જાણી જરી.
કોટવાળ જલદી જઇ આવો, છેલને અહીં લઇ હાજર લાવો;
ખોટી ત્યાં બહું થાશો નહી. આડા અવળી ઊભા રેશો નહી.
કોટવાળ ત્યાં આવ્યો છે, સમચાર તો લાવ્યો છે;
છેલ તમોને તેડે રાજ, કાંઇ પડયું તમારૂં કાજ.
માટે જલદી ચાલો તમો, તેડવા આવ્યા છીયે અમો;
છેલે ત્યાંથી પગલું ભર્યું, સરવે જનનું મનડું ઠર્યું.
પ્રભુયે એને બચાવ્યો, બીજી વાર બચી આવ્યો;
ઈશ્વર એની કરશે વાર, એમ વદે સઊ નરને નાર.
લોકો મનમાં બહુ હરખાય, છેલ મારગમાં ચાલ્યો જાય;
નારી જરૂખે જોતીતી, મનનો ખેદજ ખોતીતી.
છેલ જોઇ હરખી છે મંન, હવે ગયાં એનાં વીધંન;
વીત્યું નબળું ચોઘડીયું, મંન આનંદે પડીયું.
ત્યાંથી આગળ ગયો જ્યાંય, ઘર પોતાનું આવ્યું ત્યાંય;
માતા પીતા સઊ રાજી થયાં, મુજ પુત્રનાં દુખજ ગયાં.
પ્રભુયે એને બચાવીયો, જોઇ છેલ હરખ આવીયો;
અકળકળા તુજ અવીનાસી, મુજ પુત્રની ટળી ફાંસી.
બાધા આખડીયો લીધી, છેલ જોઇ વાળી દીધી;
ત્યાંથી છેલ આવ્યો દરબાર, અકબરને જઇ કર્યો જુહાર.

શું ધાર્યું છે મનમાં તમો, કેમ બોલાવી લીધા અમે;
પુછવું હોય તો પુછી લીયો, પછી મુજને જાવા દીયો.

દોહરો.

અલ્યા મુરખ તું બહું થયો, શી આ તારી રીત;
મરવું લગભગ આવીયું, તો પણ ચોકસ ચીત.
શરમ પડે તુજ બાપની, તેથી મન ધારૂં;
સાચું કહે ને તું અલ્યા, નહી તો હું મારૂં.
કોઇ મને છેડે નહી, કોય ન બોલે બોલ;
ધાક મારી ખલકમાં, ગણ્યો ન તરણા તોલ.
બે હુકમ મેં ફેરવ્યા, રાખી તુજ પર રેમ;
ત્રીજી વાર મારૂં ખરો, (નહી) રાખું કુશળ ક્ષેમ.
માટે સાચું બોલને, કોણ હતી યે નાર;
અંન કર્યું કેમ એકઠું, તે તું કહે કુમાર.
પ્રાણ ન કાડું તાહરો, માટે કેને સાચ;
જુઠેજવાળ ચડે મુને, સાચે નાવે આંચ.
પછી છેલ મુખે વધો, સું સુજે તમનેય;
જીબાન સઉને એક છે, શું પુછો મુજનેય.
ઈષ્ટ જગતમાં એક છે, એક માતને તાત;
આકીન સઉનું એકછે, હજુ પડે કેમ ભ્રાંત.
જેહ પીતાના વીર્યનો, પ્રગટ થયો હોય બાળ;
તેનું વચન તો એક છે, બીજાનું મોઢું બાળ્ય.
વર્ણસંકર હોય તો, તમારો હાબ્યો હણાય;
નહીં કામ એ માહારૂં, આગળ પુછો રાય.
તેનું જીવતર ધીક છે, જે કરે બોલીમાં ફેર;
બે વચની માણસ થયો, તેને પીવું ઝેર.
નારી જે આવી તહી, વેરી ગઈ છે ધાન;
તે બાબતનું આપને, કહું છું સમાધાન.
કુમારી ગુજરાતમાં, ધારો એવો છેય;

મરનારાની પાછળે, દાન ઘણું એક દેય.
જુદી જુદી જાતનાં, આપે સાતજ અંન;
તે આવા વેરી ગયું (જેને) હરી વસ્યા હોય મન.
દયા આવી હોય કોઇને, મુજ પાછળ ખેરાત;
સાથે મારી આવશે, તે કહી તમને વાત.
કહો શું મુજને આજ્ઞા, બોલ્યો વણીકનો બાળ;
વચન સુણી આ છેલનાં, ચડી અકબરને જવાળ.
શું બોલે તું છોકરા, માથું મુકી દુર;
લગામ મોઢે રાખ્ય તું. હું કરૂં ચકચુર.
દેવ હોયે છાણના, (તેને) કપાસીયાની આંખ્ય;
એને બીજું નવ ઘટે, વચન કહ્યાં છે લાખ.
રાતો તાતો થઇ ગયો, (જાણે) ચુસી ખાવું હાલ;
સર જેવાં વચનો કહે, છે નીરભય એ બાળ.
હાંરે સેવક શું જુવો, બોલ એના ઝટકા;
સુળી ચડાવો એહને, પછી કરો કટકા.
ફુંદી ફુંદી એહને, ઓલવવાની દાજ;
બાદશાહે તે સમે, આવું સોંપ્યું કાજ.
હુકમ હજુરે આપીયો, છેલ ગયા છે લેઇ;
કોટવાળ કહે મુરખા, બચવા બારી કેઇ.
અપમાન કીધુ શાહનું, મારી નાખું હુંય;
કીડી ઉપર કટક ચડશે. તું કરવાનો શુંય.
મઇડ તું મુકે નહી, ચરબી ગઇ ભરાઇ;
કટકા કરૂં તાહારા, જેમ તલને રાઇ.
હાવે નમું હું તુજને, માથે આવ્યું મોત;
વગર વીચાર્યું બોલતો, લાજ મળે નહીં બહોત.
એરે હાથજ બાંધીયા, વજીર પણ સંઘાથ;
ત્રીજી વારજ ચાલીયા, જોતો સઘળો સાથ.
વળી લોક જોવા મળ્યા, ઘણો હઠીલો એહ;
છોકરો નવ માંનતો, નક્કી ખોશે દેહ.

કોઇ કહે શું માનશે, જુઠું બોલાવે શાહ;
કોઇ કહે ડાહ્યો જાણું છું, વાંકો એનો રાહ.
કોઇ કહે હતો નાનકો, એને રમાડયો મેં ય;
ચરીતર એના જાણું છું. મન ફાવે તે કેય.
કોઇ કહે બાદશાહ રત્ન છે, નહિ કરે અઘટીત;
વ્યભીચારી છોકરો, તેથી ઉતરી પ્રીત.
કોઇ કહે કીયા જન્મનું, હશે.એ પર વેર;
તેથી આ છેલપર, એને આવે ઝેર.
મન ફાવે તેમ બોલતા, પણ હસતું છેલનું મુખ;
આટલા દુખે છેલતા, માને મનથી સુખ.
વદન કમળ ચળકી રહ્યું સઉનો એપર પ્રેમ;
લક્ષણવંતો લેહકતો, જાતો આવ્યો તેમ.

ચોપાઈ.

લેઇ છેલને ચાલ્યા જાય, નારીનું ઘર આવ્યું ત્યાંય.
દાસી જલદી ઘરમાં ગઇ, વાત બધી નારીને કહી;
ત્રીજી વારનો છેલજ જાય, વચન સુણીને લાગી લાય.
ઝરૂખે જોવા આવી ખરી. જોતા છેલને નજર ઠરી;
આવા પુરૂષનો કરશે કાળ, કોણ થશે એનું રખવાળ.
મેં બોલ સમસ્યામાં કહાવ્યા, પણ નજરમાં નવ આવીયા;
ખોટું ખરૂં કહી છુટી જાવો, કહ્યું ઇસારે ડાહ્યા થાવો.
પણ નવ માને એહ પુરૂષ, નારીનો ઉડયો છે હર્ષ;
એક વચની એનો નર, છુંદો થયો ક્યાં ખબર.
એના પાખે જીવું નહી, રં. | ધ યું મનની મહી;
ફરી મુકતી કંઇ આદરવી, પેરવી તે તણી કરવી.
નારી લાગી ગભરાવા, છેલને સુળી (પાસ) લાવ્યા;
ચડશ મુરખ તું પગથીયે, ખરેખરા પાછળ મથીયે.
બાદશાહનું કર્યું અપમાન, આજે કાઢું તારો જાન;
પ્રથમ સુળીયે ચડાવું, પછી કડકા કરાવું.

કરી લે ઈષ્ટનું સ્મર્ણ, હગભગમાં આવ્યું છે મર્ણ;
હોય જીવવું આણે દીસ, જઈ બાદશાહને નમાવ્ય શીશ.
રીઝે બાદશાહ તુજપર ઘણા, સાકર ફુકી ચાવે ચણા;
કોવચને તું ફુકા દેય, કસ્તુરીની વાસજ લેય.
ગાડુ મુકી ગર્ધવ પર ચડે, ખબર તને કેમ નવ પડે;
સમજી જાને મનની સાધ, બળીયા સાથે ભીડે બાથ.
ગજું તારૂં એવો નહી, મરી જઈશ તું મારજ ખઇ;
કોપીને બોલ્યો બહાદુર, ઊડો જાસો (જેમ) આકજ*તુર.
તમને જરા ગંસ નથી, થાકયો હું તો કથી કથી;
સાડા ત્રણ મણની કાય, તેમાંથી જો વચંન જાય.
ધીકાર તેની માતજ તાત, ભલે થાયે મારી ઘાત;
એ બાપનો જે જન હોય, તેને જીતી ન શકે કોય.
બાદશાહ તમારો છે ગુમાર, બોલેલું ફર્યો ત્રણ વાર;
મારી માયે એક જણીયો, બોલું બે લું તો ધીક પડીયો.
એક લીયંનો હોયે તંન, તેતો નર લોપેજ વચંન;
હું બોલ્યો તે લોઢા મેખ, નક્કી બ્રહ્માનો એ લેખ.
તારાથી શું છે થનાર, કરતો હરતો છે કીરતાર;
દોરી સરવની એના હાથ, રાખણ હારો છે રઘુનાથ.
મારૂં મારૂં શું ભાખે, માર્ય ચાંખ્યો તારૂ સાંખે;
વચન સુણ્યું આવું જ્યારે, વજીરે સેવક મોકલ્યો ત્યારે.
બાદશાહને પુછી આવો, હુકમ લેવાને જાઓ;
કહ્યું તે કેજયો સર્વ, છેલ કરે છે ઝાઝો ગર્વ.
સેવક ગયો કેવા માટ, નારીયે શું રચીયો ઘાટ;
ગાંજે પગથીયે ઊભો છેલ, લોકો સર્વે જોતા ખેલ.
પદ્મકળા મન ગભરાઇ, એક દાશીને બોલાવી;
તૈયાર થઇ જાવોને બેન, મને પડે નહી કાંઇયે ચેન.
સાત માટલામાં મોદીક, ટોચ્ય ભર્યા છે મોદીક ઠીક;
પછી નારીયે સમજાવી વસ્ર ઘરેણાં પેરાવી.

* આકડો.

અલૌકીકી વખાણુ *સ્વાંગનાં, દાસી બની જાણે દેવાંગના
વસ્ત્ર ઘરેણાં ઓપી રહ્યાં પછી નારીયે એમજ કહ્યાં.
સાત માટલી મસ્તક ધરો, જાવાને તૈયારી કરો;
જાન બચાવી જઈ આવો, બોલ મરમમાં કહીઆવો.
યુક્તી આવડે તે કરજ્યો, નહી તો ત્યાંનાં ત્યાં મરજ્યો;
મ્હારૂં નામ નવ ખુલ્લું પડે, નહી તો આળ માથાપર ચડે.
આ પ્રમાણે વાણી કહી. હાથ જોડીને દાસી ગઈ;
સાત માટલાં લઈ ચાલી, રૂમઝુમ કરતી મતવાલી.
નેત્રને તો ચમકાવતી, ઝાંઝરને તો ઝમકાવતી;
લટકે આવી સુળી ભણી, લોક નજર માંડે છે ઘણી.
આ કોઈ આવી ત્રીજી વાંમ, એનું હસે શું નાંમને ઠાંમ;
ક્યાંથી આવી ક્યાંયે જાય, કોણ ચતુરા નવ સમજાય.
એકી નજરે જોઈ રહ્યા, માટ લેઇને અળગા ગયાં;
સાતે ફોડી પટોપટ, ચાલી અબળા ત્યાંથી ઝટ.
જોઇ થયાં સર્વે ચકાત, આતે કેવી કીધી રીત,
વજીરે રોકી પાછી નાર, બાઇ ઊભી રહે આણે ઠાર.
શું લાવીને આવી કેમ, ટાળી જાને મારો વેમ;
કોની તનયા કોની ભારજા, અહીંયાં આવી કોની રજા.
માટલી કેમ ફોડી તેંય, તે વીસ્તારી મુજને કેય;
નહિ તો છેદું નાકને કાન, માટે કરને સમાધાન.
નારી કહે કહું મારૂં વૃતાંત, ભાગું તારા મનની ભ્રાંત;
કોની બાળ ને કોની નાર, તે તણો કરૂં વીસ્તાર.

ઈંદ્રવીજય છંદ.

તાત ઘણો બળવાન હમારો તે, ધાકથી સર્વને ચાક ચડાવે
આકાશમાં રથ રાખે પોતાતણો, એક ચક્ર બધું ગામ ચલા

* શરીરનાં.

સારથી હેઠળ રહી રથ હાંકતો, રથ આકાશમાં જાય હલાવે;
તે તણી બાળકી એમ કહી ગઇ, મગદુર કોની કે પાછી વળાવે.

ચોપાઇ.

ચાલી એવું કહી અબળા, સકે ન રોકી કો સબળા;
જોતજોતામાં ચાલી ગઈ, વીચાર કરતો વજીર મનમહી.
કથી દીસાયે ચાલી એહ, દેવાંગનાં સમ તેનો દેહ;
દાસી આવી ત્યાંથી ઘેર, નારીને સઊ કીધી પેર.
કાંઇ ન ધરશો મનમાં શોક, ઝખમારે છે સર્વે લોક;
શેઠાણી જે શેઠતણી, બક્ષીસ આપી છે ઘણી.
હળદર તેનું કાડયું ઘણું, શું થયું છે છેલજતણું;
વજીર પડયો છે વીચારે અહીં આવી તે કોણ નારે.
કોઇ તેનો નવ જાણે મર્મ, સઊના મનમાં રેતો ભર્મ;
છેલ તો મનમાં સમજી ગયો, વાત બધીથી વાકેફ થયો.
નારીયે એવું કાચીયું, તે સમશ્યામાં જણાવીયું;
માટ ફોડી નાખીયું, તે મેં લક્ષે રાખીયું.
એણે કાવ્યું દાસી સાથ, હાવે ફોડી નાખો વાત;
પ્રાણ બચાવી લ્યોને તમો, એવું કહીયે અબળા અમો.
નથી ધીરજ એને રેતી, વારેવારે એ કેતી;
પણ વચન મારૂં મીથ્યા જાય, તો તો મુખે લાગે લાય.
ભલેને છેદે મારૂં શીશ, સાચું ખોલું નાહી આ દીસ;
ધન્ય, દાસીની ચાલાકી, વાત કહી ગઈ એ પાકી.
એ દાસીની શું ગુંજાત, કે ચતુરાઇની કરશે વાત;
પારસમણીનો સંગજ થાય, લોઢાનું કંચન થઈ જાય.
પોપટ સાથે બાંધ્યો કાગ, થશે પાંસરો તેનો રાગ;
આ નારીની સંગત થઇ, તેથી દાસી સુધરી ગઈ.
કુંભાર તણી તો કુંવરી કહી, ચેતાવીને ચાલી ગઈ;
વજીરે મોકલીયો દાસ, જાઓ તમે અબળાની સાથ.
જે જોયું તે કેજ્યો જઈ, જોજ્યો લુવી જાતાં તહી;

સેવક આવ્યા અકબર કને, વજીરે અહી મોકલીયો મને.
કહેવા આવ્યો તમને હુંય, આપ મનમાં આવે શુંય;
લઈ ગયા છેલને જ્યારે, ત્રીજે પગથીયે ચડયો ત્યારે.
એવે આવી પ્રેમદા, તેને જોઇ રહ્યા બધા;
સાત માટલાં ફોડી ગઇ, વજીરે તેને ઘેરી તહી
કેમ આવ્યાં તમે આણે ઠામ, કોની કુંવરી કહોને નામ;
ત્યારે મરમમાં બોલી એહ, એનો ટાળે કો સંદેહ.
મુજ પીતામાં બળ ઝાઝું, માટે હું અહીયાં ગાજુ;
રથ આકાશમાં ચલાવે, એની તોલ કોઇ ના આવે.
રથતો ચાલે ઘન મોઝાર, નીચે બેસે હાંકણુ હાર;
તે તણી હું તનીયા થઇ, આવું કહીને ચાલી ગઇ.
છેલને મારતાં કરજ્યો વીચાર, બળીથી ગણજો પોબાર;
બોલ બાદશાહે સુણ્યા ખરા, નારી ગફલત ખાય ન જરા.
ચેલી નારીનું આ ચરીત્ર, છેલ તેનો સાચો મીત્ર,
છેલને બચાવા માટ, નારી ઘટતી કેવા ઘાટ.
કોઇ ઓળખતું એને નથી, સુણી આગળ જાય છે કથી;
ભેદ નામનો કો નવ લહે, એવી સમસ્યા નારી કહે.
ફરી ધકકો તમે ખાઇ આવો, છેલને અહી લઇ આવો;
મારે પુછવી એને વાત, માટે અહી લાવો સાક્ષાત.
અન્યાયે હું મારૂં નહિ, માટે તેડી લાવો અહી;
સેવક ત્યાંથી ચાલ્યો ગયો, સમાચાર જઇને કહ્યો.
આવીને ત્યાં વાતજ કહી, છેલને બોલાવે તહી;
પાછા વળીયા ત્યાંથી સહુ, જોવા લોક મળ્યા છે બહુ.
આયુષ્યનો બળીયો છે એહ, ત્રીજી વારનો ઊગર્યો દેહ;
છેલને તો લઇ ગયા, બાદશાહને આવી દયા.
એના જેવો નહી કોઇ થાય, ધન્ય ધન્ય દીલ્હીનો રાય;
મન ફાવે તેમ બોલે લોક, ટળ્યો સરવના મનનો શોક.
નારીનો મ્હેલ આવ્યો છે ખરો, નારીયે ભેદ દીપો પરો;
કાળ ચંદ્ર તેનો ગયો, બાદશાહતો રાજી થયો.

વાત તેની વીતી ગઇ, સ્ત્રી તો મનમાં રાજી થઇ;
છેલ હસતો ચાલીયો, દરબારમાં તે માલીયો.
પ્રણામ કરીને ઉભો રહ્યો, બોલ હસીને શાહને કહ્યો;
કેમ બોલાવ્યો મુજને આંય, કહો પડયું છે કામજ કાંય.
ગુર્જરખંડમાં આણુજ ફરે, રખે કોઇ અપમાનજ કરે;
સઉને સરખો આપે ન્યાય, તમ જેવો કોઇ ન મળે રાય.
કંઇકનાં કષ્ટ કાપીયાં, મેં આવ્યાં સઉને આપીયાં;
આપમાં છે મોટી ખોડ, અશ્વ ગર્ધવ ગણીયાં જોડ.
વગર ગુન્હે મુને મારો છો,મનમાં કયાં વીચારો છો;
મરવાને હું નથી દીલગીર, થશે લખ્યું હોય જે તગદીર.
અફસોસ મનમાં એટલો, આ અન્યાય તો કેટલો;
રાખણુ હારો મુજને રામ, મેં તો રાખી હૈયે હામ.
વચન મોઢેથી બોલ્યો હુંય, તે મીથ્યા કરવાનો શુંય;
દુખ થકી નહી ડરવાનો, બોલ્યું અબોલ્યું (નહી) કરવાનો.
મારા મનમાં એટલો શોક, તમે કર્યું છે બોલ્યું ફોક;
ત્રણ વાર ફરીયા છો તમે, બોલ્યું પ્રમાણ રાખ્યું છે અમે.
એ પીતાનો જે પુત્ર સહી, તેને બોલે બંધજ નહી;
જીહાનો આવરદા જુજ, કરો પડે જે તમને સુજ.

દોહરો.

આવું વચન છેલે કહ્યું, જોડીને બે હાથ;
મરવાને તૈયાર છું, ઓરે પૃથ્વી નાથ.
બાદશાહ કહે છોકરા, હજીયે બોલે એમ;
ત્રણ વાર તારા પરે, મેં કરી છે રેમ.
હાવે તો મારૂં ખરો, ફરૂં નહિ લગાર;
જીવતો રાખું તુજને, તો જીવ્યું ધીક્કાર.
કોણુ આવી કામની, લેઇ માટલાં સાત;
શું સગી કેમ ફોડીયાં, તે કહે મુજને વાત.
જો સાચું તું કહીશતો, મારા પ્રાણુ સમાન;

સાચે આખા ગામમાં વધશે તારૂં માન.
સુણો વાત ઓ બાદશાહ, કહું સર્વે વરતાંત;
પુછયું તો પ્રેમે કરી, ભાગુ મનની ભ્રાંત.
હમારામાં ચાલ છે, હોય જ્યારે અંતકાળ;
પુન્યદાન ઝાઝું કરે, મટવા મનની ફાળ.
વીશ્રામ ભાથું આપવા, શ્વાન ગાય જે હોય;
લાડુ તેને નાખવા, મુકી જાય ન કોય.
તે આગળ છે અગત્યનું, બહુ આવે છે કામ;
દયા આવી હોય કોયને, વસે રૂદયમાં રામ.
કોઇ ફોડી ગયું માટલી, લાડુ હતા તે માંય;
એટલી બાબત જાણું છું, બીજું ન જાણું કાંય.
તમે શીદ શું ચાઓ છો, પરનારી મુજ બેન;
માત બરોબર માનું હું, ન કરૂ નબળાં ચેન.
કમળો હોય જો આંખ્યમાં, સર્વને જુવે તે મ
તમે એવા નબળા હશો, ટળે ન મનનો વેમ.
ધીક્કાર પદવી તમતણી, જરા મળે નહી બુદ્ધ;
ઈનસાફ શાનો ડોળતા, કયાં જતી રહી શુધ્ય.
વચન સુણી આ છેલનાં, અકબર થાતો ખાખ;
અરરર આ શું બોલતો, જીવતર મારૂં રાખ.
મન ફાવે તેમ બોલતો, હું નહી લેખા માંય;
કરૂં ધાભરો એહને, ત્યારે માની જાય.
માર મારો એહને, આજ્ઞા કીધી ઝટ;
સૌ સાથે ટુટી પડયા, મારવા પટોપટ.
કોઇ લાકડી કોઇ તમાચા, કોઈ મારે છે લાત;
પીઠય ઉપર કોઇ મુકકા મારે, કોમળ તેની જાત.
બેભાન બન્યો બાળકો, શુદ્ધ રહી નહી કાંય;
પ્રથ્વીમાં તેતો પડયો, અકબર મન કચવાય.
દયા આવી તેહને, જુલમ કરૂં શું હુંય;
મને કોઈ નવ પુછતું, કરવા બેઠો શુંય.

અન્યાય હું નવ આદરૂં, પણ મનાવું મુખ;
મુજથી એ મોટો થયો, માને તો છે સુખ.
ખબડદાર નવ મારશો, બોલાવીયા કાજી;
જેમ તેમ કરી મનાવજ્યો, કરૂં તમને રાજી.
ને જો એ માને નહી, તો કટકા કરજ્યો ક્રોડ;
ગમે તેમતો આદરી, દયો ભુલાવી ખોડ.
કુંવર ટાડો પાડીયો, કીધો છે સાવધ;
આગતા સ્વાગતા ત્યાં કરી, માર પડયો બે હદ.
સાથે એને લેઇને, ચાલ્યા ચોથીવાર;
પાછો આખા ગામમાં, થાતો હાહાકાર.
માતપીતા રડતાં ઘણાં, દુશમન નીકળ્યો રાય;
વેર કયારનું વાળતો, કેમ પીડે છે કાય.
કુંવર હમારો મારશે, રાજ્ય થશે પાયમાલ;
ફનાફાતીયાં થઈ જશે, દે અકબરને ગાળ.
વગર વાંકે પીડતો, લોક કરે બહુ સોર;
આ બાળકની ઓથ્યમાં, આવે નંદકીસોર.
ધભરાટ ચાલ્યો ગામમાં, સૌના મનમાં કલેશ;
કોઇ વીરૂદ્ધ નહી છેલને, સૌનો એ આદેશ.
મ્હેલ નારીનો આવીયો, જોવા નીકળી બ્હાર;
અરે પ્રભુ હું શું કરૂં, ચાલ્યો ચોથીવાર.
ટેક એનો નવ મૂકતો, મારા મનમાં ખેદ;
આટલું દુઃખ તેને પડે, પણ નવ ભાગે ભેદ.
એ સાચું બોલે નહીં, બાદશાહ થયો દુશમન;
ઊપાય કંઇ બીજો રચું, નહી તો પાડું તંન.
આંખે આસુ પાડતી, છેલ ગયો ત્યાં થઈ.
સુળી આગળ આવીયો, સૌ સાથને લઈ;
ચાર પગથીયાં છે ચડયો, કયાંછે કાજી સાબ.
મારો મુજને જલદીથી, સાક્ષીમાં છે આભ;
જન્મ ધર્યો મેં જગતમાં, પુન્ય પાપ સંઘાથ.

સુકીત હોયે જો કર્યું, તે આવે છે સાથ;
વચન ભ્રષ્ટ જો થાવું તો, ધીક માની કુખ.
સ્વરગગાં મન ધારીયું, ગને મળે નહી સુખ;
મરવું તો છે જગતમાં, કોઇ નથી અમર.
ભલભલાનો કાળ તો, વછોડતો ચંગર;
ઓછે વતે સઊ જશે, નહી રેવાનું કોય.
મનુષ્યા દેહ ગળતો નથી, વીચાર કરજ્યો સોય;
ફરીફરી આવે નહી, જુઠું બોલું હુંય;
શા સુખની લાલચે, લઇ જવાનું શુંય.
માટે જે હું બોલીયો, તે સાચી છે વાણ;
ભલે પછીથી માહારો, કાઢી નાખો પ્રાણ.

ચોપાઈ.

કાજી કહે સુણ મારા બાળ, કેમ કરાવે તારો કાળ;
એમાં તને શું લાછંન, શીદ કરાવે દેહ પતંન.
જવાન તારી કાયા છે, ત્યાં સુધી સઊ માયા છે;
માતતાત તુજ મરવાનાં, આંખે આંસુ ભરવાનાં.
તારી નારી મરવાની, કલેશ ઘણોએક કરવાની;
તારા માટે સરવ રડે, તું હાવો કેમ હઠે ચડે.
સમય વીચારી તું નવ જુવે, ભુજ માટે પ્રાણજ ખુવે;
હજાર ઊપાયે ફાવીયે, પ્રાણ પોતાનો બચાવીયે.
જો સાચું તું માની જઇશ, તો તને ઊગારી લઇશ;
છેલ કહે નવ (જુઠું) બોલું હુંય, મરતાં મુજને થાશે શુંય.
એલમાં નારી રચે ઊપાય, ચોથી દાસી બોલાવી ત્યાંય;
લાલ કપડાં પેરાવ્યાં, ઘરેણાં ત્યાં શોભાવ્યાં.
હીરા મોતીના દાગીના, ચળકી રહ્યા છે નગીના;
લાલ ટીલડી ચોડી છે, લાલ સાડી ઓઢી છે.
વદન ચંદ્ર તણો પ્રકાશ, નારીયે બોલાવી પાસ;
લાલ રંગના સૈ શૃંગાર, વીજળી સમ કરતા ચળકાર.

એવી સુંદરી મહે ભરી, તે નારીયે તૈયાર કરી;
ભલભલા ભુલે છે ભાન, જોઇ અબળાને મુકે માન.
હાથમાં દાસીને સાલ દઇ, પછી નારીયે વાત કહી;
તારી પાસે તું તો રાખ્ય, ત્યાં જઇને તું ફાડી નાખ્ય.
પછી આવજે તું તો અહીં, મરીશ જો ત્યાં ઊભી રહી;
પ્રાણ બચાવી આવજે, ગમે તેમ કરી સમજાવજે.
દાસી હરખી મનની સાથ, શેઠાણીને જોડયા હાથ;
ઠમકે સુળી પાસે ગઇ, ત્યાં જઇને તે ઊભી રહી.
દાગીનાને પડે પ્રકાશ, જ્યાં ત્યાં દેખાતો આભાસ;
રક્ત વરણનું દેખાતું, સૌ તેજમાં અંજાતું.
આ પાછી આવી છે કોણ, એને નજરે દીઠી ઓણ;
કઇક પડયા છે મુરછામાં, આસા જગના ઊધામાં.
કાજી પણ બનીયો છે ચીત્ર, જોયું નવાઈનું ચરીત્ર;
સૌયે દ્રષ્ટી રાખી છે, સાલ ચીરી નાખી છે.
કટકા કરી નાખી છે ઘણું, સર્વ વીચારે અંતઃકર્ણું;
કાજી મનમાં વીચારે, આ શું કીધું આ નારે.
મારાથી સમજાયું નહી, બાદશાહ પુછે શું કહું તહીં;
વકકર તો મારો જાશે, બાદશાહ પુછે શું કેવાસે.
હુંશીયાર જાણી મુને મોકલીયો, તેમાં ભલીવાર શો વળીયો;
કોની પુત્રી કોની સુંદરી, ખંત રાખીને પુછુ જરી.
કાજી સામા આવ્યા છે, બીને શબ્દ સંભળાવ્યા છે;
કહે બાઇ તું આવી કેમ, ટાળ્ય હમારા મનનો વેમ.
કોની પુત્રીને કોની નાર, સાલ ફાડી કેમ આણે ઠાર;
શું સંબંધી છેલ તણી, તે સઊ કેને મુખે ભણી.
ક્રોધ કરી બોલી દાસી, સાંભળવા સૌ જન પ્યાસી;
જાણું તને કાજી મોટો, પણ અકકલનો છે ટોટો.
ડાહ્યા જાણું તુજને હું ય, મુજને રોકી ધારે શુંય;
કયા કાયદાની કલમ, તે મુજઊપર ચલાવે અલમ.
પરનારીને અડકે કેમ, નહી રેવાદે કુશળ ક્ષેમ;
તું મુજને પુછનારો કોણ, ચાલી ક્રોધ થકી કહી વાણ.

ગુલામ મુજ ઘેર તુજ સમાન, કંઇ જણાને આપું ધાન;
મારો પીતા છે નામાકિંત, સાંભળજે તું રાખી ચીત.
પાદશાહને કેજે જઈ, સમશ્યામાં ત્યાં જાતજ કહી;

સમસ્યા છપ્પો.

મુજ પીતા ઘણો ગુણવાંન, મુવેલાં કરે સજીવન;
પીતા ઘણો ગુણવાન, સજીવન કરે પતન.
મારે સજીવન કરે તે વખતે સાસ ભરાયે;
એહતણા ગુણ ઘણા, વખાણુજ મુખે ન થાયે.
એહ પુરૂષને ધન્ય છે, તેહતણી હું દીકરી:
અક્કલ હોય તો સમજજે, એવું કહી પાછી ફરી.

ચોપાઈ.

દાસી ત્યાં આવું બોલી, ચાલી સમસ્યા પટ ખોલી;
આ ગઇ આ ગઇ કેતાં ગઇ, સર્વ પ્રજા તો જોતી રહી.
ક્યાં ગઇ એવું કો નવ લહે, બધાના મન વેમજ રહે;
વીજળીના ચમકારે ગઇ, ને ચમકારે અહીં ઊભી રહી.
કોય ન પામ્યું તેનો પાર, સર્વ મનમાં કરે વીચાર;
કાજી પણ પસ્તાયા ઘણા, શું વખાણ કરૂં અબળા તણાં.
શું બાદશાહને કેવાનો, નીચું ઘાલી રેવાનો;
ભાઇ કોઇ જો જાણતું હોય, તો આવીને કેજ્યો કોય.
છેલ તો મનમાં સમજી ગયો, શું નારીયે બોલજ કહ્યો;
કેછે વાત ફાટી છે ખરી, હાવે મમતા કરજ્યો પરી.
ખરૂં કહી બચાવો પ્રાણ, સાલ ફાડીને કહી ગઇ વાણ;
કેવી એને કીધી ખુબી, સાલ ફાડવા આવી ઊભી.
ધંનધંન એના જનમને, મુજ માટે બાળે મનને;
પણ વચન મારૂં મીથ્યા કરૂં, એના કરતાં હું તો મરૂં.
બાદશાહ ભલે કરે રીસ, છોને છેદે મારૂં શીશ;

પણ નવ તજું મારૂં વચન, છેલ ત્યાં વીચારે મન.
પદ્મકળાની દાસી જેહ, શું સુંદર શોભે છે દેહ;
નીચ હતીને ઉંચજ થઇ, સતસંગથી સુધરી ગઈ.
શું સંગે સુધરે છે મન, નહીં તો લવાર તણીએ તન;
ચુક્તી કરીને એ ચાલી, જવાબ જોઇયે તે આલી.
ઝખ મારે છે દીલ્લી ધણી, આથી આવે આફત ઘણી;
પણ હું તો નવ બોલું બોલ, નહીતર જાયે મારો કોલ.
કાજી કહે સેવક જાવો, બાદશાહને સમજાવો;
જે બીના બની અહીયાં, તે જઇ કેજ્યો તહીયાં.
એવો સમાચાર કાવીયો, સેવક સભામાં આવીયો;
સલામ કરી જઇને હાસે, બોલાવીયો શાહે પાસે.
કહેને ભાઈ કેમ આવીયો, સમાચાર શું લાવીયો;
શું તને કાજીયે કહ્યું, કહે છેલનું શું ત્યાં થયું.
ત્યારે સેવકે વચન કહ્યાં, અહીથી છેલને લઇ ગયા;
ચોથે પગથીયે ચડીયો છે, એવે બનાવ નજરે પડીયો છે.
એક આવી પદ્મની પરી, કાજીયે શીખામણ દીધી ખરી;
પણ એકનો બે નવ થયો, ત્યારે થાકી કાજી રહ્યો.
નૌતમ નારી આવી તહી, સુળી પાસે ઊભી રહી;
રક્ત રંગનો સર્વે ડ્રેસ, ઊત્તમ શોભાવ્યો છે વેસ.
મણી જડીત્ર ઝાઝર ઝમકાર, જાણે વીજતણો ચમકાર;
હાથમાં સાલ લાવી એક, તે ઠેકાણે ચીરી છેક.
કડકા કરીને નાખીયા, કાજી વચન ભાખીયા;
નામ ઠામ તેનું પુછીયું, ત્યારે કોપીને કહ્યું.
તારા જેવા મુજ ઘેર દાસ, કેમ આવ્યો તું મારી પાસ;
આપું તને હું ઓળખાણ, કોની બાળ હું સાંભળ વાણ.
મુજ પીતામાં ગુણ અપાર, મારે જીવાડે અપરમ પાર;
મારે ત્યારે સાસચડે, જીવાડતાં પણ દુખ પડે.
એવો મુજ પીતા બળવાન, તે તણી છું હું સંતાન;
એવું કહીને પાછી ફરી, સર્વે જણ ઊભા છે ઠરી.
એનો ભેદ કોઇ નવ પામે. કહી ગઇ છે શું નામે;

બાદશાહ કહે અરે ખુદા, હાથ ન લાગે કાંઇ મુદ્દા.
મોઢામાં ઝટ ઘાલ્યો છે હાથ, હાવે કરૂં શું દીનાનાથ;
એક નારી જીતાતી નથી, હું મુવો તે પાછળ મથી.
બાદશાહપણું મુજ મીથ્યા ગયું, મારૂં કરેલું કાંઇ નવ થયું;
જાણુતી મારીને ધીક્કાર, મારાથી જીતાય ન નાર.
જેહ વાંઢી બાંધું પાપ, તેમાં તો લાગી ગઇ આગ;
છેલને બચાવા માટ, નક્કી તે નારીનો ઘાટ.
એને પુછી પરવીણ થાવું, ફરી પાછો અહીયાં બોલાવું;
સેવક જલદી જઇ આવો, તે છેલને લઇ આવો.
કાજીને સમજાવજ્યો, બધા સાથે આવજ્યો;
બાદશાહે વાત કહી, સેવક આવ્યો સુળી જહી.
બાદશાહને કરી અરજ, તેમણે ફરમાવી પૂરજ;
છેલને ત્યાં તેડે મ્હારાજ, જલદી લાવો કહ્યું શીરતાજ.
હુકમ થતામાં કાજી જેહ, છેલનો બચાવ્યો દેહ;
બાલ્ય ઊતર ભાઇ હેઠો તુંય, વીચાર કર્યો કરે છે શુંય.
બાદશાહ તુંને તેડે છે, હવે દોરડાનો વળ છેડે છે;
ચોથીવાર પણ બચી ગયો, એવો બોલ કાજીયે કહ્યો.
લેઇ છેલને ચાલ્યા ગયા, ગામના લોકો ખુશી થયા;
નીરખી છેલ હરખી રૈયત, નથી છેલની થઇ મૈયત.
ઇશ્વર એની વારે ચડયો, અબળાની નજરે પણ પડયો;
કાળપળ તો વીતી ગઇ, છેલ જોઇને રાજી થઇ.
જાણે કનક સુરજ ઊગીયો, છેલ સભામાં આવી પુગ્યો;
બાદશાહને શીશ નમાવીયું, વચન કેમ ફેરાવીયું.
કેમ તેડયો છે ફરી મને, બાદશાહે બોલાવ્યો કને;
તમારે તો હસવું થાય, વચન ભ્રષ્ટ કેમ થાતા રાય.
જીવને જો ડફણું પડે, તો તે સીધા રસ્તે ચડે;
તેના કરતાં તમે ગયા, બોલેલું તે મીથ્યા થયા.
શ્વાન પુંછડી ઘાલે ભોંય, પ્રત્યક્ષ પારખું તેનું જોય;
તે સીધી જરા નવ થાય, તેવી રીતે વરત્યા રાય.
કહું તોય પુછો શું તમો, ઊડતા શરમાઇએ અમો;

વૃદ્ધ થયા પણ ન મળે ગંમ, કેમ તેડાવો છો હરદમ.
સાડાત્રણ મણની કાયા માંય, વચન જાય તો ધીકજ કાય;
ચાર વાર મને તેડચો ખરો, તોય તમે નવ લાજ ધરો.
હવે ન પાછો હું આવું, સત્ય વારતા સંભળાવું;
દુનીયાનું જે હોયે પ્રાશ્ચીત, વચન ભ્રષ્ટ થાયે જે ચીત.
હવે પછી જો પાછો ફરૂં, તમ આગળ પ્રતીજ્ઞા કરૂં;
જેટલાં અઘટીત કર્મો થાય, તે પાપ ભોગવું કાય.
નર્ક તણો અધીકારી થાવું, જો ફરી હું પાછો આવું;
ખુલાસો જો કરવો હોય, પ્રશ્ન મુજને પુછો કોય.
જુલમ કરી બોલાવો અમને, લીધેલું પ્રાશ્ચીત તે તમને;
માટે જલદી પુછી જુવો, વેમ તમારા મનનો ખુવો.
વારેવારે પુછશો નહી, છેલ્લી વાત મેં તમને કહી;

દોહરો.

અકબર વાણી બોલીયો, કમોતે શું મરે;
સાચું તો છે મનાવવું, અકબર જરા નવ ફરે.
અભીમાન છે એટલું, કરાવીસ કબુલ;
જાન કાડું તાહરો, એમાં ન મળે સુલ.
પ્રાશ્ચીત હોરૂં હું અલ્યા, પણ કરૂં બેહાલ;
માને સાચું તું કદા, તો તું મારો લાલ.
અનીતિયે હું નવ ડરૂં, સત્યનો ચાલણ હાર;
સૌ મારે સામાન્ય છે, સર્વે મુજ પરીવાર.
તું જાણે કે રાયને, શું છે આમાં ગંમ;
પણ એમ સમજ કે, તાહરો કાડી નાખું દંમ.
ભેડાવતો તું મુજને, પણ જાણું છું સર્વ;
જો તુજયને જાહેર કરૂં, પછી ઊતારૂં ગર્વ.
કાલ રાત્રીયે નીકળ્યો, ફરવા ગાંમજ માંય;
આવે એકજ દાસીયે, તુજને કીધું ત્યાંય.
કાગળ આવ્યો દેશમાં, કોઇ નથી વાંચનાર;

માટે આપ પધારજો, જરા ન કરતા વાર.
તેની પાછળ તું ગયો, સુણ્ય વણીક સંતાન;
ઘર આવ્યું તંબોળીનું, ત્યાંથી લીધાં પાન.
રાતબ તારી લેઈને સુખડીયાને ધામ,;
મીઠાઇ ત્યાંથી તેં લીધી, બે કર્યાં છે કામ.
ઊચકાવ્યું દાસીકને ત્યાંથી આગળ વહ્યાં;
માળીની દુકાન પર, બન્ને જણ ગયાં.
હારગજરાને ફુલ લઈ ત્યાંથી ચાલ્યો તુંય;
ગયો તું તો મેલમા સર્વે હું જાણુંય.
દ્વાર ઊઘાડું રહી ગયું હુ આવ્યો તતકાળં;
ખુણે રહી સઊ નીરખતો સાચું માનો બાળ.
ઊભો રહ્યા તું તે સમે, બેઠો નહી તે ઘડી;
દાસી તો કેવા ગઇ આનંદ લ્હેરે ચડી.
નર ઊમદા હું લાવીછું; કહી દાસીએ વાત;
શણગાર પેરી આવી છે, મળવાને સાક્ષાત.
અંતરપટ આડો હતો તને આપીયાં માન;
બેસો કનકજ બાજઠે, તેંહ કરીયું અભિમાન.
નારી આસન શું કરૂ, આનાં જેવા લાખ.
મુજ ઘેરે છે શોભતાં, પણ આખર એ ખાખ;
વચન સુણીને નારીયે, ખુબ બતાવ્યો પ્રેમ.
રમતાં બન્યો રંગથી હજુ રાખું છુ રેમ;
અબળા(આવી) ઊભી ત્યાં રહી મને કરો પાવંન.
સઊ ગુણે સંપુર્ણ છો, માટે ભોગો તન;
ત્યારે તું ત્યાં બોલીયો, ગાયનકળા સંભળાવો.
પછી માનુની મુજકને, ભોગ કરાવા આવો;
તારૂં માનીને તરૂણીયે, સુર કર્યો આલાપ.
પછી ચોપાટે બેસીયાં, રમવા આપોઆપ;
બેઊ રમ્યાં આનંદથી, સર્ખાં ઉતર્યાં બેય,
કોઈ હાર્યું જીત્યું નહી, સઉ મુજ લક્ષે રેય;

પછી ભોજનતો ભાવતાં કીધાં નર ને નાર
પાન સોપારી આપીયાં જરા ન કીધી વાર
અબળા આજીજી કરે હવે કરો મેહ શાંન્ત
નહી તો અકબર જાણસે ભાગી જાસે ભ્રાન્ત
વાત જાણે બાદશાહા છુદી નાખે અકબર
હે શાંન્તી આપી ખરી જીને બરાબર
જાન જાશે માહમરો પણ બોલું નહિ સાચ
નારી તું નીચીંત રહે નહી આવવા દેવું આંચ
વચન સુણીને તાહયર અબગા હરખી મંન
વાર કરો નહી વાલમાં શાંન્ત કરોને તંન
અતી આગ્રહ તેનો થયો ત્યારે બોલ્યો તુંય
નીશા કરો કઇ માનુની સાચુ કહું છું હુંય
નીશા વીના તો માનુંની સુખ મળે નહી કાંય
વચન સુણીને તાહયરાં માઝમ લાવી તેહ
તેતો તે પ્રાસન કર્યું અબળાછે ભોગી
તે અબળાને તે સમે આપી તે ગોળી
ખાધી ગોળી ખંતથી ઊપર પીધું નીર
અમલ કર્યો તે ગોળીયે કથલ્યું તેહ સરીર
કામ ભંગ તેનો થયો અબળા પડી છોળી
મુળ સ્થીતીમાં આવી છે કળા નહી ઓછી
એ સઊ નજરે મેલણુ ને જુડું તું કેય
કામનીયે છેતર્યો તો સું જગમાં રેય
સઊ બીના હું જાણું છું સાચુ કહીદે આજ
મારૂ નહી હું તુજને રહેસે તારી લાજ
છેલ મુખથી બોલીયો કરો જુઠાને સત્ય
અક્ષર સઊ ખોટા કહ્યા. કયાં બગડીછે મત્ત
નારી શુંને વાત શું થયું હશે સ્વપનું
માટે વીચાર્યા વીના બોલો નાખ પતું
એવું જો હું આદરૂ તો નવ રાખે ધણું
દુકી વાતજ લાવીને કરો માહારૂ મણું
કાંઇ જાણતો હું નથી કરો કાવે તેહ

સાલ ફાડી ગઇ હતી તે ટાળું સદેહ
અમારામાં પુન્ય છે તેટલું ન મળે કાંય
દયા આવી કોયને મારે અવી ત્યાંય
ખેરાતી તેને કરી મરનાર માણુસની પુંઠય
સીદ મારો છો મુજને બાંધી રાખો મુઠય
વચન ન પાળ્યું તમ તણું લોકો દેસે ગાળ
ઇશ્વર પણ કોપે ખરે એવું બોલ્યો બાળ

મનહર છંદ.

દાહ લાગ્યો બાદસાને છેદું હું તો એનુ સીસ
મારે હાથે કાપું એને વાંધો નવ નાખવો ૧
પગથી જ્વાળા જાય અંગે લાય લાય થાય
ફાડી નાખુ કાપી નાખુ જીવતો ન રાખવો ૨
એકના અનેક વદે મુરખ ચડયો છે મદે
જોલ્યા હવે મારે હાથે સવાદ હોય ચાખવો ૩
બાંધી લ્યોને સુળીકને પુછવા ન રેસોને
કહે ચુનીલાલ બોલ હાવે નવ સાંખવો ૪

ચોપાઈ.

જે આવે તે મોઢા માય મુરખ એતો બસે જાય
એના મનમાં સમજે શુંય જીવતો ના મુકુ હુંય
સેવક એને સાથે લ્યો હવે જરા નવ જોઇ રયો
એનું માથું હું કાપું હાવે મેતલ નવ આપુ
ત્રાય ત્રાય સૌ પ્રજા કરે આંખે આંશું સૌ કોઈ ભરે
હાવે નક્કી મરવાનો અકબર નથી ફરવાનો
હઠીલો એ માને નહી ગાંમમાં ફીકર ફાલી ગઈ
બાંધીને લઈ ગયાંછે માત પીતા (દુખી) થયાં છે
છેલની સાથે શું છે વેર કહે કુંવર પર કેવો કેર
આ વેળા નવ જીવી સકે બાદસાહ પણ ચડીયો જકે
ઘર અબળાનું આવ્યું છે, છેલના મનમાં ભાવ્યું છે
પછી કળા બારીથી જુવે છેલને જોઇને અતીસે રૂવે
અંતર જામી અનાથના નાથ ઊગારો છેલનો ઝાલી હાથ
તમારૂં છે સરણું ખરૂ એ મરેતો હું પણ મરૂ

કંઇ ભકતોના કીધાં કામ અમને દુઃખ દયો છો શું કાંમ
એવો પસ્તાવો કરતી આંખે આંશું બહું ભરતી
છેલ આવીયો સુળીકને અડતાલ પડી ગાંમમાં તે દને
પ્રથમ પ્રદક્ષણા સુળીની ફર્યો પછી પગ પગથીયા ઊપર ધર્યો
અકબર ક્રોધે ભરાયો લેઇ ખડગ (સુળી) કને આવ્યો
કેટલા માણુસ તેના સાથ બીજાગ નથી અકબરને હાથ
કેટલાના મન નીશ્ચે થયું આજ છેલનું કથલી ગયું
બાદસાહ ઊભો આવી પાસ સૌના મનમાં પ્રગટયો ત્રાસ
છેલ કહે સ્યો હુકમ હજુર હવે કરો નહી જરા અસુર
મરવાનું મને મનજ થયું વચન તો તમારૂ ગયું
મરવું એમાં સો પરીતાપ સીદ જીવ કરવાને પાપ
અકબર કહે તું સાણોથા જરાક તું તો માનીજા
પ્રાણથી અધીકો જાણુ તને સીદ સતાવે તું તો મુને
એ વીર ધઝ ધચાલી રહી પછી છેલની સીમત થઇ
છેલને માટે દુખી નાર તેતો મનમાં કરે વીચાર
પાંચમી દાસી બોલાવી જી કહી પાસે આવી
સખીના કરતાં વ્હાલી એહ શુંત્રા જેવો તેનો દેહ
છેલ પાછળ કાડું પ્રાણ મારી જરા ફરે નહી વાણુ
હું કહું તે કરય નારી લે હાથમાં તું ઝારી
બળતું છાણું હાથે લ્યો હું કહું તે ત્યાંતે કયો
પ્રદક્ષણા સુળી નીફજ ધાર ઝારીની ત્યાં કરજયો
છાણુ મુકી નમજયો તમો જોજયો જાહેર પડીયે નહી અમો
બાદસાહા કનેથી બચી જજયો કહ્યા પ્રમાણે ડાહ્યાં થજયો
પ્રાણુ જાયતો જાવા દયો પણ હમારૂ નાંમ નલ્યો
તારો નહિ ભુલું હુ ગુણુ મારે માથે તારૂ રણુ
દાસી નારીને નમી છે. ત્યારે તેને ગમી છે
નીચંત રેજયો મારી બેન કહું એમાં નહી પડસે ભેન
નામ પ્રભુનું તે ભજતી શૃંગારતો તે સજતી
સૌના કરતાં એતો વધે દાગીના પેર્યા એહદે
ચમકાવતી પોતાના ચક્ષ ચોદીસામાં રાખે લક્ષ.
ગજના સરખી ચાલે ચાલ તગતગી રહ્યું છે ભાલ

અંબા સમછે આકૃતી જાણે બીજી રતી
સુળી પાસે આવી ખરી સૌની નજર તેના પર ઠરી
આ બીજી આવી ભામ્યની જગમાં નહી એવી દામ્મ્તની
પ્રદક્ષણા ફરી છાંટ્યુ જળ અગ્ની મુકયો મન નીરમળ
નમી પડી અબળા તે સમે સૌની નજર એના પર ભમે
છેલ તો મનમાં સમજીયો પ્રભુના નામને ભજીયો
બીજું કોઇ ના જાણે ભેદ બન્ને બણો રોય ચારે દો
અકબર કહે આણુ કેમ થાય શું કર્યું તે નવ સમજાય
અબળા રોકી રાખી છે પછી વાત ત્યાં નાખી છે
કે બાઇ તું કોની તંન સુ વીચાર્યું તારે મંન
છેલની શું સમંધી થાય તેતો તું મુજને સમજાય
તારેને એને શું છે પ્રીત તેમને કેને ખચીત
આશું દુચ્ચકો તે કરીયો અગ્ની કેમ તે અહી ધરીયો
સાચે સાચી કહીદે ખંત નહિ તો તારો કાડુ અંત
જોઇ દાસીને રડીયો છેલ મો જણુ જોતાં સઘળો ખેલ
દાસી પણ સકે સુસકે રડતી. સમજ કોઇને નવ પડતી
દાસી કહે તમે પીતાય તમારાથી આ નવ થાય
પ્રજા તમારી પુત્ર સમાન નાંના મોટાં સઊ સંતાન
મારો પાલવ સાલો તમે ફરીયાદ કયાં જઇ કરીયે અમે
પેટ કોયું ત્યાં કયાં પાટો જીવ થયો મારો ખાટો
પરસ્રીને કેમ અડયા વર્ષ તમારાં છુટી પડયાં
પરમેશ્વરને કેસો શુંય પુત્રી તમારી જાણો હુંય
હાથે કરીને ભારજ ખુવો વેગળા રહી ને પુછી જુવો
સાંભળો મારૂં કહું વતાંન્ત ભાગું તમારા મનની ભ્રાન્ત.
સમજાય તો સમજ જ્યો. સાંભળવાને સાવધ થજ્યો

સમસ્યા છપ્પો.

ભુજ પીતા બહુ રંક ધ્રહસ્થ નહી એની તોલે
એ જીભ્યાની નાર વાંકુ તે મુખેન બોલે.
ગણ્યા વણ્યા વીસ ગુણ કોઇ જો કોપી જાયે
ન ગણે લેખા માંય ધાર્યું એનુ તો થાયે
તેહ પુરૂષની દીકરી સાચી મે વાણી કહી ચાલી ગઇ ૧

ઓળખાયતો ઓળખજે એમ કહી ચાલી ગઇ.

ચોપાઇ.

આવી સમસ્ય કહી છે ખરી કોયન સમજ્યુ એમાં જરી.
એક એકના સામુ જુવે કોની આગળ સંદેહ ખુવે.
નારી કહે સુણો અકબર રાય તમારાથી સ્પર્ષ ન થાય
સુક્ષ્મજીને અડયા તમો તે કેવા માગીયે અમો
આજ પછી સમજ જ્યો આપ સાહાસા કામ કરો તો પાપ
વીચાર કરજો પહેલું ચીત નહીતર લાગસે પ્રાશ્ચીત.
પડયા વીચાર બાદસાહજી દીલગીર થયા છે કાજીજી
ઓળખ્યાવીના હુ અડકયો ખરો એણે મનમાં સોકજ ધર્યો
સમજ્યા વીનો અડકયો હુ આપ તો આખી પૃથ્વીનું પાપ.
હવે કરૂં સુઆણેકાર કોણ હસે ને કોની નાર
વજીરને બોલાવીયો બોલાવતામાં સાવીયો
વજીરકાજી સાચુ છો આ વાતનો જવાબ દયો
નારી અહીયાં આવી જેહ બતાવી ગઇ પોતાનો દેહ
અગ્ની પાણી પૃથ્વી ધરી કહી સમસ્યામાં પાછી ફરી.
એસુ હસે મારા સામત કહો મને રાખીને ખંત
કોણ ઉત્તરતેનોદેય એક એક સામુ જોઇ રેય
પેલી દાસી ચાલી ગઇ બધીવાત નારીને કહી
ધીરજ રાખો મનમાં બાઇ ઝખ મારે છે બાદશાહ કાંઇ
કરતો હરતો નારાયણ કરો તેહનુ પારાયણ
એ આપણને તારનારો એ ઉગારેતો કોણ મારનારો
મે જે ત્યા સમસ્યા કહી છે કોઇને ત્યાં ખબર થઇ છે.
ચીતર જેવા બની ગયા સામાસાખી જોઇ રહયા
મગદુરકોની બોલી સકે મુજ વચનથી સર્વે ટકે
બાદસાહ ત્યાં ચળકાયો મનમાં તેતોધભરાયો.
કોઇ પણ જાણે નહી ભેદ ઉડતો પ્રગટ થયો છે ખેદ
કોઇ માદુ નથી સારનારૂ કોણ મને છે તારનારૂ
પુછુ ખુલાસો છેલને હુય હવે બીજુ કરવું શુંય
છેલને બોલાવ્યો કને છો છો પાડી નાંખ્યો મને
પણ ધન તારી છે કળા મુકયા મેં મારા આંબળા!

તુજ બુદ્ધીને બલીહારી. ધન્ય ધન્ય તુજ જણનારી
તુ નહી ચોર ખરો સવકાર એમ આપીઓ છે આવકાર
કોણ નારી અહી આવીતી અગ્ની જળ કેમ લાવીતી
કોની કુંવરી આવી કેમ તેતુમારો ભાગ્યજ વેમ
તુજ ઉપર જો કોપુ ભાઇ મને ખલકની છે દુવાઇ
અંતર મનમાં ગણીસ નહી તારે મારે સાહયજ થઇ
વાત છુપાવી કરસ્યોના સમમારા તમે ડરસ્યો ના

દોહરો.

કુવર કહે સુણય બાદસા સમ દીધા અમને
અંતર હું રાખુ નહો સંભળાવુ તમને
કોણ તણી એ દીકરી કહુ તમને પરતક્ષ
અગ્ની કેમ અહી મુકયો તેહ રાખજ્યો લક્ષ
એને મુખ એવુ કહ્યુ રંક પીતા પણ ગ્રહસ્થ
વણીક જાત રંકે ખરી હોય હજારો વસ્ત
નાગો ભુખ્યો કો નહી એ જીભની નાર
લેખણુ તો તેને કહી ફરે નહી લગાર
વીસગુણુ છે વણીકમાં સૌનુ સાખીરેય
ગાળો ભાંડે કો કદી પણ ઊત્તર નવ દેય
ચોર કપટી નવ મળે નવ દંભી નહી દુષ્ટ
પુન્ય દાનમાં પધારો થોડામાં સંતુષ્ટ
તે વણીકની દીકરી ભુલ નહી લગાર
અગ્ની પાણી મુકીયુ તેનો કહુ વીસ્તાર
આપ કોપીયા મુજપરે દયા કોઇને આવી
માટે તે અબળા અહી જળ અગ્ની લાવી
સમજાવ્યો મુને સાનમાં ધબરાતો નહી તુંય
રખડાવું નહી દેહને અગ્ની મુકીસ હુંય
ચીન્તા મનની છોડજ્યો કરૂ અગ્ની સંસ્કાર
એમ કહી ચાલી ગઇ સમજ્યો હું તેવાર
એ વણીકની દીકરી પણ મોકલનાર કોણ
તે હુંતો નવ જાણુતો ખરી કહી તમે વાણુ
સોગન દીધા મુજને ત્યારે કહી મે વાત

વર કરે નહી બાદસાહ કરો માહયરી ધાત

હરિગીત છંદ

ધન માતને ધન તાતને ધન બુદ્ધી તારી બાળક
નહિ ચોર તુછે ચતુર કોઇ ધન્ય તારા પાળક
કીધી પરીક્ષા તાહરી ફીટકાર મારા લોકને
કાજી વજીર મુરખ ઠર્યાં તે સમાવ્યો મુજ સોકને
તુ ઊગર્યો સુળી થકી સાબાસ તુજ અભ્યાસને
નવ કોઇથી ગાંજયો ગયો ફીટકારીયા મુજ દાસને
સોનુ ખરૂમે પારખ્યું હીરો ખરો હુંસીયાર તુ
આ રાજ્ય આપુ તુજપને જાણુ તને પરીવાર હું
મુગટ આપ્યો સીરતણો પોસાક બીજો ઓપતો
ઢાલને તરવાર આપી છેલ સારો સોભતો
ઓપતા આભુષણો નાખ્યા કુંવરના કોટમાં
અમીરને ઊમરાવ રાખી ભાવ લીધા જોટમાં
મુખ્ય હાથી રાયનો સૃંગારીયો સુભ રીતથી
કનક અંબાડી ધરીસોભા કરી છે પ્રીતથી
બેસારીયો તે ઊપરે ફેરાવીયો સૌ સેરમાં
વાજીંત્ર વાગે વેગમાં સૌજન રેહેતા લેરમાં
નોબત નીસાનો ડુડંબી વાજાં ઘણા એક વાંગતાં
જોવા મળ્યા પુરવાસીયો સારાં સરવને લાગતાં
છે રામ તેની ઓથ્યમાં તેથી બચ્યો આ બાળતો
સેવા કરો કીરતારની કહે છે ચુનીલાલતો

દોહરો.

વાજા વીધ વીધ વાગતાં નાટયા રંગજ થાય
નમળે કોને દીલગીરી સૌના મન હરખાય.
છેલ જોવા ઉલટી અઢાર વરણના લોક
માગ નહી મારગ નહી નવ કોઇ નામ દે સોક
અત્યાર સુધી રામને કરી રહયા ફરીયાદ
આવ્યો જાણી છેલપર કર્યાં પુષ્પ વરસાદ
મોતી પુષ્પે વધાવીયો ગામમાં જય જય કાર
મેલમાં હરખાયછે પદ્મકળા જે નાર

છેલ જોયો આવતો ભરી માટીનો થાળ
વધાવીયોછે તે સમે નગર સેઠનો બાળ
કીધા ઇસારા આંખ્યાના સીતળ થયું સરીર
નીચંતાઈ એકને થઈ આવી મનમાં ધીર
નારી હરખી મનવીસે જેમ અંધ પાસે નેત્ર
અંધારૂ જાતુ રહયુ ઉગ્યુ તેજનુ ક્ષેત્ર
હોય નીરધન જે ધણી મળે તેહને ધન
તેવી રીતે નારી તો હરખાઇ છે મન
હોય કુવારો કોઈજો કન્યા આવે જેમ
હરખ થાય તેહને નારને થયો તેમ
આગળ છેલ ચલ્યો ગયો નીજ ઘર આવ્યું પાસ
હાથી પરથી ઉતર્યો ગયો પીતા ત્યાં ખાસ
પાય લાગ્યો પ્રેમથી માત બંધુ જેહ
વધાવાયો નીજ પુત્રને ઉગર્યો જાણી દેહ
પ્રધાન પદવી પામીયો સભા કરી તે ઠાર
પાન સોપારી આપીયા જરા ન લાગી વાર
પછી વીસરજન સૌ થયાં ગયાં પોતાને ઘેર

છેલમન રાજી થયો સૌ ઇશ્વરની મેર
હળ્યો મળ્યો ઘરજંનને વીસર્યા દુખનીવાત
રાત્રીયે તો સુઇ રહયો બીજે દીન પરભાત
સભાભરીને બાદસાહા બેઠા ઉમગે
જાવો છેલને તેડવા સાવોને રંગે
બેસારી સુખ પાલમાં લાવો મારી પાસ
હુકમ થતાંમાં આવીયો છેલ મુકામે દાસ
ખબર થઈ છે છેલને તેડે છે અકબર
આમંત્રણે આવીયા સેવામાં હાજર
સ્નાન કીધુ તે સમે ચોળી તેલ ફુલેલ
ભોજન જમીયો ભાવતા કપડા પેરે છેલ
દરેસ પેર્યો સોભતો બેઠો છે સુખ પાલ
છતર ચમર ઢોળતા તંબોળે મુખલાલ
ગામમાં થઇને આવીયો સભાની મોઝાર

નરનારી જોઇ હરખીયા ઉમંગ અંગ અપાર
ગયો સભામાં જાહવરે આપ્યા આદરમાન
સર્વ સભા ઉભી થઇ આવો સેઠ સંતાન
સાત સલામો સામટી કીધી અકબર રાય
બેસાડીયો નીજ પાસમાં હરખી મનની માંય
ભાઈ ગણુ કે તન ગણુ અંતર ન મળે લેસ
રાજ્યનો ભાર સોપુ તુને એમારો આદેસ
છેલ કહે ખાવન્ત સુણો સુખે રહો નીચીંત
હલાલ કરવું માહવરે એ મારી છે રીત
ન્યાય આપે આપે સર્વને સાંખ્યામાં સમજી જાય
એક લાકડીયો હાકતો કો નવ દીલગીર થાય
સૌનો એ પર પ્રેમ છે એ કે તે પરમાણુ
આખી દુનીયા ચાલતી મીથ્યા નકરે વાણુ
એમ દીવસ બહુ વહી ગયા એક દીવસ એકાંન્ત
બેઊ બેસી વાતો કરે મંન બેઊનાં સાંન્ત
અકબર મુખથી બોલીયો તુછે મારો ભ્રાત
રાત્ય કેમ તારી ગઇ તે કહે મુજને વાત
કોઇને હું કેવું નહી ખરી રાખજે ખંત
મુખની બ્હાર હું પાડુંતો કાડજે મારો અંત
તહે તારૂ પણ પાળીયુ મારૂ રહયું મન માંય
સાચુ કેને સુલક્ષણા સાંભળવા ઇચ્છાય
છેલ મુખે ત્યાં વદે માગી દયો છો મુખ
પ્રાણ આપું માહવરો જો થાય તમને સુખ
પુછો જ્યારે પ્રીતથી તો મારે કેવુંય
વચન ન લોપું આપનું આધીનમાં રેવુંય
બરજોરીથી પુછતા મારે નવ માનું
કોઇ ઊપાય આપે કર્યો પણ રાખ્યું છાનું
અકબરનો આગ્રહ થયો કહી માંડીને પેર
કાંઇ છુપુ નવ રાખીયું જરા પડે નહી ફેર
બીનાબનીતી જેટલી તે સંભળાવી તત્ર
પાછળ સઘળું કહી ગયો મારે નકેવું અત્ર

સૌ વાંચક સમજ્યા હસો ગયે છેલ ને મેલ
પીષ્ટ પેસણ નવ કરૂ પીલ્યામાં થુંનેલ
નારીતણા ઘેરથી આવ્યો નીજ મુકામ
ત્યાંસુધી માડી કહયુ બેસીને તે ઠામ

ચોપાઇ.

છેલે કહી છે બીના બધી અકબર મનમાં ઊરમી વધી
બાઇ ખરી તે વાતજ કીધ તે સણી મારી લક્ષે લીધ
એમાં વાંધો રહયો નહી પણ બીજી એક બાકી રહી
પ્રથમ સુખીયે ગયો તો ત્યા બનાવ સો થયો તો
અબળા એક આવી તુજ પાસ દામ વેરી ગઇ છે ખાસ
બીજી વારની જે આવી અનાજની છાબો લાવી
ત્રીજી વારની આવી ખરી મટકી ફોડી પાછી ફરી
ચોથી વારની ફાડી સાલ જોવા જેવો બનીયો તાલ
પાંચમી પણ તુજ વગની મુકી કોઇ પાણી અગની
તેનીને પરીક્ષા કરી ચાર કોણ તે કેવી સ્તરી
કેમ રડીયે કામની બીજી કોણ એ ભામની
સવસ્યા કહીને ચાલી ગઇ તે વાત મુજ મનમાં રહી
માટે સંદેહે ભાગોને જે જોઇયે તે માગોને
નામ ઠામ શું કહ્યું છે તે સાંભળવા મન થયું છે
સંદેહ રાખી કે તું આપ તો તુજને બ્રમ હત્યા પાપ
અંતર તુ નવ રાખે કસ્યો મારા મનમાં તું તો વસ્યો
વચન સુણીને બોલ્યો છેલ પુછ્યું તો હું કહુછું પેલ
હવે નથી વાંધો લગાર કરૂ ખુલાસો ન કરૂ વાર
તોડ ફોડ હું કહું છું કથી મારા તમારામાં અંતર નથી
પાંચે દાસી સેઠાણીતણી તે મોકલીયો મુજ ભણી
પહેલી મોરો લાવીતી મારી પાસે આવીતી
દ્રવ્ય લુટાવી કહી ગઇ મુજ તરફેથી લાગણી થઇ
ડંડ આપી રાજા થાવો અને તમો તો છુટી જાવો
તે વણીકની દીકરી આવું કહીને પાછી ફરી
બે જણ્યાની કલમ જાણુ કાળુ મુખ રહ્યું નીરવાણ
સહી બોજેથી ફાળી થાય તેને વણીક હાથેથી સાય

તે વણીકની હું છોરી એવું કહી નાઠી ગોરી
બીજી વારની આવી જેહ તેનો ટાળુ હું સંદેહ
અંન એકઠું કરી ગઈ સમસ્યામાં તે બેલી તહી
કેમ કાળજુ છે કાચુ ભરડો જુહુને સાચુ
વાંધો તમે તો ધરસો નહી એવી વાત તો એણે કહી
મુજ પીતાનો રંકજ ઘણો વખાણુ કરૂ સું તે તણો
દ્રવ્યનો હોમ અગ્નીમાં કરે સોની એને જાણો ખરે
સોની નીચે બાળકી હતી સમજ્ને મનમાં મોટાં મતી
ત્રીજી વારની આવી નાર તેનો કહું હુતો વીસ્તાર
માટલી ફોડી નાખી તેપર દ્રષ્ટી મે રાખી
કહ્યું કે વાત દયો ફોડી બાદશાહ દેસે છોડી
મુજ પીતા તો બળીયો બહું ધચને રથ રાખે છે કહું
સાથથી હેઠે બેસે એનો ભેદ કોણુ લેસે
ચાક ચડાવે ચક્કર જેહ તો તો કુંભારનો દેહ
એસી પૃથ્વી ચડાવે ચાક તેની કુંવરીયે રાખ્યું નાક
ચોથી વારની આવી તહી તેને વાત કેવી કહી
સાલ ફાડી નાખી ઝટ તેનો ઊત્તર દઊંછુ પટ
ફાટી વાતતો જગમાં નથી કોઇ આપડવગમાં
માટે કહીને ઊગરજ્યો કહ્યું જરા કાને ધરજ્યો
એમ કહી ચાલી જે વાર કાજીયે ઝાલી છે નાર
નામ ઠામ પુછે છે સઉ નારી કહે રે દુરજ કહુ
મુજ પીતા ઘણો ગુણવાન આખા જગમાં એનુ માન
મુવેલાને જીવતા કરે લવારની તાતી તે ઠરે
લોઢુ ગાળી ઘડસેઘાટ એવો મુજ પીતાનો ઘાટ
તે લુવારની હું દીકરી એવું કહીને પાછી ફરી
પાંચમીનો સંભળાવું ભેદ જેથી ટળસે મનનો ભેદ
અગ્ની મુકી રૂદન ર્ક્યુ તે સૌ મારા મનમાં ઠર્યું
તારી પાછળ હુંતો બળીસ આતમ હત્યા હુ તો કરીસ
મારામુવાનું પ્રાશ્ચીત જેહ તે બધું બાદસાહને દેહે
આયુષ્ય દોરી લીધી હતી ઉગાર્યો એ નારીના વતી
સઘળી વાત મે કહી દીધી છાનીનવ રાખી લીધી

હરખ્યો મનમાં બાદસાહે કેવા લાગ્યો વાહવાહે
રાખી સાચવી તે નારી બુદ્ધીને તો ભલીહારી
જો જુવે કોઈ તારૂં મુખ તેની ભાગે ભવની ભુખ
સત્યવાદી એક પત્નીવ્રત ધન્ય વીધ્યાને ધન્ય તુજ સત્ય
સુખે નારી પાસે જાઓ બરદાસ લઇ પાછો આપ
સાલાસ એ પદમકળાને મળવા જાવો અબળાને
છેલને આપી ખરી પાઘ બાંધી છે કે સરી
અશ્વ ઊપર બેસીને ગયો પદમકળાન ભેગોથયે
તેના મેલમાં આવીયો નારીયેજ વધાવીયો
મોતી પુષ્પે વધાવ્યો પછી છેલ થડમાં આવ્યો
સાથે બેઠાં નર નારી જેમ તરસાને મળે વારી
એવો આનંદ બેઉને થાય મુખ જોઇને બહુ હખાય ૨
પાન સોપારી મુખમાં ધરે એમ આનંદ નરનારી કરે
એક એકના ઊભરા સમ્યા નાના પ્રકારની રમત રમ્યા
છેલ ગયો પોતાને ઘેર એ પરમાંણે રોજની પેર
સભામાં પણ આવે જાય નાય આપીને સુખીયો થાય
એમ કરતાં એક વર્ષજ થયું નારીના નાથનું શું થયું
વાણ લઈ ગયો વેપારે શી ગતી થઈ તે વારે
તેનો સંદેહ ટાળુ છું એ તરફાં હું ભાળું છું
વીસ વાણ લઇ અમેચંદ સફરે જાતા હરતા મંદ
બેટબેટ રાખે વાણ માલ આપી લે નાણા ખાણ
ઘણા પૈસા કમાતો તેમ તેમ આગળ જાતો
નાણાની તો નવ રહી મણા પૈસા એ કમાયો ઘણા
એક દેસ મોટો હતો ત્યાં સોદાગર થાતો છતો
સાખ વધારી ત્યાતો ઘણી પુસ્કળ નાણાં લીધા લણી
અનત પાણી દરીયામાં ઘણા દેસ એમ ફરીયાં ત્યા
પાડ એકનો સુંદર જાણે બીજુ ઇંદ્ર પુર
વેગળેથી સોભી રહયો મંનતો હર્ષ થયો
દેખાય દુરથી સુઝા સમામ દેખાતાં સુઝાના પાન
અમુલ્ય હીરા માણેક હસે ત્યાંજવાથી લાભજ થસે
ખાણયો હોય જો રત્નો તણી તોપુંજી થાવાની ઘણી

હોડકુનાખ્યુ પાણીમાં જોવા આવ્યા પાર ન જ્યાં
પાંચ સાત માણુસ છે સાથ એક એકના ઝાલ્યા હાથ
પરવત ઉપર ચડત જાય જોઇ જોઇ ને મન હરખાય
સુદર વૃક્ષો સોભેછે જોવાથી મન લોભેછે
ઉપર આવ્યો તે તો છેક ત્યાંની સોભા હતી વીસેક
બાગ લગી ચ.વૃક્ષ ઘણાં પક્ષીયોની ના રહીમણા
ઓખધીઓ અરાડભાર પક્ષીકરી રહ્યાં ચીકાર
મેના પોપટ કોયલ કાગ પક્ષીઓથી સોભે બાગ
ચકવા ચકવી કોયલ ફરે મધુર સ્વરથી ટૈકા કરે
મોર બપૈયા તેતર બાજ ભમરા કરતા નીજનું કાજ
બગલાં તુમ્ર સુડાને સુડી સોભાનો દેખાતી રૂડી
ફળ અનંદે પક્ષીખાય મધુરોવાય ત્યાંતો વાય
વૃક્ષે વળગી રહી વલડી આંબા દ્રાક્ષ અને શેલડી
રાંમફળ જામફળ સીતાફળ જામ્બુડા ડાંસછે નીરમળ
બદામ પીસ્તાં ચારોળી નારંગી સોભે પીળી
એવાંઘણાં વૃક્ષો ઉગ્યાં અમેચંદ ત્યાં જઇ પુગ્યો
ચાલતા ચાલતા દીઠીવાય પાણી પીવું જઇ ને લાવ્ય
વાયપર આવ્યો ઘણે યત્ન તે વાવ્ય ને જડીયાં રત્ન
નાનાં પ્રકારના રત્નોથી જડાવ કામ કર્યું યત્નોથી
વાવ્ય જાણે તેજનું ક્ષેત્ર કરોડો ઊગ્યાં વાવ્યને નેત્ર
ઝગ ઝગ ઝગ ઝગ ઝળકીરહી તે ઠેકાણે મડળી ગઇ
માણુસ અમેચંદ જોડે પગથીયાં ઊતર્યો કોડે
જેમ જેમ ઊતરી ને જોય તેમ તેમ ખુબી બહુ દેખાય
આગળ કામ મીનાકારી હીંડોળા ખાટ બાંધી સારી
તેપર નારી હીંચેછે. મસ્તમાં તેલ સીંચેછે
સોળ વરસની સુંદરી તેમાં ખામી નમળે જરી
સહસ્ત્ર જીભનો સેસનાગ કહે પણ સોભાનો પાર ન લહે
નાગ કન્યા બેઠી સાક્ષાત હીચતી હીંડોળે જાતો જાત
ચાર જાતની નારી હોય તોસે ન આવે આની જોડ
નાગ કન્યાનું જોઇને રૂપ સોદાગર બનીયો તદ્રુપ
કન્યા જોઇને ઉભો રહ્યો ચીત્રાંમણુ વત તે તો થયો

નાગ કન્યા પણ જોતી ખરી સોદાગરપર નજરઠરી
કયાંથી આવ્યા ને કોણજ ગામ અહીંયા આવ્યાનું શું કામ
જો બચવાની આશા હોય જાવો પાછા નવ જાણો કોય
મારો પીતા છે વીકાળ નાખસે જોનાં વીષ જવાળ
તે જવાળે ફરે ઘણું તો તમારૂં થાસે મર્ણ
માત ભ્રાતને તમ પીતાય મુવા પછી કરસે ચીંતાય
એવી મુખથી બોલી વાણ અહીયાં ચાશે મોત નીરવાણ
માણસ અહીં નવ આવી શકે કોણ અહી લાવ્યું આ તકે
રૂપ તમારૂં જોઇને હુંય બીજું તમને કેવું શુંય
માટે વાલાંને જઇ મળો અહીથી તમે પાછા વળો

દોહરો.

વચનસુણી કન્યા તણા બોલ્યો અભેચંદ
ગુણવંતીતું ગોરડી હારય કર્યું છે મંદ
રહીશ હુંછું દીલ્લીનો ત્યાં મારૂ છે નાંમ
સફરે નીકળ્યો હોસથી મબલખલીધાં દામ
ઘણાદેસ હું તો ફર્યો વીસવાણ સ઼ઘાથ
પૈસો ઝાઝો મેળવ્યો આલોકો ન્યણસાથ
લઇ નાણા પાછા ફર્યાં રસ્તો ભુલ્યા આજ
દેસ દસા સુજે નહી ઇશ્વર રાખે લાજ
સ્થળ સુંદીર આભાગી મુજોવાને ઉમંગ
માટે જોવા આવીયો લેઇ માણસને સંગ
રૂચના જોઇ રાજી થયો ધન્ય કાન્તી તારી
ભમીત થયો હુ ભાગ્યની ખુબી તારી ન્યારી
પુર્વના સચીતથી આવી પોચ્યો હુય
નહીતો કયાથી આવવું વીચાર કરનેતુંય
ખુબ સુરતાં જોઇ તાહરી હુ થયો ભમીત
નેહનો મારૂમાનુની ચોરી લીધુ ચીત
સરણે તારી આવીયો માર્ય કે જીવડાય
જે કરીસ તે વેઠસુ માનુ તારો પાડ
વચન પુર્વના સાંભળી જરા પલળીયુ મન
મુખમલ કાવ્યું માનુની પછી કહ્યુંજ વચંન

ગ્રધપીતા મારો થયો સમ રાખી રહી
મુરતઓ મુકુ નહી એવી વાણી કહી
પાણીમાં પેસી ગઇ મારી નેણુના બાણુ
મુછા આવી પુર્વને ન મળે સુંધ કે સાન
હે અબળા કહી બોલીઓ પાસે હતા જે જન
આનું કારણુ શુ હવુ વીચાર કરતા મંન
મુછામાં આવી ગયો એને ન મળે ગમ
નાગ આવે સાંજરે કાડે સૌનો દમ
સર્વેનું મૃત્યુ થસે સાથ સર્વે ખમચીયો
મુકવો નહી એહને એમ કહીને ઉચકીયો
ધીરે ધીરે ચાલીયા આવ્યા વાહાણુની પાસ
નાખ્યો તેને વાહ્નુમાં કરતા ત્યાં આવાસ
સાવધ કરતા તેહને પણુ નવ થાતો સાધ્ય
અનજળ લેતો નથી ઘણી થઇ છે ઉપાધ્ય
નારી નારી મુખ ર હેઆીજી નહી પચાત
બીજુ કઇ કરે નહી લાવો અબળા ભ્રાત
વાણુ હકાર્યાં વેગથી વીત્યા કેટલાં દીન
રસ્તો લાગ્યો હાથમાં ભાઇ ન બદલે ચીન
થોડે આઘે આવતા હરખ્યા સરવે મંન
દીલ્લી સેહેર નજરે પડયું રહયું એક જોજન
લગભગમાં ત્યાં આવીયા ખબર મોકલી ફેર
વધામણી નરે સુંણી રોમ રોમમાં લ્હેર
સગાંસબંધી આવીયા મળવાને તે વાર
પદ્મકળા હરખી ઘણુ ઉમંગ અંગ અપાર
આનદ આનંદ થઇ રહ્યો પડી છેલને જાણુ
મીત્રમારો આવીઓ લઇ પોતાનાંવાણુ
મળવા ચાલ્યો મીત્રને સાથે લઇ સુખપાલ
ઘાટ ઉપર આવીયો નગર સંહનો લાલ
સામેગયો સલક્ષણો જોયો મીત્ર અચેત
આનુ કારણુ શુ હસે પુછે સઉની સમેત
મેતા સુન્યમ બોલાવીયા ખરી રાખજો ખંત

મુકામપર લઇ જાવોને તેમજ બુધ્ધીવંત
છેલ મનમાં સમજ્યો ઘાયલ થયો મુજ મીત્ર.
કામબાણુ માર્યા ખરા ફળ્યો નારી ચરીત્ર
સુખપાલમાં બેસારીયો લઇ ગયો છે ઘેર
અભેચંદસાહા આવીયા ગામે જાણી પેર
આનંદ આનંદ આનંદ થઇ રહયો લાવ્યા ઘરની માંય
પદ્મકળાનીજનાથને વધાવીયો સુભ રીત
આનંદ અંગે માય નહી ચતુરા હરખીચીત
સોદાગર બોલે નહી થઇ ગયો સુનમુન
નાગ કન્યા નામની તેને લાગી ધુન્ય
ખાવું પીવું રૂચે નહી કરે ન કોઇથી વાત
હે અબળા અબળા કહે બીજી નહી પંચાત
અબળા મન દીલગીર થઇ ચતુર ધણો મુજનાથ
આસુ એને થઇ ગયું વીચાર જેવી વાત
ગાંડયા જેવો થઇ ગયો અબળા કરતી ખેદ
આનુ કારણુ સું હસે તે કો ભાગી ભેદ
સંતાપ કરતી શુંદરી હવે ભર્તા શું થાય
છેલ કહે સાંન્તીધરો હુ કરૂ ઉપાય
કાઇ ચીન્તા કરસો નહી દુખ ન ધરસો મંન
કોઇ અબળાયે બગાડીયો તેથી કથલુ તંન
નારી વસ્ય તે થઇગયો માટે તેહ આધીન
છેલ કહે તુ ડર નહી એસહ વરત્યા ચીન
મુળ સ્થીતીમાં લાવવો અમારૂ છે કામ
ચીન્તા મુકો ચંતની સાજા કરસે રામ
એવું કહીને ઉઠીયો આવ્યો વાણુની પાસ
સુ સુ સાહીત લાવીયા સર્વ કરે તપાસ
નગદી નાણુા લેઇને કહી માણુસને વાત
મેતા મુન્યમ આકરો કાલે આવે પરભાત
કાલ્યે ઘેરજ આવજ્યો કહીને ચાલ્યો છેલ
એકદમ આવ્યો ખરો પાંછો મીત્રને મેલ
મીત્ર તણી નારી હતા તેને સોપી ચીજ

કુચીયો માલનાણું દઇ પછી બતાવી રીજ
સાવધરેજયો સુધરી સોંપ્યુ છે તમહાથ
કાળજી તમારે રાખવી વીચારીને મનસાથ
મીત્રને બોલાવીયો પણ નવ ઉત્તર દેય
અબળા રૂદન કરે ઘણું હૈયું હાથ ન રેય
છાતીમાથા કુટતી કોણુમારૂ બેલી
મનની વાત મનમાં રહી અબળા થઇ ઘેલી.

ચોપાઇ.

નાથ વીના જે નારી હોય તેનુ માન્ય રાખે નહી કોઇ
નાથ વીના ના મીથ્યા શુરૂંગાર એળેજાય અબળાનો અવતાર
એના વીના નહી દેહજ ધરૂ એની એની પાછળ હુંતો મરૂ
એમ કહી પ્રથ્વીમાં પડી મુર્છામાંતે અબળા ચડી
છેલે સાધવ કરી સુંદરી ધીરજ રાખો મનમાં જરી
આંમ અધીરાં શું થાવો જરા બુધ્ધી ના ઘેરસાવો
મારો મીત્રને તમારો નાથ એને ડાહયો કરૂ મુજહાથ
તુ પસ્તાવો કરીસ નહી ફીકરમાં તું ફરીસ નહી
એને ડાહયો કરૂ હુ આપ નહીતો બ્રમહત્યાનુ પાપ
એવું કહીને સાવધ કરી ચીન્તા મનની કીધી પરી
પેલો ગયો પોતાનો ઘેર હાવે મારે સીકરવીપેર.
પેલા લોકોને પુછી જોવું પછી મનનો સંદેહ ખોવું
જમી પરવારી કાઢી રાત જયારે થયો છે ત્યાં પરભાત
છેલ પરવાર્યો નીત્યનીયમ મળવા મીત્રને ગયો હરદમ
લોકો વહાંણુ તણાજે હતા આવીને ત્યાં બેસીરેતા
અભેચંદ સાથે જે ગયા તે ત્યાં આવી બેસીરહયા
છેલ આવ્યો તેણે ઠામ સર્વે જણાયે કર્યો પ્રણાંમ
માંન્ય આપતાં સર્વે જંન છેલ આવીયો છે ભોવંન
આવ્યાનો કરીયો આદર કુશળ પુછી બરાબર
પાન સોપારી વળીયારી છેલે માન્ય આપ્યું ભરી
કહોભાઇ સંદેહમારો એક તેને તેડી નાંખો છેક
તમો સેઠની પાછળ ફરો એમના વડે પેટજભરો
સાથે હતા તમે તમામ સેઠ તબીયત થઇ કેમ આંમ

એનુ કારણુ કહોશુ એવી રીતે છેલ પુછે
મેહેતો કહે સુણો મારાજ તે સભળાવું તમને આજ
વીસવાણુ લેઈ પરવરીયાં ઘણુા ઘણા દેસો ફરીયા
મોટો દેસ અમને મળીઓ સમુદ્રજ્યાં ત્યાં છે બળીયો
તે દેશમાં નાણા ઘણા બહુ મળીયાં છે નવ રહી મણા
સેઠના ભાગય ભળીયાં નગદી લઇ પાછા વળીયા
દરીયાના જે મોજા હોય તેનીપાસે નટકે કોય
વાયુ વેગી ઘોડા જેહ ભુલા પાડયા નહી સંદેહ
અવળી દીસાયે ચડી ગયા કયાં હત. ને કયા જઈ રહયા
દીસા તણી નવ ગમ પડે વાયુ અમને ઝાઝો નડે
એત્રે પરવત ડીઠો તહી તેની સોભા જાયજ નહી
જોત્રાને મન થઇ ગયું રોકાયું મન ત્યાં તો નવ રહયું
જોવાને મન આતુર થયા હોડીમાં બેસીને ગયા
પરવત ઉપર ચડીયા સાથ એકા એકનાં ઝાલી હાથ.
તેપર્વતની સોભા અતિ સુ વખાણું મુખ રાતી
જોતાં જોતાં ઉપર ગયા બાંગ નજરે પડયો તયાં
અરાડભાર ઔષધી છે માંય ફળ સારાં જોઇ સર્વે ખાય
મનમાં આવે તે લઇયે. આગળ જોતાં ચાલ્યાં જઇએ:
એક વાવ્ય નજરેથી જોઇ, માણુસ ત્યાં મળે નહી કોઇ.
તે વાવ્યની ઉપર ગયા, શોભા જોઇને અહીત થયા;
કારીગરીની શી કહું વાત, માણેક હીરા જડીયા ક્ષાત.
જડાવનું મહા કામ કર્યું, તે તો જોઇને મન ઠર્યું:
વાવ્યની અંદર ઉત્તરીયા આગળ જોતા પરવરીયા.
સુંદર સોભા ઝાઝી જોઇ, તેમ તેમ મન ઉરમાં હોઇ;
સોનાનો હીંડોળો હતો તે સુર્યસમ સોમાતો:
તે ઉપર નારી બેઠી તેમાં વૃની છે પેઠી;
નારી જોઇને ભ્રમીત થયા શેઠ તેની પાસે ગયા
રૂપ જોઇને હરખ્યા શેઠ લેવા ગયાછે તેની બેઠ;
નામ ઠામ પુછવા લાગ્યા અજાયે સંદેહ ભાગ્યા.
કહે નાગની કન્યા હુંય અહી આવ્યાનુ કારજ શુંય;
પીતા મારો છે બળવાન ફુંકેલેશે સહુનો જાન.

તું મળવાથી થાશે સુખ ત્યારે ભૌલી અબળા મુખ;
પીતા મારો વૃદ્ધ ઘણો ને તમે મુખ એથું ભણો.
સર્મ રાખવી વડીલ તણી એવી વાણી કાધી ઘણી;
એવું કહાને કીધું હાસ પાણીમાં પેઠીને ખાસ.
ત્યારના શેઠ લેમાં ચડીયા મુર્છાખાઇ પૃથ્વી પડીયા;
બહુ શીખામણ દીધી ત્યાંય પણ એકનાં બે નવ થાય.
અબળા અબળા કહીને રૂવે બીજા કોઇ સામું નવ જુવે;
અમે વીચારી મનમાં વાત નાગ નીક્ળશે કરસે ઘાત.
માટે શેઠને ઉચકી લીધ વાણુમાં બેસારી દીધ;
વાણુ કર્યાં ત્યાથી અમે દોડ માસે આવ્યાં કપમ.
તે પછીજ બીના બની તે જાણોછો તમે ગુણી;
ને જાણતા તાતે તો કહ્યું છેલે મનમાં સઘળું સહ્યું.
વારતા મનમાં લીધી છે પછી વાત નારીને કીધી છે;
તું ઘભરાતી નહી જરાય મારા મીત્રને સારૂ થાય.
તે ઠેકાણે હુંતો જાવું તે નાગ કન્યાને લાવું;
જો આ કામ હું નવ કરૂં તો પ્રાશ્ચીત મુજ માથે ધરૂં.
ધર્મ કરતાં ભલે થાય કાળ તો રાજી રેશે દયાળ;
મારા મીત્રને સાજો કરૂં નહીતો એની પાછળ મરૂં.
નારીને ધીરજ દીધી પછી જાવા તૈયારી કીધી;
નારી ઘરથી નીકળ્યો બાર આવીયો સભા મોઝાર.
બાદસાહને વાત કહી રજા આપી સાહે રાજી થઇ;
એવાં કાંમ કરોને વીર મન થકી નવ તજસો ધીર.
ત્યાંથી પોતાને ઘરેજ ગયો માત પીતાને બોલજ કહ્યો;
મીત્રનું દુઃખ ભાગવાને કામે તેની લાગવાને.
ચીન્તા કાંઇ કરસો નહી મંન એમ કહી ચાલ્યોછે તંન;
મીત્રના મેલમાં આવી નારીને ત્યા સમજાવી.
એક માસમાં હું આવું મનમાં નવ દુભાવું;
ઇશ્વરપર રાખે વીશ્વાસ સફળ થવાની મારી આસ.
ચાલ્યા જાવો અહીયાંથી ઓચીન્તા આવ્યા કયાંથી;
કોઇ મનુષ્ય નવ આવી શકે આ બાગમાં કોઇન ટકે.
ત્યારે બોલીયા આપજ મીત્ર અબળા જોઇને આવી ચીત;

તુજ કાન્તીની લાગી લેય પ્રીદા દેહ કીધી છે મેય.
તુ પાખે નવ જીવી શકું આથી વધારે શું હું બકું;
તારો મોહ મને લાગીયો પ્રેમ ભાલો વાગીયો.
બોલ નારીને ત્યાં કીધો અભેચંદ સાથે લીધો;
બીજા હતા માણુસ બે ચાર તે સાથે લીધા નીરધાર.
વાણુમાં બેઠાંછે સઉ હવે પછીની વાતજ કહું;
લંધર લીધું વાણુજ માંય વાણુ સપાટે સીધુ જાય.
નાખી નજર પોચે નહી બીજા લોકને ચીન્તા થઈ;
છેલ તમે કરોછો હઠ નાગ ધણોછે મનનો સઠ.
પ્રાણ પલકમાં લઈ લેસે ખબર કોણુ ત્યાં જઈ કેસે;
નીરજન પ્રદેસ આ કેવાયે ત્યાં કોઈથી નવ જવાયે.
માટે હમારૂ માની જાવો ત્યાં જવે નહી મળે લાવો;
ભલે તમારે જાવું હોય સાથે તમારી આવે ન કોય.
અમને ખાત્રી ગળા લગી ત્યાં જાતામાં જઈયે ડગી;
માટે નમાવીયે તમને શીસ અમ ઉપર કરસો નહી રીસ.
નહી આવીયે અમે ત્યાં અમે રહીશું વાણુજમાં;
વાતો કરતાં વાણુજમાં અથાગ જળમાં આવ્યા ત્યાં.
કાળુ પાણી દેખાતું સમુદ્રમાં તે નવ માતું;
મઘર મચ્છને કાચબા ધણુા શું વખાણુ કરૂ તે તણાં.
નાદ થાયે સમુદ્રનો કોપ થાય જેમ રૂદ્રનો;
એવી ભયાનક જગા મહી પરવત પાસે આવ્યા તહી.
દુરથી પરવત દેખઈ ગયો જોઈ છેલને હર્ષ થયો;
કનક સમાણો સોભી રહ્યો છેલે સઉને બોલજ કહ્યો.
કહો ભાઈ કેટલું છે દુર તે બતાવો તમે જરૂર;

દોહરો.

ખારવો મુખ બોલીયો આ પરવત દેખાય;
તે પર્વતમાં તારૂણી અહીયાં વાણુ રખાય.
જગા ધણી વીકટછે કોઈની ન પોચે હાંમ;
છેલ કહે જઉ એકલો નથી કોઈનું કાંમ.
ઈશ્વર મુજને રાખસે કરમે મારી ટાંક;
તે પરમાણે થાયછે શું મનુષ્યનો વાંક.

વાણુ રાખો આ જગા હું જઇ આવું ત્યાય;
ત્યાં સુધી રોકઈ રહો ધાર્યું ધણીનું થ ય.
માણુસ કોઈ લીધું નહિ ઓડીમાં બેઠા એહ;
પરવત ઉપર આવીયો જાતો જાત તેહ.
વાટ જુવે સઉ વાહાણમાં સઉના મનમાં ત્રાસ;
રાખી હીમત ગયો ખરો પણ થાવાનો નાસ.
મુકયો વાહાણુમાં મીત્રને ચાલ્યો છેલ ચતુર;
પર્વત ઉપર આવીયો હર્ષ વધ્યો ભરપુર.
જેમ જેમ ઉપર ચડે સોભા જુવે અપાર;
છેક ઉપર આવીયો બાગ તણી મોઝાર.
ફરી વળ્યો સઉ બાગમાં નાના પ્રકારનાં વૃક્ષ;
ધારી ધારી નીરખતો સઉપર રાખે લક્ષ.
વાવ્ય લગભગ આવીયો ડીઠી ઝાક ઝમાંળ;
સ્પાટીકની તો સોભતી વાવ્ય તણી ત્યાં પાળ.
હીરા માણેક ચળકતા દેખી થયો ઉમંગ;
વીચાર કરતો વાણીયો કોય ન આવ્યું સંગ.
જાતું હું આ વાવ્યમાં માથું મુકી દુર;
કરૂ મીત્રનું કામ હું જરા કરૂ ન અસુર.
કરતો હરતો રામછે ગયો વાવ્યની માંહી;
હીડોળાપર હીચતી નારી ડીઠી ત્યાંય.
સુનાની છે સાંકળો રત્ન જડીત ચોપાળ;
છેલ મનમાં હરખીયો જોઇને ઝાક ઝમાળ.
અબળા પાસે આવીયો પડયો નારીને વેમ;
એક જણો ચાલ્યો ગયો આ અહી આવ્યો કેમ.
ગુણવંતો તો છે ખરો બત્રીસ લક્ષણ ધીર;
કરી પરીક્ષા નારીયે સાસુદ્રીક માહીર.
પણ ભુલો ક્યાંથી પડયો પેહેલો આવ્યો જેહ;
પીતા જાણુ એ મારશે પ્રાંણુજ લેસે તેહ.
એક ગયો તું આવીયો ન ઉતમ તારૂં રૂપ
જા અહીયાથી જીવતો અલ્યા રૂપના કુપ.
પીતા મારો પ્રાક્રમી લેશે તારો પ્રાણ;

મારે જા જીવતો નારી બોલી વાણ.
માત પીતા તુજ જાણસે થાશે હાહાકાર;
દશા આવે તાહરી જાગણી પોબાર.
છેલ કહે શુણ્ય સુંદરી છે ધરમનું કાજ;
માટે અહીયાં આવીયો રાખવા મીત્રની લાજ.
હુંતો બીજી નારીને જાણું માતને બેન;
ધરમ કામે આવીયો નયળાં ન મળે ચેન.
મીત્ર મારો એકછે અભેશાહ નામ;
સફર કરવા નીકળ્યો એ આવ્યો આ ઠામ.
તારી કાયા જોઇને એ થયો બેભાન;
ખાવું પીવું રૂચે નહી ના લે પાણી પાન.
છકે બેસે એ નહી ઉતર પણ નવ દેય;
આખો દીનને રાત્રીયે તારૂ નામજ લેય.
ઘાવલ કર્યો મુજ મીત્રને એ તરૂં સૌ કૃત્ય;
મરવા જેવો થઇ ગયો માટે આવ્યો તુર્ત.
ખાસ મારો મીત્રછે તેને બચાવા માટ;
પુછવા હું આવીયો આવી રમણીક વાટ.
સાથે લાવ્યો તેહને વાંહાણમાં છે એહ;
બીજા માણસ સાથમાં સીયાળ થયોછે દેહ.
કોઇ અહીયાં નવ આવીયું સૌના મનમાં બીક;
મારે તો મુજ મીત્રનું કામ કરવું ઠીક.
છે કીનારે સર્વ જન હું આવ્યોછું આહી
મારૂ માંનો સુંદરી દયા લાવજ્યો કાંઇ.
પુન્ય પંથે પડયો બચાવવાને જીવ;
મારો કંઇ સ્વારથ નથી સૌ જાણેછે સીવ.
માથું મુકી આવીયો ભલે મારે તુજ બાપ;
પાછો ફરૂ જો યાં થકી તો લાગ હત્યાનું પાપ.
તારા વીના જાવું નહી એ મારો છે ટેક;
ખાવું ધણીનું યશે કરૂ નોકરી નેક.
વચન સુણી આ છેલનાં સ્રીયે કર્યો વીચાર;
દુઃખ મોટું આવી પડયું ક્યાં કરૂ વીસ્તાર.

બેઉ પુરૂષછે પુટડા પહેલો આબ્યો જેહ;
તેપણ બત્રીસ લક્ષણો કામ સરખી દેહ.
આપણ એનો મીત્રછે કરવા મીત્રનું કામ;
માથું મુકી વેગળું આવ્યો છે આ ઠામ.
લીધા વીના જાસે નહી નહી તરત જશે પ્રાણ;
પીતા મારો પ્રાક્રમી એ મારે નીરવાંણ.
વાહાણમાં જે પુર્ષછે તે પણ પામે મર્મ;
બેઉની હત્યા મુજપરે વીચારે અંતસકર્ણ.
આ આબ્યો પરમારથે પેલો મુજમાં લીન;
લગ્ન કરૂ જો હું કદા નવ રહે કોમાં ભીન.
નારી કહે સુણય ચતુર નર તારૂ માનું હુય;
અમો નાગની દીકરી મુખથી બોલો શું ય.
માંનવમાં જઇયે નહી પણ બચાવા પ્રાણ;
વચન તરૂ રાખવું એ ઠર્યું નીરવાણ.
તને બચાવું પ્રીતથી રહો મનમાં મગન;
જે મારો મીત્રછે તેથી કરૂ લગંન.
ધીરજ રાખો મંનમાં કરો એકજ કાંમ;
સંધ્યા કાળ થતાં સુધી તમે રહો આ ઠામ
મુજ પીતા તો અંધ છે રાત્રે નીકળે બહાર.
જવાળાતેની વીસની જાય છે ગાઉ ચાર
ક્રોધથી અહી અવાય નહી વૃક્ષો પણ બળી જાય
પથર હોય જો કદા તેનાં કટકા થાય
હવા ખાવા બારણે નીકળે વાવ્યની બહાર
મણી મુકસે પાળપર સુર્ય સમ ચળકાર
તે મણીના તેજથી સર્વ થસે ઊજાસ
મુજ પીતા ફરે હોરયથી કરવાને તપાસ
મારૂ વચન તમે માનજ્યો આ સગંગ છે નેહ
સંતાઈ તેમાં રહો પછી ટાળું સંદેહ
પીતા મારો નીકળે મણી મુકે જહી
ઓચીંતા ના નીકળી ઝડપે લેજ્યો લઈ
સાંગમાં પેઠી જનો તે રજ્ઞ અંકુરા

વીષ જ્વાળા મુજ તાતની તેથી થાસો પુરા
અંધારૂ જ્યારે થસે ચડસે (મુજ) પીતાને કાળ
તેમાં તમને મારવા નાખસે વીસની જ્વાળ
આખર હાથે નહી જડે માથું પટકી તેહ
મારી પાસે આવીને તજસે તેની તેની દેહ
ચતુર હોતો ચેતીને કરજ્યો આટલું કાંમ
છેલ કહે ગભરઈશ નહી રાખું હઇયે હાંમ
રાખનારો રામ છે મુજ મીત્રને માટ
સ્વારથ નથી માહરો તું ન કરીસ ઊચાટ
સંતાયો સળગમાં નગર સેઠનો કુમાર
સંધ્યાકાળ જયારે થઇ નાગ નીકળયો બહાર
ફુંકે પરવત ફાટટો લાંબો પોળો બહુ
વીસાળ તેની આકૃતી શું વરણુ ન કરી કહું
વાવ્ય કીનારે આવીયો મણી મુકયો ત્યાંય
આભાસ આખા બાગમાં કમી રહે નહી કાંય
ફુંકો મારે ચોદીસા હવા ખાય છે નાગ
એવે છેલે તે સમે તાકયો નીજનો લાગ
નારી કહે તમે ચેતજયો જરા ન કરતા વાર
નહીતો પ્રાણુજ નીકળે ધાવો તમે તે ઠાર
ચતુરે ચાંપી ડગ ભરયા મણી લીધો છે હાથ
સળંગ માંયેપેસી ગયો રાખનાર રઘુનાથ
ઇશ્વર જેને રાખસે ત્યાં કાળથી સું થાય
ઝખ મારીને કાળનો પલમાં પાછો જાય
અંધારૂં જયારે થયું નાગ કોપીઓ ઘણું
મારી નાખું તેહને જીવતો ન મુકું ક્ષણું
કોપી કોપી નાખતો જયાં ત્યાં વીસની વેલ
સળંગમાં પેસી ગયો નગર સેઠનો છેલ
કેટલાં ઝાડ પ્રલય થયા કેટલા પરવત ફુટે
હાથ ન આવ્યો જયારે ત્યારે માથાં કુટે
કોઇ ચતુર અહી આવીયો, મારી ભુલાવા ખોડ;
અહંકાર જે મુજને હતો તેહ ઉતરીયો મોડ.

છે એ બત્રીસ લક્ષણો, થાસે મારૂં મર્ણ;
દીકરી મારી એકલી કોનું એને સર્ણ
નીરાંસ થઇ પાછો ફર્યો મણી ન લાગ્યો હાથ
બળ તેનું ભાગી પડયું પોકારતો શીવનાથ;
જેહ પુરૂષ અહીં આવીયો ચતુર પુરૂષ એ ધણો.
મારૂ મૃત્યુ આવીયું કુંવરી કોને આધાર;
માટે સોંપુ પુર્ષને જરા કરૂ નહી વાર.
કન્યા પાસે આવીયો બેસાડી નીજ પાસ;
જો જે બેટા પલકમાં મારો થાશે નાસ.
કોઇ મણીને લઈ ગયો મારો ઉતાર્યો તોર;
મેં જાણ્યું કે જગતમાં મુજ સમ ન મળે જોર.
પણ પ્રાક્રમી આવીયો અને'કાર કીધો દુર
મરવાનો હું પલકમાં કહુ છું તુજને જરૂર.
માટે જેહ અહી આવીયો લગ્ન કરો તે જોડ
ચુનીલાલ ઉદીચ સહસ્ત્ર કહે જે જે શ્રી રણછોડ

ચોપાઇ.

જે જોઇયે તે લેજયો તમો પ્રાણ તજવાના અહીયાં અમો;
પણ સંગારની ન મળે પુન્ય એ બધું વડીલોનું પુન્ય.
દીકરી મારી હાપ થાજે સ્વામી સાથે તું જા જે
મનમાં જરા ન ધરસો કલેશ કોઇનાપર નવ કરસો દવેસ.
સાસરીયામાં કરજયો સમાશ સુખે ભજજયો શ્રી અવીનાસ.
મીલકત બધી તમારે હાથ ભોગવટો કરશે તુજ નાથ
એમ કહી પડીયો છે ધર્ણુ પડતામાં તો પામ્યો મર્ણ
વૈમાન એક આવ્યું જેટલે સ્વર્ગમાં ગયો તેટલે.
જે નાગની કુંમારી રૂદન કરતી ત્યાં ભારી
પીતા વીના કોનો આધાર છેલ નીકળ્યો તરતજ બહાર
અબળા રડતી રદબારાટ પીતા ગયે કરતી ઉચાટ
બદલી ગયાં કન્યાનાં ચેન છેલ કહે તું મારી બેન
તું બેનને હું તુજ ભ્રાત જો જે કરતી દેહની ઘાત
અમારે પાંચ ભાઇની જોડી પણ ન મળે એકે છોડી

તું તો મારી બેનજ થઇ મારા મનની ચીન્તા ગઇ
રડીસ નહી તું બેન જરાય તને દુઃખ જરા નવ થાય
...ને પરણું તું માર હાથ લગ્ન કરો દુખીયાની સાથ
તારી ફીકરમાં ફરવાનો ગવાળો તારો ભરવાનો.
ચીન્તા મનની મુકો દુર હવે કરો નહી જરા અસુર
મુજ મીત્રતું મનાવે મન તમ કરો તે સાથે લગંન
આંખેથી આંસુ નાંખ્યાં લોઇ છેલ સામું રહી છે જોઇ
ભાઈ તું મારો આજથી ઠર્યો મનનો ખેદ તો પરહર્યો
ભાઇ હું આવું તુજ સંગ તે તો તારો રાખ્યો રંગ
મારો ભાઇ તું આજથી ખરો પીતા મારાનો મોક્ષ કરો.
અગ્ની સંકાર કર એને ભાઇ વીના હું કહુ કેને
ભાઇ કહે તું ધભરા નહી અગની સંસ્કાર અહી
છેલ આવ્યો વહાણુની પાસ લાકડાનો કરે તપાસ
વાહાણુમાંથી કાષ્ટ જ લીધ ચીતા ખડકી તૈયાર કીધ
નાગ કન્યાંના પીતાને છેલે મુકયા ચીતામે
અગ્ની સંસ્કાર કર્યો તહી પછી છેલે વાણી કહી
રાખ હસ્તી હતાં જેહ ગંગામાં વેરાવ્યાં તેહ.
ચાલો હવે કરો નહી વાર મીત્ર મારો દુખી અપાર
બેન કહે ભાઇ ધીરા રહયો માલ મીલકત સાથે લ્યો
કશું ન રાખવું આ ઠેકાણુ એમ કહી ભરાવ્યું વાહાણુ.
મીલકતને બીજી સુંદરી બધુંયે વહાણુમાં લીધુ ભરી.
કાંય ન રાખ્યું બાકી ત્યાંય પછી આવીયા વાહાણ છે જ્યાંય.
નાગ તણી જે મીલકત ઘણી હીરા મોતી માણેક મણી
પન્નાં પીરોજા પોખરાજ સેલાન સુંદર પુષ્પોનું શુભ વાન
સદા ખીલેલાં પુષ્પરેય તે પણ સાથે લઇ લેય
અબળાબેઠી વાહાણુમાં ખરી છેલે મીત્રને ખબર કરી
ભાઇ તમારો સંદેહ ખુવો મોહયા તે અબળાને જુવો.
આખ્ય ઉઘાડી જોયું છે દુઃખ સરવ ત્યાં ખોયું છે.
જે નારીયે ઘાયલ થયો તેને જોઇને ખેદજ ગયો.
ભાઇ તું મારો મીત્ર ખરો તુ ના હોત તો થાતો મરો
હું ખોળીયું ને તું છે જીવ ગીત્ર મને મળીયો છે દવ્ય

કહે ભાઇ કન્યા લાવ્યો કેમ તે ટાળીને મનનો વેમ
બીજી વાત પુછું તુજને તે વીસ્તારી કહે મુજનં
નારી રાખી કેવી રીત કેમ રહ્યું કહે એનું ચીત
તે સૌ મારી ભ્રાત વાત કરીને કરજ્યો સાન્ત
ત્યારે છેલે કહી વાર્તા અથઇતી તે ત્યાં ઇતી
મીત્રના ગયા પછી જે થયું તે સઘળું સક્ષેપે કહયું
આગળ એ આવી ગઇ વાત નથી કરતો તે હું પંચાત
સુળીયે ચડ્યો પાંચ જવાર તે સઘળો કીધો વીસ્તાર
જેમ તેમ કરી રાખી નાર હવે ચલાવો ઘર સંસાર
નારી નથી થઇ ભ્રષ્ટ રાખવા માટે પડીયું કષ્ટ
કરતો ફરતો મારો રામ રાખી નારને રાખ્યું નામ.
નાગ કન્યા માટે તુંય એ ભાન થયો તે જાણું હુંય
તે પણ લાવી દીધી તને પરણાવાની ફરજ મને
એ મારી ધર્મની બેન એને જોઇને ઠરતાં નેન
એને પરણાવું તુજ ઘેર કહી સઘળી ત્યાં છેલે પેર,
આનંદે ત્યાં ચાલ્યાં જાય વાટયમાં શું વીઘન થાય.
જેને રાખનારો દયાળ તેનો વાંકો ન થાય ન વાળ
કેટલા વીઘ્ન મારગમાં થાય છેલ પ્રતાપે દુરજ જાય
જ્યાં ત્યાં છેલ મુકાવે માગ લાગવા દીધો નહી કુળને ડાગ.
એક માસને દીવસ સાત દીલ્લી શેર આવ્યુ સાક્ષાત
વાહાણ છીપાવ્યા કીનારે વધામણી કાવી ત્યારે
દોડતો માણસ ગામમાં ગયો સમાચાર સઉ કોઇને કહયો
છેલ લઇ આવ્યા કન્યાય વખાણ જ્યાં ત્યાં તેનાં થાય
બાદશાહ પણ હરખ્યો ઘણું વખાણ કરે શું છેલ જ તણું
ધન્ય ધન્ય એની ચાલાકી કામ રાખ્યું નહીં કાઇ બાકી
નાગને પણ કીધો વસ જ્યાં ત્યાં એનો વાધ્યો જસ
છેલ મીત્રને બીજી નાર વાહાણમાંથી ઉતર્યા તે વાર
વાગતે ગાજતે જાવુંછે ગામમાં પંકવું છે
દરબારમાં ત્યાં ખબર કરી વરઘોડો ચડાવવો સમારે જરી
છેલનું કોણ કરે અપમાન બાદશાહ જાણે પ્રાણ સમાન
જે જે સાહીત જોઇતું હતું તે ત્યા મોકલી કીધુ છતું.

કોઇ વાતની ન મળે ભુલ્ય છેલ નર એક રત્ન અમુલ્ય
ગાંમ બહાર સઉ આવ્યા લોક વરઘોડાની થોકાથોક
સોદાગર ચડીયો સુખપાલ વરઘોડાનો જામ્યો તાલ
કડાધડી નોબત વાગે તેમ તેમ સારૂ લાગે
નીસાંન ડંકો હાથી ઘણા, ઘોડાની તો ના રહી મણા
સાબેલાનો ના રહયો પાર વાજીંત્રો વાગે તે વાર
વાગતે ગાજતે આવીયા મીત્રને મુકામે લાવીયા
કંથને જોઇ સ્ત્રી રાજી થઇ વધાવીને ઘરમાં લઈ ગઇ
ધન્ય ધન્ય પુરૂષના ગુણ એનું કયારે ચુકાવીસ રૂણ
મારા સ્વામીનું ટાળ્યું દુઃખ થયું છે સઘળી વાતે સુખ
છેલ કહે આ તમારો સામ હવે થયો છે કે આરામ
હળો મળો હુ ધેરજ જાઉં માત પીતાને ભેગો થાઉં.
ઉગી નીકળ્યું આપ સુકીત હુ કરી આવ્યો રૂડી રીત
મારા મીત્રનું દુઃખ ટાળ્યું બોલ્યું વચન તે મે પાળ્યું
નાગને હું મારીને લાવ્યો છુ આ નારીને
તમે એનાં માતને તાત એ તમારી દીકરીની જાત
અંતર એમાં રાખશો નહી એવી વાણી છેલે કહી
પાંચ ભાઇમાં એ નાની બેન અમે મનથી માની
મંડપ મોટા મંગાવો આ પુત્રીને પરણાવો
સોદાગર જે અભેચંદ જોડ બેનનો છે સુખ દૂંદ
વીધીયુકત કરાવો લગ્ન ગામના લોકો પાસે મગ્ન.
જોસીને ત્યાં તેડાવ્યા લગ્ન મુહુર્ત જોવરાવ્યા
વૈશાખ સુદી અક્ષય ત્રીજ લગ્ન કાઢીયું આણી રી
જોશીને દક્ષણા આપી જીંદગીની કષ્ટી કાપી
લગ્ન સામગ્રી ચાણુ થઈ અભેચંદને વાતજ કહી
તેને પણ આદરીયું કામ રંગાવ્યા પોતાનાં ધામ
મંડપ રચના કીધી છે ઘણી વાપરી રીધ્ધી છે
ચોઘડીયાં બેસાર્યા ઘેર તે આનંદે વાગ્યાં કરે
ધોળ મંગળ અબળાઓ ગાય છેલ સમોવડ કોય ન થાય
જયાં ત્યા છેલ તણાં વખાણ બત્રીસ લક્ષણો સૌ કરે વાણ
ગામ આખુ સણગાર્યું છેલે જયાં મનમાં ધાર્યું

છેલજે કરે તે થાય ગામ સ્વરગ જેવું સોભાય
આખા ગામમાં રૂષનાઇ વાચટા બાંધયા ત્યાંહી
લગ્નનો દીવસ આવીયો વરઘોડો ત્યાં ચડાવીયો
ચોળી પીઠી કરાવ્યું સ્નાન અતરફુલેલ મેકતુ વન
મુખમાં ત્યાં આપયા તંબોળ અધર સોભતા લાલજચો
તકનો મુકયો છે સામો પેરવ્યો વરને જામો
સુરવાલપણ સોભીનો સલળના ચળતાં ચીતો
મંડીલમાથે મકાવ્યુ તે સૌની ધ્યાને આવ્યુ
હીરા મોતીના ઘાલ્યા હાર દસ આગળી વીટીયો અપાર
કડાં સાંકળા બાજુબંધ હાથે મોતીનો તોરો માથે
હાથમાં આપ્યો કટાર અસ્વ ઉપર થાતા અસ્વાર
કાજુ ટબકુ ગાલે કર્યું પછી બારણે પગલુ ભર્યું
શ્રીફળ મોર હાથમાં લીધ અસ્વ ઉપર તો સ્વારી કીધ
ખુપમાથા પરનાખી લગામ ત્યાં ઝાલી રાખી
વરઘોડો ચાલ્યો ડોળે જેવાજન મળયા ટોળે
સાંરા સારા સેઠ સાઉકાર અકબર પણ આવ્યો તે વાર
હાથમાં કલગીયો લઇ વરઘોડોસૌચાલ્યો તહી
છજે અગાસીને બારી જેવાચડયા છે નરનારી
શુકરૂ ઝાઝા વખાણુ હાવે તો સચકાવું વાણુ
આખા ગામમાં ફેરવીયો ઠરાવ એવો ઠેરવીયો
ગામ બાર અંબામાતા દરસન કરવા ત્યાં જાતાં
દરસન કરી મુકી દક્ષણા પુજારી જય બોલે ઘણા
છેલને માંડવે આવવાવાર પોકવાની આપી ખબર
સઉના મનમાં સરખા કોડ છેલની માતાયે મુકયો મોડ;
ગોરને લઇ દવારે આવ્યા પુખવાનું સાહીત લાવ્યા.
ધુસળ મુસળ રવૈયો ત્રાક ટીલું તાણી ખેચ્યુ નાક
સંપુટ ભાગી અંદર ગયા અમીર ઉમરાવો રાજી થયા
એક પા નર એક પા નારી ગાય આનંદે લક્ષકારી
ચોરી કરાવી સોમતી સારી જણાતી દેખાતી
કન્યા સામી પધરાવી છેલ બેઠો ત્યાં આવી
કેવું દીધું કન્યા દાન નગર શેઠને સંતાન

લગ્ન કેવી રીતે થાય પંડયા ચુનીલાલ મુખે ગાય

રાગ લગ્નનો.

ત્યાતો સમે વરતે સાવધાય સોભા ગણેરીરે
છેલ દેવા બેઠોછે કન્યા દાન સોભા ગણેરીરે
ત્યાંતો પેલું મંગળ વરતાય સોભા ગણેરીરે
પેલે હીરા માણુક મોતી અપાય સોભા ગણેરીરે
ત્યાંતો બીજુ મંગળ વરતાય સોભા ગણેરીરે
બીજે નાગનું દ્રવ્ય અપાય સોભા ગણેરીરે
ત્યાંતો ત્રીજુ મંગળ વરતાય સોભા ગણેરીરે
ત્રીજે નાગનાં પુષ્પો અપાટ સોભા ગણેરીરે
ચોથું મંગળ ચોરીમાં વરતાય સોભાં ગણેરીરે
ચોથે કન્યાનું દાન અપાય સોભા ગણેરીરે
એમ મંગળ વરત્યા છે ચાર સોભા ગણેરીરે
વળતી વરકન્યા જમ્યા કંસાર સોભા ગણેરીરે
પછી ગોત્રજને નમવા જાય સોભા ગણેરીરે
પછી વૃદ્ધ જનોને લાગ્યાં પાપ સોભા ગણેરીરે
ત્યાતો રૂપૈયા વીટીયો રમાય સોભા ગણેરીરે
તેમાં હરાયને જીતાય સોભા ગણેરીરે
પછી જમવાને ઉઠાડી જાન સોભા ગણેરીરે
પેર પેરનાં પીરસ્યા પકવાન સોભા ગણેરીરે
આખા ગામને આમંત્રણ કરીયા સોભા ગણેરીરે
છેલ નામનાં નોતરાં ફરીયાં સોભા ગણેરીરે
જમવા આવ્યા વૃદ્ધ જોબનને બાળ સોભા ગણેરીરે
મુક્યા બાજઠ લોટાને થાળ સોભા ગણેરીરે
તર્ફે તર્ફે બેસારી દીધા સોભા ગણેરીરે
પીરસનારાને ઉભા કીધા સોભા ગણેરીરે
સ્યા સ્યા મેવાને સું મુકયુ અથાણું સોભા ગણેરીરે
તે જીભથકી હું વખાણું કે સોભા ગણેરીરે

ભોજનનો દોહરો

બરફી પેડા અને જલેબી, ધારી ઘેબર તાજા;
સાકરીયા ચણા સુતર ફેણી, લાકડસીને ખાજાં; ૧
મોતી ચુર મહી મગજ મગદળ, મરકી સાડ આંક,
નુકટી વરીયાળી દણા હલવોને કોપરી પાક, ૨
કણસાઇ સાલમ ગુંદરપાક બદામપાક પસાર;
મેસુરપાક માવો મુરબ્બો પરસુલી કંસાર, ૩
માલપુડા સીરો ને સેવો દેથરાનીઠંડ.
ચુરમું ખારો પુરી બાસુદી દુધપાક સીખંડ, ૪
વેઢમી મલાઇ સેવગાંડીયા સંજોરી ડાડમપાક;
મુગા મોગરી રવૈયાં કોળું વાલોળો વંતાક, ૫
તાંદળજો મેથીનીભાજી પુવાડીયાની પુરણ;
લુણી કોથમીર ફુદીનો દાળમાં સવાસેર સુરણ, ૬
કંજરી કુબી સ્તાગું અળવી કાકડીને કંકોડાં;
કારેલાં બટાકા તુરીયાં ગુવાર ફણીને ધીલોડાં, ૭
તડબુચાંને ટેટી પાપડી પરવળને પંડોળાં;
વડકારેલ. વાંકડીયોગવાર ભીડાં ને ભુરાં કોળાં, ૮
દુધી મગફળી કોઠમડાં સાધરીયો સારી સીધ;
ચોળાફળીને ચીભડાં તેનો વઘાર મધ્યે હીંગ, ૯
મીઠાંલીબું ખાટાંલીબુ વાલ વટાણાં ચણા;
ગલકાં કુસ્માંડ તુરીયાં તેમાં મસાલા ઘણા, ૧૦
લીલી ખારેક ને ચારોળી કરમદાને કનસ;
રાજુર અનુંસરાર્મ ફળ બોર ફાલસા ને ફનસ, ૧૧
ખીરાં વડીયો ટીડરવાં કાખંગડાં માહીછે ગાજર ગળીયાં;
સકરીયાં સુનેરીકેળાં કાચા તેલમાં તળીયાં, ૧૨
પાપડને પરદેસી સીઘો અથાડે ને ચનાર;
ગોળ ગલેફાં ગુંદરવડી માહી સાત જાત વધાર ૧૩
જમરૂખ અમર ફળ કરેણી કેરી મહીયાં માખણ બીલી;
આરીયાં આંબલી આદુ અળધર કદળીકેરી ઢાલી, ૧૪
રાજેરી કેળાં ફુટણ બીજોરાં વડી વડી કચોળી;

છુટી લાવસી પપૈયા પસ્તાં માહી છે પુરણ પોળી, ૧૫
લીલાં શ્રીફળ લવીંગ લીમચાં ખીર ખાંડ ફુલ વડી;
ખજુર ખરસવાં ખુમચાં ફરે છુટી દાળને કડી' ૧૬
ગોઇનાં પાનાં અને પતાસાં ગળ કેરી ગળ વાણું;
રાયતી કેરી રાજગરી વળી ઓડવાનું અથાણું ૧૭
સેતુર સેવો ફારસાં ઊમેડાં રાંચુ સીંઘોડાં;
ફુકણી કેળાં કાજુ કળીયા ક્રમ રખ થોડાં થોડાં, ૧૮
ચોટીવા લાડુ ચીકણુ મીઠી દ્રાક્ષ બાર ને ચીરી;
ડાડમ દુધને રૂહી વડાં ભજીયાં મરચાની ચીરી, ૧૯
નીકલાં નારંગીને કોપરાં સરેદાર સેરડી સારી;
વીલાયતી વાલ આંબળાં માંહી ખાડ ખસ ખસની ધારી, ૨૦
રોટલો રોટલી મેથીયા કેરી પીપર કેળાં કાતળી;
જીરા કેરી ગોળચાં આંબળાં નીતો ચીરી પાતળી, ૨૧
કઇડાના ફુલ કાચલી રણુસઇની છુટી ફળી;
ખારાયાં મરીકાં બીરંજ તેમાં તજ જાવત્રી ભળી, ૨૨
પતેડીયાને મીઠા ધુધરા ઢોકળાં ઘોળી જાત;
સરગવા સીંગો ઓરસુઇદડી ઘેસ કમોદનો ભાત, ૨૩
મડઠો કરેલો મીઠો લીમડો ટોડી ડોડાં ઓર;
મેથીના ભજીયાં કેરી કસ્તુરી વળી કોઈ રોટલીને ઠોર, ૨૪
ખીચડીને ચુરમું વળી સાકર ગોળપાપડી;
ભાજી ભાજી ખમણુ ઢોકળાં ચુરમુ મુકયું થાલડી, ૨૫
ભાણામાં બહું સાહીત ભરીયું તેની કયા કહું વાત;
ઝાઝી લવ લવ કર્યા કરૂછો જાયદીન ને રાત, ૨૬

રાગ દોહરો

જાનજ્યારે જમી રહી આપીયા મુખવાસ;
પાન સોપારીને ઇલાયચી સૈની પુરી આસ,
સત્કાર સઉનો ત્યાં કર્યો અતરને ગુલાબ;
વીદાય કરીયા સર્વને જુહાર નોક જવાબ,
પેરામણી આપી ઘણી ઘટે તે પરમાંણુ;
કોઇનું મન નવ દુભવ્યું છેલ ચતુરસ જાણુ.
માગણ ભીક્ષીત બ્રામણો તેને આપ્યા દાન
દીલગીર કોઇને નવ કર્યા સઉનું સમાધાન

સારો દાડો જોઈને વળાવ્યા વરકંન્યાય
ઘટતું છેલે ત્યાં કર્યું જરા નહી અંન્યાય
નાગને ત્યાંથી લાવીયા તે સઊ અર્પણ કીધ
બીજુ આપ્યુ ઘર તણું વધારામાં દીધ
બે નારીના સ્વામીને સુખ થયું ભર પુર
છેલના પ્રતાપથી દુઃખ થયું છે દુર
હજે મજે બેઊ એકઠાં એક એક પર ભાવ
જગતમાં જનમ્યા તણો બંન્ને લેતા લાવ
નારી સાચવી મીત્રનીનત્ર આવી કાંઈ આંચ
નાગ કંન્યા લાવીયો ધન્ય છેલનુ. સાચ
ઘણા વખાણુ મીત્રે કર્યા દુનીયામાં તું એક
મેસ પણ તુજ ગુણનો પામી સકે ન છેક
ઉપકાર કીધો મુજને નહી ભુલું હું ભાઇ
અંબામાં વારે ચડો બે ગયા હરખાઇ
પુરી થઇ આવારતા રચો લીધો ભાઇ બોધ
દ્રષ્ટી જીણીરાંખીને કરજ્યો માંહીથી સોધ
સમજવાતું છે ઘણું વરતો તે પરચાણ
પારકી નારી ગણો અંતરથી સાપાણ
છેલ બુધ્ધીયે ચાલજો એ મારો છે બોલ
તો જગમાં અંમર થસો કરજો મનમા તોલ
મીત્રને બચાવીયો રાખી નારી સાથ
સુખીથી ડરીયો નહી વીચા રજો મન સાથ
એવા મીત્રો કામના બીજાને ધીકકાર
અલ્પ બુધી માહરી મેકર્યો વીસ્તાર
પીગળ કાંઇ ભણો નથી વાંચીયા ગ્રંથ
સઉ કવીજનની મેરથી ચડી ગયો આ પથ
ભુલ ઘણી હાંમાં હસે સુધારજો સ્વજન
હું સાચુ માની ને રાજી રાંખો મન
વાદે ચણા ચાવ્યા ખરા પુરો થયો મુજ સ્લોક
પરમાત્માથી સાચ છે તો ઝખમારે છે લોક
ગુરૂતણી કરમાય કી ગ્રથ રચ્યો સુભ રીત
વીના ગુણીગ્નાન નહી ને નર સુધરે ચીત
જેણે જગતમાં દુર કર્યા તે નર ઊતર્યા પાર

મુજ ગુરૂના નામનો હું કરૂં વીસ્તાર
મેવાડી બ્રામણ હતા (બ્યાસજી) લલ્લુ બાપુ રામ
કથાતણો ધંધો કરે ભેરામનુનામ
ચરણ તેના ચાંપીયા સેવા કરીમે સુધ્ય
કૃપા ગુરૂની મુજપરે તેથી આવી બુધ્ધ
સંવત ઓગણી બાસઠે માર્ગશીરમાસ પાવન
ચતુરથી ભ્રગુવારમેડે કર્યુંમુજ મમાસ પાવન
વ.ત પુરી થઇ તે દીને બંધ કર્યાન
ઇંચ્છા પુરણમાદયરી કીધીશ્રી અ પ્રયાસ
બ્રામણ ઉ.ીચ સ.શ્રેષ્ઠ ધંડયા ાવી નાસ
કથા કરૂ હુ ભાર્તની સા દેવોનેચુનીલાત્ર
વડે.દદુ મુજગાંમ છે સુલતાન પુરૂ મુકામ
.યાસજી સૌ કો કહે મીથયા જગ્તનું નામ
સુત ગોવિંદ રામનો કરગુરૂ કરજોડ
કહે ચુનીલાલ બોલજપો જયજય શ્રી રણછોડ.

સમાપ્ત.

જરા આ તરફ જોશો કે

શું ગાને સસ્તાં પુસ્તકો કયાંથી લેશો

ઠક્કર લલ્લુભાઇ ફકીરભાઇની દુકાનેથી

ઠે (વડોદરા લીમડીચોક) અને (સુરત લીમડીચોક)

બીજુ અમારા છાપેલા પુસ્તકો મળવાના ઠેકાણાં નીચે મુજબ

વડોદરા વ્યાસજી સુનીલાલ ગોવીંદરામને ત્યાં
ઠે. સુલતાનપુરા

અમદાવાદ પટેલ જવેરભાઇ ઉમેદરામ ઠે રીચીરોડ

સુરત ઠક્કર ઇચ્છારામ ફકીરભાઇ ઠે. બુરાનપુરી ભાગોળ